Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

FRIDAY, 19 APRIL, 2024 Vol. 21, No. 16 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### ઈરાન પર હુમલો નહીં કરવાની સુફિયાણી સલાહ આપનાર પશ્ચિમી દેશો પર નેતન્યાહૂ ભડક્યા

# સમય-સ્થળ નક્કી કરી ઈરાન સામે બદલો લઈશું : ઈઝરાયેલ

### હમાસ-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે ઈરાને ઈઝરાયેલ પર ડ્રોન અને મિસાઈલથી હુમલો કરતાં સ્થિતિ ફરી તંગ બની ગઈ

**તહેરીન**

ઈરાન દ્વારા મિસાઈલ અને ડ્રોન હુમલા બાદ ઈઝરાયેલે હજુ સુધી કોઈ સૈન્ય કાર્યવાહી કરી નથી. જોકે, ગામી દિવસોમાં ઈઝરાયેલ તેની જવાબી કાર્યવાહી કરે તેવા સંકેત મળ્યા છે. દરમિયાન, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ નજીકના સાથીઓની સંયમ માટેની અપીલને નકારી કાઢી છે અને કહ્યું છે કે તેમનો દેશ નક્કી કરશે કે ઈરાનના હુમલાનો કેવી રીતે જવાબ આપવો. ઈઝરાયેલે ઈરાનના હુમલાનો જવાબ આપવાનું વચન આપ્યું હતું પરંતુ તે ક્યારે અને કેવી રીતે જવાબ આપશે તે સ્પષ્ટ કર્યું નથી.ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ બુધવારે તેમની કેબિનેટ બેઠકમાં કહ્યું, "હું સ્પષ્ટ કરવા માંગુ છું, અમે અમારા નિર્ણયો જાતે લઈશું." ઈઝરાયેલ પોતાનો બચાવ કરવા માટે જે પણ જરૂરી હશે તે કરશે.'' નોંધનીય બાબત એ છે કે ઈઝરાયલના સાથી



દેશો તેને એવી કોઈપણ પ્રતિક્રિયાથી દૂર રહેવા વિનંતી કરી રહ્યા છે જે સંઘર્ષને આગળ વધારી શકે.

નેતન્યાહૂની ટિપ્પણી બુધવારે બ્રિટન અને જર્મનીના વિદેશ પ્રધાનો સાથેની બેઠક પછી આવી હતી. બ્રિટિશ વિદેશ સચિવ ડેવિડ કેમરન અને જર્મનીના વિદેશ મંત્રી એન્નાલેના બેરબોક ઈઝરાયેલ પહોંચ્યા હતા. બંને નેતાઓએ પીએમ બેન્જામિન નેતન્યાહુ સાથે મુલાકાત કરી હતી. જર્મની અને બ્રિટને ઈઝરાયેલને સંયમ રાખવાની અપીલ કરી છે અને કહ્યું છે કે ઈરાન સાથેની કોઈપણ દુશ્મનાવટ મધ્ય પૂર્વને યુદ્ધમાં ડૂબી શકે છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં ગાઝા પટ્ટી પર શાસન કરી રહેલા હમાસના લડવૈયાઓએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો, જેમાં લગભગ 1200 લોકો માર્યા ગયા હતા અને ઘણાને બંધક બનાવ્યા હતા. તેના જવાબમાં ઈઝરાયેલે સૈન્ય કાર્યવાહી શરૂ કરી જે હજુ પણ ચાલુ છે. આવા સંજોગોમાં મંગળવારે ઈરાને ઈઝરાયેલ પર ડ્રોન અને મિસાઈલથી હુમલો કરતાં સ્થિતિ વધુ વણસી જવાના સંજોગો ઊભા થયા છે. વધુમાં ઈઝરાયેલે પશ્ચિમી દેશોની સલાહ બાદ આકરું વલણ ચાલુ રાખ્યું હતું.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

# બ્રિટનની સંસદમાં 'રામમંદિર' અને 'મણિપુર'નો મુદ્દો ઉછળ્યો

## UKના પૂર્વ વડાપ્રધાને આપ્યું મોટું નિવેદન

**લંડન**



બ્રિટનના વિદેશમંત્રી અને પૂર્વ વડાપ્રધાન ડેવિડ કેમરુને હાઉસ ઓફ લોર્ડ્સને સંબોધી હતી. આ દરમિયાન ભારતના મણિપુરમાં ભડકેલી હિંસા અને અયોધ્યામાં રામમંદિરનો મુદ્દો પણ સંસદમાં ઉછળ્યો હતો. આ અંગે પૂછાયેલા સવાલોનો જવાબ આપતાં પૂર્વ વડાપ્રધાને કેટલીક મહત્ત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી હતી.

ડેવિડ કેમરુને કહ્યું કે મણિપુરમાં ભડકેલી હિંસામાં સ્પષ્ટ રીતે ધાર્મિક પાસા દેખાઈ આવ્યા હતા. મેં મણિપુર અંગે ડેવિડ કેમ્પાનેલના રિપોર્ટનો અભ્યાસ કર્યો હતો. આ રિપોર્ટ 2023માં તૈયાર કરાયો હતો. જેમાં લખ્યું છે કે મણિપુરના લોકો અને પહાડી આદિવાસીઓ વચ્ચે ભલે જાતીય કે આર્થિક વિવાદ થયો હોય પરંતુ આ હિંસા વચ્ચે ચર્ચને કેમ નુકસાન પહોંચાડાયું? આ ઘટનાઓ દર્શાવે છે કે તે સ્પષ્ટ રીતે ધાર્મિક પ્રભાવ ધરાવતી હતી. વધુમાં આ મુદ્દે વિમ્બલડનના સિંહ દ્વારા કહ્યું હતું કે ભારતના બંધારણને ધર્મનિરપેક્ષ કહેવાય છે છતાં અયોધ્યાને કારણે રમખાણો થયા. ખ્રિસ્તીઓ પર અત્યાચાર કરાયા અને શીખોને કહી દેવાયું કે જો તે યોગ્ય વર્તન કરશે તો ઠીક છે નહીંતર તેમને પણ ભાગલાવાદી ગણાવાશે. ચર્ચા વચ્ચે સિંહે ધાર્મિક સ્વતંત્રતાને પ્રાથમિકતા આપવાની અપીલ કરી હતી.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
Our Tour Packages Arranged In Your Budget For:
Caribbean, Canada/USA, India, Europe, Africa, Dubai, Far East
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS
416-977-9896
info@ashoktravel.com www.ashoktravel.com
બુક કરાવો અને સેફ મુસાફરી નો આનંદ મેળવો.

BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban
આપ કે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ટોરોન્ટોમાં 1 ઓગસ્ટથી પાર્કિંગ અંગેના 125 ગુના માટે દંડ વધવાની સંભાવના

## સિટી કાઉન્સિલની બેઠકમાં નિર્ણય, સ્ટાફને છેલ્લાં પાંચ વર્ષના દંડની સમીક્ષા કરવા આદેશ

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં 1લી ઓગસ્ટથી પાર્કિંગના 125 ગુનાઓ માટે દંડ વધારવાનો નિર્ણય સિટી કાઉન્સિલે બુધવારે લીધો હતો. આ મુદ્દે શહેરના સ્ટાફના અહેવાલને ધ્યાનમાં લીધા બાદ બુધવારે મળેલી બેઠકમાં કાઉન્સિલરોએ દંડ વધારવાની તરફેણમાં ભારે મતદાન કર્યું હતું. આ દરખાસ્ત

બાદ શહેરના સ્ટાફને પાંચ વર્ષમાં પાર્કિંગની તમામ દંડની રકમની સમીક્ષા કરવા અને કાઉન્સિલને રિપોર્ટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સ્ટાફે અગાઉ ઊંચા દરોની દરખાસ્ત કરી હતી. પરંતુ મેકકેલ્વીની ગતિએ દંડની કેટલીક રકમમાં સુધારો કર્યો હતો. મેકકેલ્વી જેઓ સ્કારબોરો-રુજ પાર્કનું પ્રતિનિધિત્વ કરે છે, તેમણે જણાવ્યું હતું કે, કાઉન્સિલરોએ શહેરના સ્ટાફને 125 ગુનાઓને સૌથી ગંભીર સેફ્ટી વાયોલન્સમાં વિભાજિત કરવા જણાવ્યું હતું, જેમાંથી 36 ગંભીર છે, અને 39 ઓછા ગંભીર છે. મેકકેલ્વીએ કાઉન્સિલ ચેમ્બર્સને કહ્યું કે, સૌથી ગંભીર ગુનાઓ, જે રાહદારીઓ, સાયકલસવારો અને મોટરચાલકોની સલામતીને ગંભીરપણે અવરોધે છે, તેમાં બાઈક લેનમાં રોકવાનો અને આંતરછેદની ખૂબ નજીક પાર્કિંગનો સમાવેશ થાય છે. ઓછા ગંભીર ગુનાઓમાં મીટર ફીડ કરવા માટે ખૂબ રાહ જોવી અને મંજૂરી ન હોય ત્યારે રાતોરાત પાર્કિંગ કરી દેવા જેવી બાબતનો સમાવેશ થાય છે.

# કેનેડામાં હવે મુસ્લિમોને 'હલાલ લોન' મળશે, ટ્રુડો સરકારની બજેટમાં જાહેરાત

**ટોરન્ટો**

કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારે મંગળવારે વાર્ષિક બજેટ રજૂ કર્યુ છે. જેમાં મુસ્લિમોને ધ્યાનમાં રાખીને એક જોગવાઈ કરવામાં આવી છે.

ટ્રુડો સરકારે બજેટમાં હલાલ મોર્ગેજ એટલે કે હલાલ લોન શરૂ કરવાની જાહેરાત કરી છે. જેની પાછળનો આશય કેનેડાના મુસ્લિમ સમુદાય પર વિશેષ ધ્યાન આપવાનો છે. સાથે સાથે સરકારે બજેટમાં વિદેશીઓ માટે દેશમાં જમીન ખરીદવા પર બે વર્ષનો પ્રતિબંધ મુકવાની પણ જાહેરાત કરી છે. સરકારના હલાલ મોર્ગેજના નિર્ણયની કેનેડામાં ચર્ચા છે.હલાલ મોર્ગેજ ઈસ્લામિક પરંપરાનો ભાગ છે. જેમાં વ્યાજ વસૂલવા પર પ્રતિબંધ હોય છે.

કારણકે યહૂદી અને મુસ્લિમ ધર્મમાં વ્યાજખોરીને પાપ માનવામાં આવે છે. ઈસ્લામિક નાણાકીય સંસ્થાઓ લોન પર વ્યાજ નથી લેતી અને ગેરંટી તરીકે પ્રોપર્ટી મોર્ગેજ કરાવે છે. આ રીતે લેવાયેલી લોન હલાલ મોર્ગેજ તરીકે ઓળખાય છે. આ લોન લેનાર વ્યક્તિ લોન ચૂકવે તે પછી પોતાની ગીરવે મુકેલી પ્રોપર્ટી પાછી મેળવી શકે છે. હાલમાં કેનેડામાં કાર્યરત પાંચ મોટી બેન્કો પૈકી એક પણ હલાલ લોન આપતી નથી.

# કેનેડામાં માર્ચમાં વાર્ષિક ફુગાવાનો દર વધીને 2.9% થયો : અહેવાલ

## નવી સર્જાયેલી પરિસ્થિતિ માટે ગેસોલિનના ઊંચા ભાવ તથા મોરગેજનો વ્યાજ ખર્ચ પણ જવાબદાર પરિબળ

**ઓટ્ટાવા**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાના અહેવાલો મુજબ વાર્ષિક ફુગાવાનો દર ફેબ્રુઆરીની સરખામણીમાં માર્ચમાં ઊંચો નોંધાયો હતો, જે ગેસોલિનના ઊંચા ભાવને કારણે વધ્યો હતો. એજન્સીનું કહેવું છે કે, માર્ચ માટે તેનો ગ્રાહક ભાવ સૂચકાંક એક વર્ષ અગાઉની સરખામણીમાં 2.9 ટકા વધ્યો હતો, જે ફેબ્રુઆરીમાં વર્ષ-દર-વર્ષના 2.8 ટકાથી વધુ હતો. ગેસોલિનના ભાવમાં એક વર્ષ અગાઉની સરખામણીમાં 4.5 ટકાનો વધારો થયો હોવાથી આ વધારો થયો છે, જે વૈશ્વિક તેલના ભાવમાં વધારાને કારણે ઊંચી મદદ કરી હતી. દરમિયાન આશ્રયની કિંમતો એકંદર ફુગાવામાં યોગદાન આપવાનું ચાલુ રાખ્યું છે. કારણ કે, તે એક વર્ષ અગાઉની સરખામણીમાં 6.5 ટકા વધ્યા હતા.

# બ્રામ્પટનના ત્રણ શખ્સ ઉપર યુ.એસ.માં કથિત હથિયારોની હેરફેર અંગેનો આરોપ

## સૈનિકોને ભાડાના વાહનમાં હથિયારો મળતાં જ યુવાન ભાગી છૂટ્યો હતો

**બ્રામ્પટન**

બ્રામ્પટનના ત્રણ લોકો સામે આંતરરાષ્ટ્રીય હથિયારોની હેરફેરમાં સામેલ થવાના કાવતરાના સંબંધમાં યુ.એસ.માં આરોપ મૂકવામાં આવ્યો છે. પેન્સિલવેનિયાના મિડલ ડિસ્ટ્રિક્ટ માટે યુએસ એટર્ની ઑફિસે મંગળવારે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે, આ કેસમાં 25, 34 અને 36 વર્ષની વયના બ્રામ્પટનના ત્રણ લોકોની યાદી છે. ફોર્ટ લૉડરડેલ, ફ્લ.ના 25 વર્ષીય ચોથા વ્યક્તિ સામે પણ આરોપ મૂકવામાં આવ્યો હતો. યુ.એસ. એટર્ની ગેરાર્ડ એમ. કરમના જણાવ્યા અનુસાર બ્રામ્પટનના 25 વર્ષીય યુવકને પેન્સિલવેનિયા સ્ટેટ પોલીસ દ્વારા 2 સપ્ટેમ્બર, 2023ના રોજ ફ્રેન્કલિન કાઉન્ટીમાં પોલીસે રોક્યો હતો. કારણ કે, પોલીસે મોટર વાહનના અનેક ઉલ્લંઘનો નોંધ્યા હતા. 25 વર્ષીય યુવાન કેનેડાથી યુ.એસ.માં ગેરકાયદેસર રીતે હોવાનું કહેવાય છે. જ્યારે સૈનિકોને ભાડાના વાહનમાં હથિયારો મળ્યા, ત્યારે તે કથિત રીતે પગપાળા ભાગી ગયો હતો. વાહન માટે કોર્ટ દ્વારા અધિકૃત સર્ચ વોરંટને કારણે પોલીસે 65 હથિયારો કથિત રીતે કેનેડામાં ગેરકાયદે દાણચોરી કરવા માટે નક્કી કર્યા હતા. તેમાંથી બે હથિયારો સંપૂર્ણપણે સ્વચાલિત હતા.












# ઈઝરાયેલ પર હુમલા બાદ IRGCને આતંકવાદી જૂથ જાહેર કરવા માંગણી




**ટોરોન્ટો**

ઈરાને ઈઝરાયેલ ઉપર હવાઈ હુમલો શરૂ કર્યાના દિવસો પછી કેનેડાના મુખ્ય વિરોધ પક્ષો કહે છે કે, કેનેડા સરકાર માટે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC)ને આતંકવાદી જૂથ જાહેર કરવાનો સમય આવી ગયો છે. સોમવારે સવારે કન્ઝર્વેટિવ સાંસદ ગાર્નેટ જેનુઈસે સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કર્યું હતું કે, પાર્ટી IRGCને આતંકવાદી સંગઠન તરીકે જાહેર કરાવવા તાત્કાલિક કામ કરશે. કલાકો પછી, NDP નેતા જગમીત સિંહે કહ્યું કે પાર્ટી માને છે કે "IRGC એક આતંકવાદી સંગઠન છે. જો કે, સિંહે કહ્યું ન હતું કે તેમનો પક્ષ કન્ઝર્વેટિવ્સના પ્રસ્તાવની તરફેણમાં મત આપશે કે કેમ. બ્લોક ક્વિબેકોઈસે સોમવારે જણાવ્યું હતું કે તે તેની તરફેણમાં મતદાન કરશે. લિબરલ સરકારે વર્ષોથી IRGCને આતંકવાદી જૂથ તરીકે નિયુક્ત કરવાનો પ્રતિકાર કર્યો છે અને દલીલ કરી છે કે, આવા અભિગમથી અર્ધલશ્કરી દળમાં સેવા આપવા માટે ફરજ પાડવામાં આવતા નીચલા સ્તરના લોકોને અસર થઈ શકે છે. શનિવારે ઈરાને ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. જે બાદ ઈઝરાયેલે લગભગ 170 ડ્રોન, 30થી વધુ ક્રુઝ મિસાઈલો અને 120થી વધુ બેલેસ્ટિક મિસાઈલો સાથે કર્યો હતો. ઈઝરાયેલે કહ્યું કે, બહુ ઓછા શસ્ત્રો તે દેશની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓમાંથી પસાર થઈ ગયા છે. સીરિયામાં એપ્રિલની શરૂઆતમાં હવાઈ હુમલામાં ઈરાની કોન્સ્યુલર બિલ્ડિંગની અંદર બે ઈરાની જનરલોના મોત થયા બાદ ઈરાને બદલો લેવાનું વચન આપ્યું હતું. ઈરાને ઈઝરાયેલ પર હુમલા પાછળ હોવાનો આરોપ લગાવ્યો હતો કે, તે ઘટના બાદ ઈઝરાયેલે જવાબદારી સ્વીકારી નથી. ઈરાની હુમલા પછી કેનેડામાં ઈઝરાયેલના રાજદૂત ઈદ્દો મોઈદે ઓટ્ટાવાને કેનેડિયન કાયદા હેઠળ આઈઆરજીસીને આતંકવાદી જૂથ તરીકે સૂચિબદ્ધ કરવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે હોદ્દાને યોગ્ય ઠેરવવા માટે કોઈ વધુ પુરાવાની જરૂર નથી. ફોરેન અફેર્સ મેલાની જોલીએ સોમવારે પત્રકારોને જણાવ્યું હતું કે કેનેડા ઈરાન દ્વારા સપ્તાહના અંતમાં થયેલા હુમલાની નિંદા કરે છે, આ ઘટનાથી તે વિસ્તારમાં તણાવ વધ્યો છે.










તંત્રી સ્થાનેથી

# ચૂંટણી પહેલાં રૂપાલાના બફાટથી રાજ્યમાં ક્ષત્રિય સમાજનો મોરચો



તંત્રી - સ્વદેશ

ભાજપના રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ હરખપદુડા થઈને એક જ્ઞાતિને ખુશ કરવા માટે આપેલા નિવેદનથી નારાજ રાજપૂત સમાજ ગુજરાતમાં છેલ્લાં એક મહિનાથી મોરચો માંડીનો બેઠો છે. ભડકી ઉઠેલા રાજપૂત સમાજની માંગણી છે કે, રાજકોટ બેઠક પરથી ભાજપે રૂપાલાને ચૂંટણી નહીં લડાવે. .બીજી તરફ ભાજપના મોવડી મંડળે આ મુદ્દે હજી સુધી કોઈ નિર્ણય લીધો નથી. જેને કારણે આ મુદ્દો હવે બંને પક્ષ માટે પ્રતિષ્ઠાનો બની ગયો છે. રવિવારે રાજકોટના રતનપરમાં મળેલા ક્ષત્રિય મહાસંમેલનમાં ક્ષત્રિય આગેવાનોએ ફરી પોતાની માંગ દોહરાવતીને રાજકોટમાં ભાજપ રૂપાલા સિવાય અન્ય કોઈને પણ ચૂંટણીના મેદાનમાં ઉતારે તેવી અપીલ કરીને સાથે અલ્ટિમેટમ પણ આપ્યું હતુ. કેટલાક આગેવાનોએ તો ત્યાં સુધી કહ્યું કે, જો યોગ્ય નિર્ણય નહીં થાય તો લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં તમામ 26 લોકસભા બેઠકો ઉપર રાજપૂત સમાજના લોકોને ભાજપની વિરુદ્ધ મતદાન કરવા હાંકલ કરાશે. ક્ષત્રિય આગેવાનોએ હુંકાર કર્યો હતો કે, અમારે જેટલાં આવેદનો આપવાનાં હતાં, એટલાં આપી દીધા છે. ઉપરાંત સુરેન્દ્રનગર અને ભાવનગર જેવી ક્ષત્રિયોની નોંધપાત્ર વસતી ધરાવતી બેઠકો પર ક્ષત્રિય મતદારો એક થઈને અન્ય પક્ષને મત આપશે. હવે આર યા પારની લડાઈ છે. એટલું જ નહીં, રતનપરના મહાસંમેલનમાં લાખોની સંખ્યામાં ઉમટી પડતા આગેવાનોનો ઉત્સાહ બેવડાયો છે. હવે ગુજરાતની તમામ 26 બેઠકો પર ક્ષત્રિય સમાજ ઓપરેશન રૂપાલા ચલાવવાનો હોવાથી દરેક બેઠક પર પાંચ લાખ મતની સરસાઈનો ભાજપનો લક્ષ્યાંક પૂર્ણ થશે નહીં.

ભાજપે ક્ષત્રિયોના હુંકાર સામે કોઈ પ્રતિક્રિયા નથી આપી. પણ રૂપાલા નહીં બદલાય એવું સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. રાજકોટના સંમેલન બાદ પરષોત્તમ રૂપાલાએ 16 એપ્રિલને મંગળવારે ઉમેદવારી પણ નોંધાવી દીધી હતી. આ સંજોગોમાં હવે ક્ષત્રિય સમાજ પાસે લડી લેવા અને ભાજપને પોતાની તાકાત બતાવવા સિવાય બીજો વિકલ્પ રહ્યો નથી. આમ તો છેલ્લાં પખવાડિયાથી રાજ્યભરમાં રાજપૂત સમાજ આંદોલન કરી રહ્યો છે. ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો બાદ હવે ભાજપની સભાઓ અને મીટીંગોમાં પણ ભવાઈ થઈ રહી છે. કહેવાય છે કે, ભાજપના ઉચ્ચ હોદ્દા પર બેઠેલાં નેતાઓના મતે ગુજરાતમાં ભાજપને પછાડી શકે તેવી સ્થિતિ રાજપૂત સમાજની નથી. ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો પર નહીં, પણ પાંચ-સાત લોકસભા બેઠક પર પણ તેમના વિરોધની અસર થશે નહીં. ભાજપ ઘણાં સમયથી ગુજરાતમાં સત્તા પર છે અને જ્ઞાતિના સમીકરણો પણ બહું સારી રીતે જાણે છે. ભાજપે ક્ષત્રિય સમાજને અવગણીને રૂપાલાને મહત્વ આપ્યું, તેનો અર્થ એ થયો કે, ક્ષત્રિય સમાજ પોતાને કશું નુકસાન કરી શકે એવી સ્થિતિમાં નથી એવું ભાજપને લાગે છે.

આ ઉપરાંત રવિવારના સંમેલન પછી રાજપૂત આંદોલન કરનારાઓ વચ્ચે પણ મતભેદ હોવાની વાતો વહેતી થઈ છે. રાજકીય જાણકારોના મતે ગુજરાતમાં જ્ઞાતિના આધારે બનેલી મોટી મતબૅન્કોમાં ક્ષત્રિય સમાજ ક્યાંય આવતો નથી. ગુજરાતમાં સૌથી મોટી મતબૅન્ક ઓબીસી મતદારોની છે. ગુજરાતની વસતીમાં ઓબીસી મતદારોનું પ્રમાણ 50 ટકાની આસપાસ છે. ઓબીસી મતદારો અલગ અલગ જ્ઞાતિઓનો બનેલો છે. ઓબીસી મતદારોમાં પણ સૌથી વધારે મતદાર કોળી અને ઠાકોર સમાજના લોકો છે. ગુજરાતના કુલ મતદારોમાં 22 ટકા કોળી હોવાનું કહેવાય છે. જ્યારે ઠાકોર સમાજના મતદારોની સંખ્યા 15 ટકાની આસપાસ છે. તેથી ગુજરાતના ત્રણેય મુખ્ય પક્ષો ઓબીસીને સૌથી વધારે સાચવે છે.

ગુજરાતમાં મીડિયાનો એક વર્ગ ફલાણી બેઠક ઉપર 50 ટકા ક્ષત્રિય મતદારો છે અને આ બેઠક પર 60 ટકા ક્ષત્રિય મતદારો છે એવી વાતો ફેલાવીને ક્ષત્રિયોની વસતી મોટા પ્રમાણમાં છે એવી ગેરસમજ ફેલાવે છે. પણ હકીકત તેનાથી વિપરીત છે. રૂપાલા સામે પડેલા ક્ષત્રિય રાજપૂત સવર્ણ એટલે કે જનરલ કેટેગરીમાં આવે છે. વાસ્તવમાં ગુજરાતની વસ્તીમાં પાટીદારોની સંખ્યા લગભગ 20 ટકા હોવાથી વર્ષોથી સ્થાનિક રાજકારણમાં તેનું પ્રભુત્વ રહ્યું છે. જ્યારે આદિવાસીઓ લગભગ 14 ટકા છે. આ ઉપરાંત મુસ્લિમ વસતી લગભગ 10 ટકા છે. જ્યારે દલિત સમાજની વસતી લગભગ સાત ટકા છે. ક્ષત્રિય સમાજ આ બધાં પછી આવે છે. ક્ષત્રિય નેતાઓનો દાવો છે કે, તેમની વસ્તી આઠ ટકા જેટલી છે. પણ વાસ્તવમાં ગુજરાતમાં ક્ષત્રિય સમાજની વસતી પાંચ ટકાની આસપાસ છે. ગુજરાતની સાત કરોડથી વધુની વસ્તીમાં રાજપૂત-ક્ષત્રિય સમાજની વસતી 35 લાખની આસપાસ છે.

ગુજરાતમાં ક્ષત્રિયોની વસતી ઓછી છે તેથી તેમનો રાજકીય પ્રભાવ પણ નહિવત છે. કચ્છ, સુરેન્દ્રનગર અને ભાવનગર જેવી લોકસભા બેઠકો પર ક્ષત્રિયોની નોંધપાત્ર વસતી છે, પણ આ વસતી એટલી નથી કે, ભાજપના ઉમેદવારને હરાવી શકે કે કૉંગ્રેસના ઉમેદવારને જીતાડી શકે. ભાવનગર અને કચ્છ લોકસભા બેઠકમાં લગભગ ત્રણ લાખ જેટલા ક્ષત્રિય મતદારો હોવાનું મનાય છે. જ્યારે સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય મતદારોની સંખ્યા બે લાખની આસપાસ હોવાનું મનાય છે. આ સિવાય મહેસાણા, સાબરકાંઠા, જામનગર, આણંદ, ભરૂચ, ગાંધીનગર, અમદાવાદ લોકસભા બેઠકો પર ક્ષત્રિય રાજપૂત મતદારોની સંખ્યા એક લાખથી બે લાખની વચ્ચે હોવાનું મનાય છે. એક લોકસભા બેઠક પર 20 લાખથી વધારે મતદારો હોય છે એ જોતાં બે લાખ મતદારો સાગમટે એક તરફ ઢળે તો પણ પરિણામ પર ઝાઝી અસર ન પડે. આ કારણે જ ભાજપ ક્ષત્રિય સમાજની માંગ અંગે ગંભીર નથી. ભાજપ લોકસભાની ચૂંટણીમાં ભલે આ પ્રકારનું ગણિત માંડે પરંતુ આ સમાજ વધુ સમય નારાજ રહે તો સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તેની માઠી અસર વર્તાઈ શકે છે. કારણે કે તે ચૂંટણીમાં વિસ્તાર બહું નાનો હોય છે. બીજી બાજુ ભાજપના આ પ્રકારના વલણ પછી ક્ષત્રિય સમાજ માટે વટનો સવાલ છે. જો કે, ભાજપને તે કઈ રીતે મુશ્કેલીમાં મુકી શકે તે માટે તેના આગેવાનોએ ચોક્કસ રણનીતિ ઘડવી પડે તેમ છે. આગેવાનોનો દાવો છે કે, ભાજપના આ વલણની અસર ગુજરાત ઉપરાંત રાજસ્થાન, એમપી અને યુપીમાં પણ પડશે. જો કે, આવા સમીકરણો વચ્ચે ગુજરાતમાં રાજપૂત સમાજ માટે રાહતની વાત એ છે કે, કૉંગ્રેસે પરેશ ધાનાણીને રાજકોટ લોકસભા બેઠક પરથી ઉતાર્યા છે. રૂપાલા સામે ધાનાણી ચોક્કસ જ મજબૂત ઉમેદવાર મનાય છે. ધાનાણી લેઉઆ પાટીદાર અને રૂપાલા કડવા પાટીદાર છે. રાજકોટ મત વિસ્તારમાં ચાર લાખ લેઉવા પટેલ અને એક લાખ કડવા પટેલ મતદારો છે. ક્ષત્રિય આગેવાનો તમામ જ્ઞાતિજનો પાસે ધાનાણીની તરફેણમાં એકતરફી મતદાન કરાવે અને લેઉવા પાટીદારો ધાનાણીની પડખે રહે તો ભાજપનો ગઢ ગણાતા રાજકોટમાં રૂપાલા માટે મોટી મુસીબત ઉભી થઈ શકે છે.

manoj1968@yahoo. ca






# રાજપીપળામાં યુવાનની હત્યાના કેસમાં પ્રેમિકા અને બીજા પ્રેમીને આજીવન કેદ

## યુવાનને શરીર સંબંધ બાંધવા બોલાવ્યા બાદ ગળે ટુંપો આપી મોતને ઘાટ ઉતાર્યો હતો

**રાજપીપલા**

રાજપીપળામાં વાઘેથા ગામે પ્રેમીને શરીર સંબંધ બાંધવા બોલાવી બીજા પ્રેમી સાથે મળી ૪ વર્ષ પહેલા કરાયેલી હત્યાના બનાવમાં નર્મદા કોર્ટે પ્રેમિકા અને તેના બીજા પ્રેમીને આજીવન કેદની સજા ફટકારી છે.

રાજપીપળાનો પરિણીત યુવાન સુનિલ ઉમંગ વસાવા ૧૫મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ હું મારા મિત્રને મળી થોડીવારમાં આવું છું એમ કહી એક્ટિવા પર નીકળ્યા બાદ તે લાપત્તા થઈ ગયો હતો. બીજા દિવસે સવારે તેની એક્ટિવા રાજપીપળા એસટી ડેપો પરથી મળી હતી અને બાદમાં તેની લાશ નાંદોદ તાલુકાના વાઘેથા ગામના એક ખેતરમાંથી મળી હતી.

પોલીસ તપાસમાં અજાણ્યો યુવાન અને યુવતી રાજપીપળા એસટી ડેપો પર એક્ટિવા મૂકતા જણાયા હતા. જેને આધારે ફૂટેજમાં દેખાતા વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના દામાપુરા ગામના અને હાલ નાંદોદ તાલુકાના વાઘેથા ગામમાં રહેતા જયદીપસિંહ બળવંતસિંહ માંગરોલા અને ૩ મહિનાથી એની સાથે રહેતી વાઘેથા ગામની યુવતી નયના ગોવિંદ વસાવાને ઝડપી ઉલટ તપાસ હાથ ધરી હતી. નયના અને સુનિલ વચ્ચે આડાસબંધ હતા જેથી તેની પાસે પૈસા પડાવવાનો પ્લાન બનાવી જયદીપ સાથે નૈનાએ કાવતરું રચી સુનિલને ફોન કરી તા.૧૫મીએ રાત્રે શારીરિક સંબંધ બાંધવા બોલાવ્યો હતો. રાત્રે સુનિલ-નૈના ખેતરમાં એકાંત માણતા હતા ત્યારે નૈનાના સાથીદાર જયદીપસિંહે પાછળથી સુનિલને માથામાં પથ્થર મારી બેભાન કરી દોરી વડે ગળે ટૂંપો આપી મારી નાખ્યો હતો.

# ડિંડોલીના વેપારીને નફાની લાલચ આપી પિતા-પુત્રએ 25 લાખ પડાવ્યા

**સુરત**

ડીંડોલી-નવાગામમાં પ્રોવિઝન સ્ટોર ચલાવતા તપધારીસિંઘ જબ્બરસિંઘ રાઠોડનો વર્ષ 2017 માં સંબંધી ભવરસિંહ રાઠોડે તેના મિત્ર જ્યંતિ શંભુ પટેલ સાથે પરિચય કરાવ્યો હતો. જ્યંતિએ પોતે દલાલ અને તેના પુત્ર પ્રવિણ જ્યંતિ પટેલ સાથે અમદાવાદ ખાતે ખેતીવાડી પ્રોડક્ટનું વેચાણ કરી કંપની ધરાવે છે. જે પૈકી બ્રીઓ એગ્રી પ્રોડ્યુસર કંપનીમાં પોતે ડાયરેક્ટર છે અને ભવરસિંહ કંપનીનો એજન્ટ છે. જ્યંતિએ તપધારીસિંઘને કહ્યું હતું કે જો અમારી કંપનીમાં રોકાણ કરશો તો ટુંક સમયમાં 70 થી 80 ટકા નફો થશે. જેથી ત્રણથી ચાર ગણા નફાની લાલચમાં તપધારીસિંઘે રૂ. 12 લાખ આપ્યા હતા અને તેની સામે ડાયરી પણ બનાવી આપી હતી.

એકાદ વર્ષ બાદ વળતરની માંગણી કરતા જ્યંતિએ રૂ. 12 લાખની સામે રૂ. 17 લાખ મળશે અને તમે હજી વધુ રોકાણ કરો એવું કહેતા તપધારીસિંઘે વધુ રૂ. 13 લાખ મળી કુલ રૂ. 25 લાખનું રોકાણ કર્યુ હતું. રોકાણ કરતી વખતે ભવરસિંહે એવું કહ્યું હતું કે જો રૂપિયા પરત નહીં મળે તો ગામની જમીન વેચાણ કરીને રૂપિયા પરત આપીશ. પરંતુ જ્યંતિ અને પ્રવિણે કોઈ વળતર આપ્યું ન હતું.

# સુરતના દેરાસરની દાનપેટીમાંથી બે લૂંટારૂઓ 45 હજાર લૂંટી ગયા

**સુરત**

કડોદરા રોડ વેડછા પાટિયા નજીક સાંઈકૃપા માર્બલની સામે નવકારધામ જૈન દેરાસરમાં શનિવારે વહેલી સવારે બે લૂંટારૂ ત્રાટકયા હતા. લૂંટારૂઓ સિક્યુરિટી ગાર્ડ ઈરભાનનું મોંઢુ દબાવી અને પગ પકડીને દેરાસરના ગર્ભગૃહની પાછળ લઈ ગયા હતા. જયાં ઈરભાનને નીચે સુવડાવી એક લૂંટારૂ તેની છાતી ઉપર બેસી તેનો મોબાઈલમાંથી સીમકાર્ડ કાઢીને લઈ લીધો હતો અને ચપ્પુ વડે બાનમાં લઈ `હમ જો કર રહે હે, વો કરને દો, ચુપચાપ રહના વરના ઘુસા દુંગા`. જેથી ઈરભાન ડરી ગયો હતો અને બીજા લૂંટારૂએ ગર્ભગૃહની અંદર દાનેપેટી તોડી તેમાંથી રૂ. 40 થી 45 હજારની મત્તા લૂંટી લાલ કલરનો થેલો અને લોખંડનો પાના જેવું સાધન લઈને બહાર નીકળી મૈને પૈસા નિકાલ લીયા હે એમ કહી ઈરભાનને દેરાસરની બહાર લઈ ગયા હતા. જયાં લમ્બુ કહા હે એમ કહેતા ઈરભાને તેના સાથી સિક્યુરીટી ગાર્ડ શેરસીંગ ભેરૂસીંગ રાજપૂતની રહેણાંક રૂમ બતાવતા એક લૂંટારૂ રૂમમાં ઘુસી ગયો હતો. જયાં નિંદ્રાધીન શેરસીંગના માથામાં લોખંડનું પાનું મારી ગંભીર ઈજા પહોંચાડી મોબાઈલ લૂંટી લીધો હતો અને ત્યાર બાદ શેરસીંગ અને ઈરભાનને રૂમમાં ગોંધીને ભાગી ગયા હતા.

# સુરતમાં ૫૫૦ અને ગુજરાતમાં ૬૦૦૦થી વધુ લોકો હિમોફિલિયાના રોગથી પીડાય છે

## સિવિલમાં એક વર્ષમાં હિમોફીલિયાના દર્દીઓને અંદાજિત 5 કરોડ ઇન્જેક્શન અપાયા

**સુરત**

હીમોફીલિયા લોહીનો વારસાગત રોગ છે. જેમાં લોહી ગંઠાવાની પ્રક્રિયામાં ખામીયુક્ત હોય છે. જ્યારે આ બિમારી અંગે જાગૃતિ આવે તે માટે દર વર્ષે ૧૭ એપ્રિલના રોજ વિશ્વ હિમોફિલિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે. જોકે સુરતમાં ૫૫૦ થી વધુ વ્યક્તિ હિમોફિલિયાની બીમારીથી પીડાઈ છે. તો કે સિવિલ હોસ્પિટલમાં હિમોફિલિયા સેન્ટરમાં એક વર્ષમાં અંદાજિત પાંચ કરોડ ફેક્ટર એટલે ઈન્જેક્શન દર્દીઓને આપવામાં આવ્યા હતા.

હીમોફીલિયા લોહી ગંઠાવાની પ્રક્રિયામાં ખામી છે. જોકે ફેક્ટર આઠની ખામીને હીમોફીલિયા એ કહેવાય છે અને સેક્ટર ૯ ની ખામીને હીમોફીલિયા બી કહેવાય છે. જ્યારે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં હીમોફીલિયા સેન્ટરમાં ૫૫૦ વ્યક્તિઓ સારવાર માટે આવે છે. જેમાં ૩૫૦ દર્દી રેગ્યુલર સારવાર માટે આવતા હોય છે. જેમાં હીમોફિલિયા એના ૨૪૫, હીમોફિલિયા બીના ૪૩ અને અન્યના ૪૪ દર્દી છે. ભારતમાં અંદાજિત પાંચ લાખ વ્યક્તિઓ છે. જોકે ગુજરાતમાં છ હજાર વ્યક્તિઓ અને સુરતમાં ૫૫૦ થી વધુ વ્યક્તિઓ હીમોફીલિયાથી પીડાઈ રહ્યા છે. જેમાં ૯૦થી૧૦૦ બાળકોનો સમાવેશ થાય છે. નવી સિવિલ હોસ્પિટલના હિમોફીલિયા સેન્ટરમાં છેલ્લા એક વર્ષમાં ૨૦૦ થી વધુ દર્દીઓ અવારનવાર સારવાર માટે આવ્યા હતા. આ દર્દીઓને સારવાર માટે ખૂબ ઉપયોગી વિવિધ પ્રકારના ફેક્ટર એટલે ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

-: શુક્રવાર :-
રાજસ્થાની થાળી
દાલબાટી-ચુરમો

-: શનિવાર :-
સુરતી જમણ
ઉંધિયું, રબડી-બાસુંદી

-: રવિવાર :-
કાઠિયાવાડી ભોજન
બાજરીના રોટલા, રીંગણનો ઓળો, સેવ-ટામેટાં

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH
840 Markham Road
416-438-0544

BRAMPTON
90 Eastern Ave Unit 20B
905-799-0013

THORNHILL
1470 Centre Street Unit 13
905-597-5777

PICKERING
512 KINGSTON RD. UNIT 2,
905-839-3277

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અકસ્માતમાં 10નાં મોત

વડોદરા

અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર ટ્રેલર અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમાં 10 લોકોના કરૂણ મોત થયા છે. અમદાવાદ-વડોદરા હાઈવે પર ટ્રેલર પાછળ કાર ઘુસી જતા કારમાં રહેલા તમામ લોકોના મોત નિપજ્યા છે.

સ્થાનિક સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ બુધવારે કાર વડોદરાથી અમદાવાદ તરફ જતી હતી,તે સમયે આ ઘટના બની હતી. અકસ્માત સર્જાતા તાત્કાલિક રાહદારીઓએ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જેના પગલે 108 ની બે એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી. આ સાથે જ એક્સપ્રેસ હાઈવેની પેટ્રોલિંગની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. દુર્ઘટનાગ્રસ્ત થયેલી અર્ટિગા કાર અમદાવાદ પાસિંગની છે. આ કારનો નંબર GJ-27-EC-2578 છે. કરણ ગીરીશભાઈ બ્રહ્મભટ્ટના નામ પર કારનું રજીસ્ટ્રેશન છે.



કાર વડોદરાથી અમદાવાદ તરફ જઈ રહી હતી ત્યારે અકસ્માત થયો હતો. અકસ્માતને પગલે વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર ટ્રાફિકજામ થયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે અર્ટિકા કારના પતરા કાપીને મૃતદેહો બહાર કાઢવા પડ્યા હતા. અકસ્માતના કારણે ઘટના સ્થળે જ આઠ લોકોના મોત થયા હતા જ્યારે અન્ય બે લોકોના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોતને ભેટ્યા છે. ૯ મૃતકની ઓળખ થઈ છે. યોગેશભાઈ નરેન્દ્રભાઈ પંચાલ, અમદાવાદના તો સુરેન્દ્રસિંહ રાવત, રાજસ્થાન (ડ્રાઈવર) છે. જ્યારે નીલકુમાર મુકેશકુમાર ભોજાણી, વડોદરાના છે ત્યારે જયશ્રીબેન મનોજભાઈ મિસ્ત્રી, વડોદરા રહેવાસી છે. તેમજ વાપીના એક જ પરિવારના ત્રણ લોકો, જેમાં સોલંકી અમિત મનોજ, ઉષાબેન અમિત સોલંકી, દક્ષ અમિત સોલંકીના મોત થયા છે, જ્યારે શાહબુદ્દીન અબ્દુલશકર અંસારી મુંબઈના હોવાની સામે આવી છે. હેતિક સોની, ડીસાના રહેવાસી હોવાની વિગતો સામે આવી છે.

## વડોદરા- યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવા મુદ્દે 2 વિદ્યાર્થી વચ્ચે તકરાર થતા હત્યા

વડોદરા

વડોદરામાં મંગળવારે બે મિત્રો વચ્ચે યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવાના મુદ્દે સાધારણ બોલાચાલી થયા બાદ સગીર વયના વિદ્યાર્થીએ તેના મિત્રની હત્યા કરી હોવાનો બનાવ બનતા પોલીસે હત્યારાની અટકાયત કરી છે. ગોત્રીના અયોધ્યા નગરમાં રહેતો દિશાંત રાજપુત નામનો 19 વર્ષનો યુવક ગઈકાલે રાત્રે દિવાળીપુરા કોર્ટ સામે નિસર્ગ કોમ્પ્લેક્સ પાસે હતો તે દરમિયાન તેને મળવા આવેલા સગીર મિત્ર સાથે કોઈ કારણસર બોલાચાલી થઈ હતી. પ્રાથમિક તબક્કે મળતી માહિતી મુજબ યુવતી સાથે ફ્રેન્ડશીપ રાખવાના મુદ્દે સાધારણ બોલાચાલી થઈ હતી અને ત્યારબાદ દિશાંત ઉપર સગીર મિત્રએ હુમલાનો પ્રયાસ કરતા દિશાંતે દોટ મૂકી હતી. તેની પાછળ સગીર મિત્ર દોડ્યો હતો. આ દ્રશ્ય કોઈએ નજરે પણ જોયું હતું. થોડીવાર બાદ સગીર પરત ફર્યો હતો અને ચાલ્યો ગયો હતો. જ્યારે દિશાંતની છાતીમાં ઘા મારેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ થતા અકોટા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર સહિતનો સ્ટાફ દોડી આવ્યો હતો અને હત્યાના કેસ સંદર્ભે ગુનો નોંધવાની તજવીજ કરી હત્યાના આરોપસર સગીર મિત્રની અટકાયત કરી હતી.

## ગુજરાતના અબજોપતિ ઉદ્યોગપતિએ કરોડોની સંપત્તિનું કર્યું દાન, પતિ અને પત્ની લેશે સંન્યાસ

હિંમતનગર

ગુજરાતના હિંમતનગરમાં રહેતા અબજોપતિ ઉદ્યોગપતિ ભાવેશ ભાઈ ભંડારીની કહાની આજે ગુજરાતમાં ચર્ચાનો વિષય બની છે. પછી તે સોશિયલ મીડિયા હોય કે લોક જીભે. ગુજરાતના આ અબજોપતિએ પોતાની આખી જિંદગીની કમાણી એટલે કે તેમની સમગ્ર સંપત્તિ દાનમાં આપીને સન્યાસ લેવાનો નિર્ણય કર્યો છે. ભાવેશ ભંડારી અને તેની પત્નીએ જૈન ધર્મમાં દીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. જૈન ધર્મમાં દીક્ષા લેવાનો અર્થ છે સન્યાસ લેવો એટલે કે ભૌતિક જગતથી દૂર



રહેવું અને સંતની જેમ માનવ કલ્યાણ માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરવું. ભાવેશ ભંડારી અને તેમની પત્નીએ સંન્યાસ લેતા પહેલાં તેમની જીવનભરની કમાણી એટલે કે રૂ. 200 કરોડની સંપત્તિ દાન કરી દીધી છે. ન્યૂઝ રિપોર્ટમાં કહેવામાં આવી રહ્યું છે કે આ કપલને બે બાળકો પણ છે. એક પુત્ર અને એક પુત્રી. પુત્ર અને પુત્રીએ પણ બે વર્ષ પહેલા સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો હતો. હવે તેમના બાળકોની જેમ તેમના માતા અને પિતાએ પણ સંન્યાસ લેવાનો નિર્ણય લીધો છે.

ભાવેશભાઈનો જન્મ ગુજરાતના હિંમતનગરના એક સમૃદ્ધ પરિવારમાં થયો હતો. તેઓ કન્સ્ટ્રક્શન સહિત અનેક પ્રકારના ધંધાઓ ચલાવતા હતા. તેમનો કન્સ્ટ્રક્શન બિઝનેસ ખૂબ જ સારો ચાલતો હતો. જો કે, હવે તેમણે તમામ કામ અને વ્યવસાયથી પોતાને દૂર કરી દીધા છે.

## વડોદરાના કરજણમાં મંદિર નજીકથી રિક્ષા જવામાં નડતી કાર હટાવવાને પ્રશ્ને ધીંગાણું

### સામાન્ય બાબતે તકરાર બાદ બંને પક્ષના લોકોએ લાકડીથી ફટકા માર્યા, અનેક ઘાયલ

વડોદરા

કરજણમાં શનિદેવ મંદિર પાસે કેનાલની બાજુમા આવેલા રોડ પરથી અહેસાન તથા તેમના ઘરના સભ્યો રિક્ષા લઈ ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારે શનિદેવના પૂજારી રાજુ ભરવાડ મહારાજે તેમની ઈકો ગાડી મંદિર પાસે મૂકી હતી અને તેની બાજુમાં બીજી એક ફોરવ્હીલ પડી હતી. તેને કારણે રીક્ષા નીકળી શકે તેમ ન હતી. તેથી અહેસાને મંદિરના પૂજારીને કાર હટાવવા માટે કહ્યું હતું. ત્યારે પૂજારી બહાર આવ્યા હતા અને અહેસાને ગમે તેમ ગાળો બોલવા માંડ્યા હતા અને કહ્યું હતું કે મારી ગાડી નહીં હટે તારે જવું હોય તો જા. કહી ગાલ પર થપ્પડ મારી ઝઘડો કર્યો હતો. તેથી અહેસાનના રિક્ષામાં બેઠેલા પરિવારના સદસ્યો ઉતરીને બહાર આવ્યા હતા. અને મહારાજને કહેવા લાગ્યા હતા કે કેમ ઝઘડો કરો છો તે સમયે અહેસાનનો ભાણિયો માહિરઅલી તેના ઘરેથી બાઈક લઈ આવ્યો હતો અને અહેસાનના નાનાભાઈ એજાજઅલીને મૂકવા જતો હતો. તે બંને ત્યાં આવીને ઝઘડાનો વીડિયો બનાવવા લાગ્યા હતા. દરમિયાન કેનાલના નાળા પર બેઠેલા દસ વ્યક્તિ ત્યાં ધસી આવ્યા હતા અને માહિરઅલીને તું કેમ મોબાઈલમાં વિડીયો બનાવે છે કહી ઝઘડો કર્યો હતો અને મંદિરમાંથી બીજા દસ માણસો આવ્યા હતા અને જગદીશ ભરવાડ લોખંડની પાઈપ વડે માહિર અલીને ફટકા માર્યા હતા. ઝાલા ભરવાડે લાકડી વડે અહેસાનના બનેવી હૈદરઅલી અને બેન રહીશબાનુને માર્યા હતા.

## પેટલાદની નૂરી મસ્જિદ પાસે બે જૂથ વચ્ચે મારામારીમાં 5ને ઈજા

આણંદ

પેટલાદના રીફાકતઅલી રીયાસતઅલી સૈયદ ગઈકાલ રાત્રીના સુમારે નૂરી મસ્જિદ નજીક મોટરસાયકલ ઉભું રાખીને મોબાઈલ પર વાત કરતા હતા. ત્યારે સાહીદઅલી ઉર્ફે સયા ઝાકીરઅલી સૈયદ અને તેનો ભાઈ જાઈદઅલી ઉર્ફે જાવા રીક્ષા લઈને આવી પહોંચ્યા હતા. અને બાઈક આગળ ઉભી રાખતા રીફાકતઅલી નીચે પડી ગયા હતા અને ઈજાઓ થઈ હતી. જેથી રીફાકતઅલીએ રીક્ષા જોઈને ચલાવવાનું કહેતા સાહીદઅલીએ તું મહિલા સાથે ફોન પર કેમ વાતો કરે છે તેમ કહી બોલાચાલી કરી હતી.

પોલીસ મથકે ફરીયાદ કરવા નીકળી ગયો હતો. દરમ્યાન બંને ભાઈઓએનું ઉપરાણું લઈ નગીન રહીમખાન પઠાણ, આસીમખાન ઉર્ફે ચકો સગીરખાન પઠાણ અને મોઈન પઠાણ લાકડીઓ લઈને રીફાકતઅલીના ઘરે પહોંચ્યા હતા અને તેની બહેનોને ગડદાપાટુનો માર માર્યો હતો. આ ઝઘડામાં ઈઝહાર વચ્ચે પડતા તેને લાકડીથી માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.સામા પક્ષે જાઈદઅલીએ નોંધાવેલ ફરિયાદ મુજબ રીફાકતઅલી સૈયદ, રીયાસતઅલી સૈયદ અને ઈરફાન સૈયદે જૂના ઝઘડાની રીસ રાખી ગમે તેમ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો.

## વાઘોડિયા બેઠક પરથી વિધાનસભા પેટા ચૂંટણીમાં ત્રિપાંખીયો જંગ જામશે

વડોદરા

વાઘોડિયા બેઠક પર પૂર્વ ધારાસભ્ય અને દબંગ નેતા મધુ શ્રીવાસ્તવ અપક્ષ તરીકે ચૂંટણી લડવાની સોશિયલ મીડિયા પર જાહેરાત કરી છે જ્યાં ભાજપ કોંગ્રસ પછી અપક્ષ પણ ઉમેદવારી નોંધાવશે. અપક્ષ તરીકે લડનાર મધુ શ્રીવાસ્તવને અન્ય સમાજ અને ક્ષત્રિય સમાજ મતદાન કરે તો જીત પણ મળી શકે છે.વાઘોડિયા વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપે પૂર્વ અપક્ષ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાને મેદાને ઉતાર્યા છે, તો બીજી તરફ છેલ્લા 40 વર્ષથી કોંગ્રેસમાં કાર્યરત છે તેવા કનુભાઈ ગોહિલને કોંગ્રેસના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. મધુ શ્રીવાસ્તવ છેલ્લા 6 ટર્મ સુધી સતત વાઘોડિયા બેઠક પર ચૂંટતા આવ્યા અને વર્ષ 2022માં ભાજપ પક્ષમાંથી ટિકિટ ન મળતા અપક્ષ તરીકે ચૂંટણી લડી હારી ગયા હતા.

## કેનેડામાં પીઆરને નામે આણંદના દંપતી પાસેથી 40 લાખ પડાવી લેવાયા

આણંદ

વલ્લભવિદ્યાનગર ખાતે મહીવાસમાં કર્મ બંગ્લોઝ ખાતે રહેતા અને જિમ ધરાવતા ચિરાગ પટેલે પોલીસને કહ્યું છે કે, કેનેડામાં રહેતા મારા પરિચિત મારફતે ફેબ્રુઆરી-૨૦૨૨માં વડોદરાના અલકાપુરી રોડ ખાતે આર એમ ઈમિગ્રેશન નામની ઓફિસ ધરાવતા રોનક શાહ અને તેના પાર્ટનર મિત વિમલ પાઠકનો સંપર્ક થયો હતો. બંને પાર્ટનરે ૬૫ હજાર કેનેડિયન ડોલરમાં મને અને મારી પત્નીને કાયમી સેટ કરી આપવાની ખાતરી આપી ડોક્યુમેન્ટ લીધા હતા. આ માટે કેનેડિયન ડોલરનું પેમેન્ટ અમદાવાદના યુસીઆઈ ઈમિગ્રેશનના સંચાલક ગૌરવ રમેશભાઈ પટેલ અને કૌશલ પટેલને આપવા કહ્યું હતું. જેથી માંડમાંડ વ્યવસ્થા કરી ડોલર તેમજ રૂપિયા મળી કુલ રૂ. ૪૦ લાખથી વધુ રકમ ચૂકવી હતી. ચિરાગભાઈએ કહ્યું છે કે, મારી પત્નીના નામે નોમિનેશન લેટર અને જોબ ઓફર લેટર આવ્યા હતા. પરંતુ અમને મોકલવામાં નહિં આવતા હોવાથી તપાસ કરાવતાં ઉપરોક્ત એજન્સી પાસે ઈમિગ્રેશનનું લાયસન્સ નહિં હોવાની અને અમારી ફાઈલ બે વર્ષ માટે બેન થઈ ગઈ હોવાની માહિતી મળી હતી.

## ગાંધીનગરમાં કોંગ્રેસના કાર્યકરોને ડરાવાયા છે : ઉમેદવાર સોનલનો આરોપ

ગાંધીનગર

ગાંધીનગર બેઠક પર સોનલ પટેલનો મુકાબલો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામે છે. આ દરમિયાન 62 વર્ષીય નેતા સોનલ પટેલે કહ્યું કે તેમને ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહ સામે આગામી ચૂંટણી લડવામાં બિલકુલ હિચકિચાટ નથી. સોનલ પટેલ કે જેઓ ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના સેક્રેટરી અને પશ્ચિમ મહારાષ્ટ્ર માટે પાર્ટીના મુંબઈના સહ-પ્રભારી છે, તેમણે દાવો કર્યો હતો કે સત્તા વિરોધી લહેર યથાવત છે કારણ કે ભાજપ લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહી છે. સોનલ પટેલે શાસક પક્ષ (ભાજપ) પર તેમના મતવિસ્તારમાં કોંગ્રેસના કાર્યકરોને ડરાવવાનો પણ આરોપ લગાવ્યો અને ચૂંટણી લડવા માટે એક સમાન તકની માંગ કરી હતી.

# ડે. કલેક્ટરની ઓળખ આપી 13.47 લાખના દાગીના ખરીદીને છેતરપિંડી

## બેંકમાં જમા કરાવાયેલો ચેક બાઉન્સ થયો : ગુનો દાખલ

**ગાંધીનગર**

ગાંધીનગર શહેરના સેક્ટર ૭ એમાં પ્લોટ નંબર ૨૨૮-એ ખાતે રહેતા અને સેક્ટર ૨૩માં શ્રીજી ગોલ્ડ નામની જ્વેલર્સની દુકાન ચલાવતા નરેન્દ્ર ટકુભાઈ બાબરીયાએ ફરિયાદ નોંધાવી હતી કે, ગત ૫ સપ્ટેમ્બરના રોજ તેઓ તેમની જ્વેલર્સની દુકાનમાં હાજર હતા તે વખતે એક બહેન અને ભાઈ તેમની દુકાનમાં આવ્યા હતા. ત્યારબાદ આ મહિલાએ પોતે હેતલબેન પટેલ ડેપ્યુટી કલેક્ટર હોવાની ઓળખ આપી હતી અને તેમના પતિ સંજયભાઈ પટેલ ડેરીમાં મેનેજર તરીકે નોકરી કરતા હોવાનું કહી પોતે કુડાસણની સમન્વય રેસીડેન્સીમાં મકાન નંબર સી-૧૦૪માં રહેતા હોવાનું જણાવ્યું હતું અને સોનાની ખરીદી કરવા માટે આવ્યા હોવાનું કહેતા દુકાનના કર્મચારીઓ દ્વારા તેમને અલગ અલગ દાગીના બતાવવામાં આવ્યા હતા.

આ દરમિયાન તેમણે ૭.૭૧ લાખ રૂપિયાના ૧૨૫ ગ્રામ દાગીના ખરીદ્યા હતા અને જે પેટે એસબીઆઈ બેન્કનો ચેક આપ્યો હતો ત્યારબાદ ફરીથી ૮ સપ્ટેમ્બરના રોજ આ બંને વ્યક્તિઓ દુકાન ઉપર પહોંચ્યા હતા અને વધુ દાગીનાની જરૂરિયાત હોવાનું કહેતા તેમને દાગીના બતાવવામાં આવ્યા હતા અને ૫.૭૬ લાખ રૂપિયાના દાગીના ખરીદ્યા હતા. જે પેટે પણ ચેક આપવામાં આવ્યો હતો. જોકે તેમણે આ બંને ચેક તે ફોન કરીને કહે પછી જમા કરાવવાનું કહેતા વેપારીએ વિશ્વાસ રાખ્યો હતો. જો કે પંદર દિવસ બાદ વેપારી દ્વારા ફરીથી ફોન કરવામાં આવતા તેમણે બેંકમાં પ્રોબ્લેમ હોવાનું કહ્યું હતું. જો કે રૂપિયા નહીં મળતા વેપારી દ્વારા ઉઘરાણી કરવામાં આવી હતી અને ઘરે જઈને તપાસ કરતા ઘર પણ બંધ હતું. આખરે બેંકમાં ચેક જમા કરાવતા તે બાઉન્સ થયો હતો. જેથી વેપારીને છેતરાયાનો અહેસાસ થતાં આ મુદ્દે સેક્ટર ૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

# સયાજીમાં કોરોનાની સારવાર વેળા ૬૫ વર્ષના વૃદ્ધાનું મોત

**વડોદરા**

સયાજી હોસ્પિટલમાં કોવિડની સારવાર લેતા ૬૫ વર્ષના વૃદ્ધાનું મોત થયું છે. હાલમા સયાજીમાં કોરોનાનો એક દર્દી સારવાર લઈ હેઠળ નથી. શહેરના નાગરવાડા વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષના વૃદ્ધાને ઝાડા ઉલટી થતા સારવાર માટે ફતેગંજ વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ૧૦ દિવસ પૂર્વે દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓને શ્વાસ લેવામાં તકલીફ થતા તબિયત વધારે બગડી હતી.

તેઓનો કોરોનાનો ટેસ્ટ કરાવવામાં આવતા પોઝિટિવ આવ્યો હતો. જેથી, તેઓની કોવિડની સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ, તબિયતમાં સુધારો નહીં થતા ગત તા.૫ મી એ સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓને હાર્ટ અને કિડનીની પણ બીમારી હતી. વેન્ટિલેટરના સપોર્ટ પર રહેલા વૃદ્ધાનું મંગળવારે બપોરે મોત નિપજ્યું હતું. આમ વડોદરામાં શંકાસ્પદ કોરોનાના દર્દીનું લાંબા સમય બાદ મોત થયું છે.

# જીમ ટ્રેનર સતિષને ૧૦ લાખનું દેવું થઇ જતા મર્ડર-લૂંટનો પ્લાન ઘડ્યો

## માતા - પુત્રની હત્યાના ગુનામાં ધરપકડ કરી રિમાન્ડ લેતી પોલીસ : દાગીના તેમજ રૂપિયા રિકવર કરવામાં આવશે

**વડોદરા**

જીમ ટ્રેનરે ઉછીના રૂપિયા મિત્રને પરત આપવા ના પડે તેમજ મિત્રના દાગીના લૂંટીને ગીરવે મૂકી અન્ય લોકોનું દેવું ચૂક્તે કરવા માટે અગાઉથી જ મર્ડરનો પ્લાન બનાવ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

તરસાલી સુશેન રીંગ રોડ પર મોતી નગરમાં રહેતા જૈમિન વિનોદભાઈ પંચાલની હત્યા કરી લાશ કેનાલમાં ફેંકી દેનાર તેના મિત્ર અને જીમ ટ્રેનર સતિષ મોતીભાઈ વસાવા તથા તેની માતા આઠુબેનની મકરપુરા પોલીસે ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા છે.

પોલીસે હાથ ધરેલી તપાસમાં એવી વિગતો પ્રકાશમાં આવી હતી કે, જૈમિન અગાઉ જીમમાં જતા હતો ત્યારે તેની ઓળખાણ જીમમાં ટ્રેનિંગ આપતા સતિષ વસાવા સાથે થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા પણ થઈ હતી. સતિષ વસાવાએ તરસાલી વિસ્તારના જીમને ચલાવવા માટે લીધું હતું. પરંતુ, તેમાં તેને ખોટ જતા તેણે મિત્રો પાસેથી ઉછીના રૂપિયા લેવાનું શરૂ કર્યુ હતું. તેના કારણે સતિષ વસાવાને ૧૦ લાખનું દેવું થઇ ગયું હતું. તેણે જૈમિન પાસેથી પણ એક થી દોઢ લાખ લીધા હતા. જેની ઉઘરાણી જૈમિન કરતો હોવાથી સતિષે જૈમિનનો કાંટો કાઢવાનો પ્લાન બનાવ્યો હતો. આ ઉપરાંત જૈમિનને સોનાના દાગીના પહેરવાનો પણ શોખ હતો. જેથી, સતિષે પ્લાન ઘડી કાઢ્યો કે, સતિષનું મર્ડર કરી લાશ સગેવગે કરી દઈ તેના દાગીના લૂંટીને વેચી દઈ દેવું સરભર કરી દઈશ. તેણે જૈમિનને દારૂ પીવડાવી મોતને ઘાટ ઉતાર્યા પછી તેના શરીર પરથી સાતથી આઠ તોલાના દાગીના ઉતારી લીધા હતા. સતિષે આ દાગીના ખાનગી ફાઈનાન્સ કંપનીમાં મૂકી ૨.૩૦ લાખ લીધા હતા. જોકે, સતિષ આ દાગીના વેચી પણ શકતો હતો. પરંતુ, તેણે ગીરવે કેમ મૂક્યા ? તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# માતા બની કુમાતા..! જામનગરના ધુતારપર ગામમાં જનેતાએ 3 માસુમો સાથે કૂવો પૂર્યો

જામનગર

જામનગરના ધુતારપર ગામમાં ખેતમજૂરી કરતી એક મહિલાએ તેના ત્રણ સંતાનોને કૂવામાં ફેંકી પોતે પણ કૂવામાં ઝંપલાવી દેતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. જામનગર ફાયર બ્રિગેડના જવાનો દ્વારા ત્રણેય માસૂમ સાથે માતાનો મૃતદેહ કૂવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ પણ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરના ધુતારપર ગામમાં રહેતા દિનેશ કોટડીયાની વાડીમાં મધ્યપ્રદેશના ખેતમજૂરનો પરિવાર રહેતો અને ખેતમજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. માતા સંગીતાબેને આજે તેમની પાંચ વર્ષીય પુત્રી મમતા, 3 વર્ષીય પુત્રી અંજલી અને ૯ માસનો પુત્ર શોધનને કૂવામાં નાખ્યા બાદ પોતે પણ કૂવામાં ઝંપલાવી દીધું હતું. ઘટના અંગે ગામના સરપંચને જાણ કરાયા બાદ ફાયરબ્રિગેડને જાણ કરાતા ફાયરની ટીમે ઘટનાસ્થળ પર પહોંચી એક બાદ એક ચારેયના મૃતદેહોને બહાર કાઢ્યા હતા.

ઘટનાની જાણ થતાં પંચકોશી એ-ડિવિઝન પોલીસ મથકનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. હજુ સુધી સામુહિક આપઘાત કરવા પાછળનું કારણ જાણવા નથી મળ્યું. હાલ તો પોલીસે નિવેદન નોંધવા સહિત આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સમગ્ર મામલે પીએસઆઈ અરવિંદ પટેલે જણાવ્યું હતું કે, જામનગર તાલુકાના ધુતારપર ગામે મૂળ મધ્યપ્રદેશની મહિલા ખેતમજૂરે પોતાના ત્રણ બાળકોને કૂવામાં ફેંકી પોતે પણ કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યો છે. હાલ ચારેયના મૃતદેહોને બહાર કાઢી પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# જસદણમાં પ્રેમપ્રકરણમાં મદદગારીની શંકાએ યુવકનું અપહરણ : ડામ દીધા

રાજકોટ

જસદણ તાલુકાના ગોડલાધાર ગામે રહેતા પરબતભાઈ ભીમાભાઈ માનખોલીયા (ઉ.વ.40) નામનો યુવાન બપોરના બે વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હતો ત્યારે ભુપત તેના ભત્રીજા કિશન અને યોગેશ સહિતના શખ્સોએ પરબત માનખોલીયાને કારમાં બેસાડી ગોડલાધાર ગામે ભુપતની વાડીએ લઈ જઈ ધોકા વડે માર માર્યો હતો અને કોસ વડે ડામ દીધા હતા.

જે બાદ યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે જસદણ પોલીસને જાણ કરતા જસદણ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં હુમલાખોર ભુપતની પુત્રીને તેના જ ગામનો દીપક કોળી એક વર્ષ પૂર્વે ભગાડી ગયો હતો જે પ્રેમ પ્રકરણમાં પરબત માનખોલીયાએ મદદગારી કરી હોવાની શંકાએ કારમાં અપરણ કરી લઈ જઈ માર મારી ડામ દીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જસદણ પોલીસે આક્ષેપના પગલે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરના 3 શખ્સ 1 કરોડથી વધુના ડ્રગ્સના જથ્થા સાથે ઝબ્બે

જામનગર

નશીલા પદાર્થ સામે ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર ચેકિંગ વધારવામાં આવ્યું છે, જેમાં બનાસકાંઠા જિલ્લાની અમીરગઢ ચેકપોસ્ટ પર ચેકિંગ દરમિયાન જામનગર પાસિંગની એક ક્રેટા કારમાંથી 1 કિલોથી વધુ મેથાએમ્ફેટામાઈન નામનું ડ્રગ્સ ઝડપાયું છે. આ અંગેની માહિતી અનુસાર, અમીરગઢ ચેકપોસ્ટ પર પોલીસ ચેકિંગ કરી રહી હતી ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલી જામનગર પાસિંગની એક ક્રેટા કારની તલાશી લેતા તેમાંથી 1047 ગ્રામ મેથાએમ્ફેટામાઈન નામનું ડ્રગ્સ મળી આવ્યું હતું. 1 કરોડથી વધુની કિંમતના ડ્રગ્સ સાથે ઝડપાયેલા ત્રણેય લોકો જામનગરના હોવાનું સામે આવ્યું છે.

આ સાથે જ ડ્રગ્સનો જથ્થો ક્યાં અને કોના કહેવા પર મંગાવવામાં આવ્યો તેના અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ હાલ ત્રણેયની પૂછપરછ કરવામાં આવી રહી છે. જામનગર પાસિંગની ક્રેટા કારમાંથી ડ્રગ્સ સાથે જે ત્રણ શખ્સો ઝડપાયેલા છે તેઓના નામ ઈસરાકભાઈ બ્લોચ, સોહેલ સંધી અને અસલમ અબ્દુલસત્તાર દરજાદા છે. જેના સાથે જ તમામ શખ્શો જામનગર શહેરના રહેવાસી હોવાનું પણ સામે આવ્યું છે.

# બાયડમાં ગ્રાઈન્ડર મશીન વડે પત્નીનું ગળું કાપી હત્યા બાદ પતિની પણ આત્મહત્યા

બાયડ

બાયડના નવા ઉટરડા ગામે એક નિવૃત્ત શિક્ષક વિષ્ણુભાઈ પ્રજાપતિ અને તેના પત્ની લક્ષ્મીબેન પ્રજાપતિ રહેતા હતા. તેઓને સંતાનમાં બે પૂત્રો છે. જેમાં મોટો પૂત્ર દીપેશ અમદાવાદ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે અને બીજો પણ ખાનગી સંસ્થામાં નોકરી કરે છે. વિષ્ણુભાઈ પ્રજાપતિ અને તેના પત્ની લક્ષ્મીબેન પ્રજાપતિ સોમવારે રાતના સમયે ગામમાં ભજનનો કાર્યક્રમ હોવાથી ભજનમાં ગયા બદ મોડી રાત્રે ઘરે પરત આવ્યા હતા. વહેલી સવારે મોડા સુધી ઘરનું બારણું ના ખોલતાં બાજુવાળાઓએ બારીમાંથી નજર કરી તો લક્ષ્મીબેનનો મૃતદેહ લોહીથી લથપથ હાલતમાં અને ગળું કપાયેલી હાલતમાં જોવા મળ્યો હતો. જ્યારે નિવૃત્ત શિક્ષક વિષ્ણુભાઈ પ્રજાપતિનો મૃતદેહ ઘરમાં જ લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. પડોશીઓએ સમગ્ર ઘટના બાબતે આંબલિયારા પોલીસને જાણ કરી અને તેમના પુત્રોને પણ જાણ કરી હતી. આંબલિયારા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ કરતાં લક્ષ્મીબેનના મૃતદેહ પાસે ગ્રાઈન્ડર મશીન લોહીવાળું પડેલું હતું અને વિષ્ણુભાઈની લાશ પણ લટકતી હાલતમાં જણાઈ આવી હતી. વિષ્ણુ પ્રજાપતિએ પહેલાં તેમની પત્નીનું ગ્રાઈન્ડર મશીનથી ગળું કાપીને હત્યા કરી બાદમાં પોતે પણ લટકી જઈ જીવન ટૂંકાવી દીધું હતું. બંનેના મૃતદેહની બાજુમાં પેનથી લખેલી ચિઠ્ઠી મળી આવી છે, જેમાં લખેલું છે કે, મારી શારીરિક તબિયત સારી ના હોવાથી મેં આ પગલું ભર્યું છે. એમાં કોઈનો વાંક નથી. એ સિવાય ચિઠ્ઠીમાં જમીન, મકાન અને મિલકત બાબતની હકિકત પણ જણાવેલી હતી. અંબાલિયારા પોલીસે મૃતકોના પુત્ર દીપેશ પ્રજાપતિની ફરિયાદ આધારે વિષ્ણુ પ્રજાપતિ સામે પત્નીની હત્યાનો અને પોતે આત્મહત્યા કરી તેનો ગુનો નોંધ્યો છે.

# ભાવનગર સનેસ પાસે ટ્રકની હીટ એન્ડ રન પિતા-પુત્ર સહિત 7 કચડાઈ ગયા, 3ના મોત

## 4ને ઈજા, મહેમદાબાદથી 40 શ્રધ્ધાળુનો સંઘ રાજપરા ખોડિયાર મંદિરે જતા હતા

ભાવનગર

ખેડા જિલ્લાના વરસોલા તાલુકાના મહેમદાબાદ ખાતેથી ગત તા.૯-૪-૨૦૨૪ના રોજ ૪૦ જેટલા શ્રધ્ધાળુઓનો પદયાત્રા સંઘ ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના રાજપરા ગામે આવેલ સુપ્રસિદ્ધ રાજપરા ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરવા નીકળ્યો હતો. દરમિયાનમાં ઉતારાથી હજુ પોણો કલાક જેટલું જ ચાલીને અમદાવાદ-ભાવનગર હાઈવે પર આવેલા સનેસ ગામે પહોંચતા અહીં ખોડિયાર હોટલ ખાતે ચા-પાણી પીવા માટે પદયાત્રિકોએ ટૂંકું રોકાણ કર્યું હતું. ચા-પાણી પીધા બાદ સાત-સાતના ગુરૂપમાં પદયાત્રિકો રોડની સાઈડમાં ડાબી બાજુના સફેદ પટ્ટાની અંદર ચાલીને સનેસ પોલીસ સ્ટેશનથી માઢિયા તરફ જવા નીકળ્યા ત્યારે પરોઢિયાના સમયે સવારે ૪ કલાકના અરસામાં પાછળથી યમદૂત બનીને આવી રહેલ ભાવનગર પાસિંગનો ટ્રક નં.જીજે.૦૪.એક્સ.૬૮૬૬ના ચાલકે સાત પદયાત્રીને અડફેટે લઈ કચડી નાંખી ટ્રક લઈ શખ્સ નાસી ગયો હતો. આ ગોઝારા અકસ્માતની ઘટનામાં ઈજા પામેલા સાતેય શ્રધ્ધાળુને ૧૦૮ મારફતે ગાબડતોડ ભાવનગરની સર તખ્તસિંહજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર ઈજા પામેલા ધીરૂભાઈ ઉર્ફે ચંગભાઈ ઉદેસંગભાઈ ગઢવી (ઉ.વ.૬૦), તેમનો પુત્ર વિજયદાન ધીરૂભાઈ ગઢવી (ઉ.વ.૩૫, રહે, બન્ને ચંદ્રાસણ, તા.કડી, જિ.મહેસાણા) અને પ્રતાપસિંહ ભીમસિંહ ચૌહાણ (ઉ.વ.૩૦, રહે, વરસોડા ગામ)ને ગંભીર ઈજા થતાં તેમના કરૂણ મોત થયા હતા.

# રાજકોટ ખાતે પોલીસે ઢોર માર મારતાં યુવાનનું મોત, મૃતદેહ લેવાનો ઈન્કાર

રાજકોટ

ગોંડલ રોડ પર આંબેડકરનગરમાં હત્યાનો ભોગ બનનાર હમીર ઉર્ફે ગોપાલભાઈ રાઠોડ રહેતા હતા. તેના પત્ની ગીતાબેને પોલીસને જણાવ્યું કે ગઈ તા.૧૪ના રોજ રાત્રે રાજુ સોલંકી અને તેના પુત્ર જયેશને પાડોશીઓ સાથે ઝઘડો થયો હતો. જેથી જયેશ તેના પતિને ઘરે બોલાવવા આવ્યો હતો અને કહ્યું કે ગોપાલકાકા મારી સાથે ચાલો, અમારે પાડોશીઓ સાથે ઝઘડો થયો છે, તમે આવો તો સમાધાન થઈ જશે.

આ વાત સાંભળી તેના પતિ સાથે ગયા હતા. પંદરેક મિનિટ પછી તેના પુત્ર અરમાને ઘરે આવી કહ્યું કે પોલીસની ગાડી આવી હતી અને પપ્પાને મારતા મારતા ગાડીમાં બેસાડી લઈ ગઈ છે. જેથી તેના સાસુ કેશુબેન અને પાડોશીઓ પોલીસ મથકે ગયા હતા. રાત્રે પાડોશી નાનજીભાઈ તેના પતિને એકટીવા પર બેસાડી ઘરે લઈ આવ્યા હતા. અર્ધબેભાન હાલતમાં આવેલા તેના પતિ સૂઈ ગયા હતા. જે બીજા દિવસે તેની તબિયત લથડતાં હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબે હેમરેજ જેવી ઈજા હોવાનું જણાવ્યું હતું. મોત થયા બાદ ખાનગી હોસ્પિટલની બહાર ચકકાજામ સર્જયા બાદ લાશ લેવા પરિવારે ઈન્કાર કરતાં દોડધામ મચી ગઈ હતી.

**અનોખા લગ્ન** જૂની પુરાણી માન્યતાઓનું ખંડન કરીને અંધશ્રદ્ધા નાબૂદ કરવા માટે અનોખો પ્રયાસ

# ગુજરાતમાં અનોખો લગ્નપ્રસંગ યોજાયો : કાળા કપડામાં જાનૈયા, સ્મશાનમાં ઉતારો અને વર-કન્યાના ઊંધા ફેરા

રાજકોટ

રાજકોટનાં કોટડાસાંગાણી તાલુકાનાં રામોદમાં રામનવમીનાં રોજ અનોખા લગ્ન યોજાયા હતા. જેમાં કાળા કપડામાં સજ્જ જાનૈયાઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોટડા સાંગાણી તાલુકાના, રામોદ ગામમાં રાઠોડ પરિવારને ત્યાં અનોખો પ્રસંગ નાટ્યાત્મક સ્વરૂપમાં યોજાયો હતો. કોટડાસાંગાણી તાલુકાનાં રામોદમાં રામનવમીનાં રોજ અનોખા લગ્ન યોજાયા. જેમાં કાળા કપડા પહેરીને આવેલા જાનૈયાઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રામોદ ગામના વતની મનસુખ ગોવિંદભાઈ રાઠોડ પરિવારે સદીઓથી ચાલી આવતી માન્યતા-પરંપરાને કોરાણે રાખીને સ્મશાનમાં વરરાજા તમેજ જાનેયા સહિત પરિવારને ઉતારો આપી, કુરિવાજોને તિલાંજલિ આપવાનો પ્રયાસ એક લગ્નના આયોજનમાં કરાયો હતો. જેમાં કન્યા પક્ષના મોભીઓએ કાળા વેશ પરિધાનમાં જાનૈયાનું સ્વાગત કરી સ્મશાનમાં ઉતારો અપ્યો હતો.. બૌધ્ધ સાથે વિજ્ઞાન જાથાની વિચારધારાને અનુલક્ષીને લગ્ન સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં રામોદ ગામની પાયલના લગ્ન જયેશ સરવૈયા સાથે કરવામાં આવ્યા હતાં. જેમાં કમર કોરડાગામથી રામોદ ખાતે જાનનું આગમન થયું હતું. આ જાનને કોઈ વાડીમાં નહીં પણ સ્મશાનમાં ઉતારો આપવામાં આવ્યો હતો. આ લગ્નઆઆ લગ્ન કોઈ મુહૂર્ત અને ચોઘડિયા વગર થયા હતા. આ વેળા વર અને કન્યાએ ઉધા ફેરા લીધા હતા. લગ્ન દરમિયાન વરરાજાનું સ્વાગત કન્યા પક્ષના લોકોએ કાળા વસ્ત્રો ધારણ કરીને ભૂત જેવો પહેરવેશ ધારણ કરીને કર્યું હતું. હતો. સાથે વર કન્યા લગ્ન મંડપમાં સપ્તપદીના બદલે બંધારણનાં સોગંદ લીધા હતા.

# સુરેન્દ્રનગરના ભાજપના ઉમેદવાર ફોર્મમાં ફસાયા : દર્શાવેલી ડિગ્રી અંગે સવાલો

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરમાં ભાજપના ઉમેદવારે ભરેલા ઉમેદવારી ફોર્મના બાયોડેટામાં અલગ અલગ ડિગ્રી દર્શાવ્યાનો આક્ષેપ સામે આવી રહ્યો છે. ભાજપના ઉમેદવાર ચંદુભાઈ શિહોરાએ તેમના બાયોડેટામાં તેમની ડિગ્રી બી.ઈ.સિવિલ એન્જિનિયર દર્શાવી હતી. ઉમેદવારી ફોર્મ ભરતી વખતે તેમણે રજૂ કરેલા સોગંદનામામાં ધોરણ ૧૨ પાસ હોવાનો ઉલ્લેખ કર્યો હતો. આ મામલો સામે આવતાં જ કોંગ્રેસે આરોપ મૂક્યો કે ડિગ્રી ન હોવા છતાં ચંદુભાઈએ પોતાને એન્જિનિયર ગ્રેજ્યુએટ દર્શાવ્યો હતો. જોકે વિવાદ વધતાં ભાજપ ઉમેદવાર ચંદુભાઈએ ખુલાસો કર્યો કે તેમણે બી.ઈ.સિવિલ એન્જિનિયર તરીકેનો અભ્યાસ પૂર્ણ નથી કર્યો. એટલા માટે તેમણે ઉમેદવારી ફોર્મમાં ધોરણ ૧૨ પાસનો ઉલ્લેખ કર્યો હતો.



# મોટાભાગનાં બોલીવૂડ કપલ વચ્ચે સાચો પ્રેમ નથી, બધા ઢોંગ કરે છે

મુંબઈ: બોલીવૂડનાં મોટાભાગનાં કપલ વચ્ચે ખરેખર પ્રેમ છે જ નહીં પરંતુ તેઓ એક ચોક્કસ સર્કિટમાં રહેવા, ફિલ્મો અને એન્ડોર્સમેન્ટ મેળવવા તથા પબ્લિસિટી ખાતર પ્રેમનો ઢોંગ કરે છે અને સાથે હરવાફરવાનાં તથા ડેટિંગના નાટકો કરે છે એમ નોરા ફતેહીએ જણાવ્યું છે. નોરા ફતેહીએ એક પોડકાસ્ટમાં કહ્યું હતું કે આ યુગલો જાહેરમાં જે પ્રેમ દર્શાવે છે તે વાસ્તવમાં બનાવટ છે. તેઓ બહુ ગણતરીબાજ છે. લોકો દેખાડા માટે પ્રેમ સંબંધ બાંધે છે અને દેખાડા માટે જ કે પછી પાવર કપલ તરીકે નેટવર્કિંગ અને એન્ડોર્સમેન્ટ માટે લગ્ન પણ કરી લે છે. નોરાએ કહ્યું હતું કે આ બધુ પૈસા અને લોકપ્રિયતા મેળવવા માટે થતું હોય છે. અહીં યુવક અને યુવતીઓ પૈસા, લોકપ્રિયતા અને પાવર માટે પોતાનું જીવન બરબાદ કરી નાખતી હોય છે. તેઓ એવા પુરુષ સાથે લગ્ન કરતા હોય છે લગ્ન પછી પણ પ્રેમ નથી કરતા હોતા પરંતુ વરસો સુધી સાથે રહેતા હોય છે. રણબીર કપૂર માટે અગાઉ એમ કહેવાતું હતું કે તે તેની દરેક ફિલ્મની હિરોઈન સાથે પ્રેમનું નાટક કરતો હતો. સોનમ કપૂર, નરગિસ ફખ્રી, કેટરિના કૈફ ,દીપિકા પાદુકોણ એમ બધી જ હિરોઈન સાથે તેના અફેરની અફવા ક્યારેક ને ક્યારેક ચગી હતી.



# મૃણાલ ઠાકુરે ફિલ્મ દીઠ ફી ત્રણ કરોડથી વધારી પાંચ કરોડ કરી

મુંબઈ: મૃણાલ ઠાકુરે તેની ફિલ્મ દીઠ ફી ત્રણ કરોડથી વધારીને પાંચ કરોડ કરી દેતાં સાઉથ તથા બોલીવૂડના નિર્માતાઓ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા છે. મૃણાલની ફિલ્મ 'ફેમિલી સ્ટાર' તાજેતરમાં જ રીલિઝ થઈ છે. આ ફિલમ ટિકિટબારી પર બહુ સારો દેખાવ કરી શકી નથી. આમ છતાં પણ તેણે તેની પાસે નવા પ્રોજેક્ટની દરખાસ્ત લઈને જતા નિર્માતાઓને પાંચ કરોડની ફી જણાવી છે. મૃણાલ ઠાકુર 'સીતા રામમ' ફિલ્મથી સમગ્ર ભારતમાં જાણીતી બની છે. આ ફિલ્મમાં તેની એક્ટિંગ બહુ વખણાઈ હતી. તે પછી સાઉથમાં તેની 'હાય નન્ના ' ફિલ્મ પણ હિટ થઈ હતી. એક ટીવી એક્ટ્રેસમાંથી ફિલ્મ અભિનેત્રી બનેલી મૃણાલ ઠાકુરની કારકિર્દીની પ્રગતિ નોંધપાત્ર રહી છે પરંતુ હાલ અચાનક જ ફી વધારો કરી દેવાનું તેનું પગલું આશ્ચર્યજનક હોવાનું બોલીવૂડના ટ્રેડ વર્તુળોએ જણાવ્યું હતું.

# 'કોઈના બાપની ઇન્ડસ્ટ્રી નથી...' નેપોટિઝમ પર બોલી વિદ્યા બાલન



વિદ્યા બાલનની એક્ટિંગ સફર લોકપ્રિય સિરિયલ 'હમ પાંચથી' શરુ થઇ હતી. ત્યારબાદ બોલિવૂડમાં પોતાની ઓળખ ઉભી કરવા તેને ખૂબ જ મહેનત કરી હતી. હાલ વિદ્યાની પ્રતિક ગાંધી સાથે એક ફિલ્મ 'દો ઔર દો પ્યાર' આવી રહી છે, તે દરમિયાન એક ઈન્ટરવ્યુમાં કોઈપણ કનેક્શન વગર ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં ટોચ પર પહોંચેલી અભિનેત્રીએ નેપોટિઝમ વિશે ખુલીને વાત કરી હતી.

આગામી ફિલ્મ 'દો ઔર દો પ્યાર' બેવફાઈની આસપાસ ફરતી ફિલ્મ છે. તેના પ્રમોશન વખતે, વિદ્યાએ બોલિવૂડમાં ચર્ચિત વિષય નેપોટિઝમ વિષે વાત કરી હતી. મીડિયા સાથેની વાતચીત દરમિયાન, જ્યારે વિદ્યાને પૂછવામાં આવ્યું કે શું તેમને ક્યારેય આનો ભોગ બનવું પડ્યું છે, તો આ પ્રશ્નના જવાબમાં અભિનેત્રીએ કહ્યું કે, "મને ક્યારેય ખબર નહોતી કે આ પ્રશ્નનો જવાબ કેવી રીતે આપવો કારણ કે નેપોટિઝમ કે વગર નેપોટિઝમ હું અહીં છું. આ કોઈના બાપની ઈન્ડસ્ટ્રી નથી. નહીતર તો દરેકના દીકરા કે દીકરી સફળ હોત."

# રજનીકાંતની જેલર-2નું નવું ટાઈટલ હૂકુમ નક્કી થયું




મુંબઈ: રજનીકાંતની 'જેલર' તમિલ ફિલ્મોના ઈતિહાસની સૌથી સફળ ફિલ્મોમાંની એક બની હતી. ત્યારથી જ આ ફિલ્મની સિકવલની અટકળો ચાલતી હતી. હવે એ નક્કી થયું છે કે ફિલ્મનો બીજો ભાગ ખરેખર બની રહ્યો છે અને તેના માટે 'હુકુમ' ટાઈટલ નક્કી કરવામાં આવ્યું છે. 100 સૌથી પ્રભાવશાળી લોકોની ટાઈમ મેગેઝિનની યાદી જાહેર, સાક્ષી મલિક, આલિયા સહિત 'મૂળ ગુજરાતી' પણ સામેલ 'જેલર' ફિલ્મ બોક્સ ઓફિસ પર અભૂતપૂર્વ સફળતાને વરી તે પછી તેનો બીજો ભાગ તેના કરતાં પણ વધારે હાયર સ્કેલ પર બનાવવાનું નક્કી થયું હતું. જોકે, તે માટે અનુકૂળ સ્ક્રિપ્ટની શોધ ચાલતી હતી. ફિલ્મ સર્જક નેલ્સને આખરે ફિલ્મ માટે એક અનુકૂળ સ્ક્રિપ્ટ તૈયાર કરાવી હતી અને હવે રજનીકાંતે આ સ્ક્રિપ્ટ માટે અનુમતિ પણ આપી દીધી છે. તે સાથે જ ફિલ્મના શૂટિંગની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.







સ્વદેશ
Leading Gujarati Newspaper

Rameshbhai Vyas
Director & Publisher
SWADESH
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news

Paresh Peshva
Marketing Director
SWADESH


## ઇરાન - ઇઝરાયેલ વચ્ચેની દુશ્મનાવટના ઇતિહાસમાં વધુ એક પ્રકરણ ઉમેરાયું

# ઈઝરાયેલ પર હુમલો, દમાસ્કની ઘટનાનો બદલો

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

સીરિયાની રાજધાની દમાસ્કસમાં તેના વાણિજ્ય દૂતાવાસ પર થયેલા ઘાતક હુમલાના થોડા દિવસ બાદ ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરતા જ દુનિયાભરમાં ઉચાટ ફેલાયો છે. જો કે, ઈરાને સીધી રીતે હુમલાની કોઈ જવાબદારી નથી લીધી, પરંતુ દમાસ્કરની ઘટનાનો બદલો લેવાયું હોવાનું કહેવાય છે. બીજી તરફ દમાસ્કસમાં ઈરાની વાણિજ્ય દૂતાવાસ પર થોડા દિવસો પહેલાં થયેલા હુમલા પાછળ ઈરાન ઈઝરાયેલને જવાબદાર ઠેરવી રહ્યું છે. હકીકતમાં ઈરાન અને ઈઝરાયેલ ભૂતકાળમાં એકબીજા પર પરોક્ષ હુમલાઓ કરી ચૂક્યા છે. આ હુમલાઓમાં એકબીજાનાં સ્થાનોને નિશાન બનાવાયા હતા. પરંતુ બંનેએ ક્યારેય આવા હુમલાની જવાબદારી સ્વીકારી નથી. ગાઝા પટ્ટીના યુદ્ધ પછી બંને દેશો વચ્ચેની આ પ્રોક્સી વોર ઘણી વ્યાપક બની ગઈ છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ કહ્યું છે કે, ઈઝરાયેલ પર થયેલો હુમલો ચોક્કસ લક્ષ્યોને નિશાન બનાવવાનો હતો. તેને ઓપરેશન ટુ પ્રોમિસ નામ આપવામાં આવ્યું છે.

આમ તો બંને દેશ વચ્ચે વર્ષોથી દુશ્મનાવટ ચાલી રહી છે. ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિના આધારે તેમાં વધ-ઘટ થતી રહી છે. ઈરાન ઈચ્છે છે કે, અમેરિકા અને ઈઝરાયેલ આ વિસ્તારમાંથી ગાયબ થઈ જાય. ઈઝરાયેલ ઈરાન ઉપર ઉગ્રવાદી જૂથોને ભંડોળ પૂરું પાડવાનો અને તેના હિતોની વિરુદ્ધ હુમલાઓનો આરોપ મુકતુ રહ્યું છે. અને આયાતુલ્લાહ ખેમીનીના યહૂદી વિરોધીવાદને કારણે છે.

૧૯૭૯ સુધી ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના સંબંધો ખૂબ જ સૌહાર્દપૂર્ણ હતા. પરંતુ તે પછી આયાતુલ્લા ખોમેનીની ઈસ્લામિક ક્રાંતિએ તેહરાનમાં સત્તા મેળવી હતી. તેમણે પેલેસ્ટાઈનના વિભાજનની યોજનાનો વિરોધ કર્યો હતો. ઈજિપ્ત પછી ઈરાન ઈઝરાયેલને માન્યતા આપનારો બીજો ઈસ્લામિક દેશ હતો. તે સમયે ઈરાનમાં પહલવી વંશના શાહો દ્વારા શાસિત રાજાશાહી હતી. તેઓ મધ્ય પૂર્વમાં અમેરિકાના મુખ્ય સાથી હતા. જેનાથી ઈઝરાયલની પ્રથમ સરકારના વડા ડેવિડ બેન ગુરિયનને નવા યહૂદી રાજ્ય માટે ઈરાનની મિત્રતાની શોધ કરવા તરફ દોરી ગયું. વર્ષ ૧૯૭૯માં આયાતુલ્લાહ ખોમેનીની ક્રાંતિએ



ઈરાનના શાહને ઉથલાવી દીધા અને ઈસ્લામિક પ્રજાસત્તાકની સ્થાપના કરી. તેમણે પોતાને પીડિતોના રક્ષક તરીકે રજૂ કર્યા. તેમની મુખ્ય ઓળખ અમેરિકા અને તેના સાથી ઈઝરાયેલના સામ્રાજ્યવાદને નકારવાની હતી. આયાતુલ્લાની સરકારે ઈઝરાયેલ સાથેના સંબંધો તોડી નાખ્યા અને તેના નાગરિકોના પાસપોર્ટને માન્યતા આપવાનું બંધ કર્યું. ઉપરાંત તેહરાનમાં ઈઝરાયેલી દૂતાવાસ પર કબજો કરીને તેને પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન (PLO)ને સોંપી દીધું. તે સમયે પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશન પેલેસ્ટાઈન રાજ્ય માટે ઈઝરાયલ વિરુદ્ધની લડાઈનું નેતૃત્વ કરી રહ્યું હતું.

આ સમયે ઈરાન પોતાને ઈસ્લામિક શક્તિ તરીકે રજૂ કરવા માંગતુ હતુ. તેથી તેણે ઈઝરાયેલ સામે પેલેસ્ટાઈનનો મુદ્દો ઉઠાવ્યો, જેને આરબ દેશોએ છોડી દીધો હતો. આ રીતે ખોમેનીએ પેલેસ્ટાઈન મુદ્દે પોતાનો દાવો રજૂ કરવાનું શરૂ કર્યું. આ પછી તેહરાનમાં પેલેસ્ટાઈન તરફી મોટાં પ્રદર્શનો સામાન્ય બની ગયાં. આ દેખાવોને ઈરાન સરકારનું સમર્થન હતું. ઈઝરાયેલમાં ઈરાન પ્રત્યે દુશ્મનાવટ ૧૯૯૦ના દાયકા સુધી શરૂ થઈ ન હતી, કારણ કે તે સમયે સદ્દામ હુસૈનના ઈરાકને એક મોટો ખતરો માનવામાં આવતો હતો. ઈરાન-કોન્ટ્રા વચ્ચેના સોદાને શક્ય બનાવનાર મધ્યસ્થીઓમાં ઈઝરાયેલની સરકાર મુખ્ય હતી. આ એક ગુપ્ત કાર્યક્રમ હતો, જેના દ્વારા અમેરિકાએ ઈરાનને ૧૯૮૦ અને ૧૯૮૮ વચ્ચે ઈરાક સામેના યુદ્ધમાં ઉપયોગ માટે શસ્ત્રો પૂરાં પાડ્યાં હતાં. સમય જતાં ઈઝરાયેલે ઈરાનને તેના અસ્તિત્વ માટેના ખતરા તરીકે જોવાનું શરૂ કર્યું. ઈરાનને પણ બીજી મોટી પ્રાદેશિક શક્તિ સાઉદી અરેબિયાનો સામનો કરવો પડ્યો હતો. ઈરાનમાં મુખ્યત્વે પર્સિયન અને શિયાની વસ્તી છે, જ્યારે આરબ વિશ્વ સુન્ની છે. ઈરાનની સરકારને આ વાતનો અહેસાસ થયો કે, તેના દુશ્મનો એક દિવસ તેના પર હુમલો કરવાનું શરૂ કરશે. તેને રોકવાના ઉદ્દેશ સાથે તેણે વ્યૂહરચના પર કામ કરવાનું શરૂ કર્યું. આ પછી ઈરાન સાથે જોડાયેલાં સંગઠનોનું નેટવર્ક બનાવાયું, અમેરિકા અને યુરોપિયન યુનિયન દ્વારા આતંકવાદી જાહેર કરાયેલું લેબનોનનું હિઝબુલ્લા આ સંગઠનોમાં સૌથી અગ્રણી છે.

આજે ઈરાનનું નેટવર્ક લેબનોન, સીરિયા, ઈરાક અને યમન સુધી વિસ્તરેલું છે. ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષને શેડો વોર તરીકે વર્ણવવામાં આવે છે, કારણ કે બંને દેશોએ એકબીજા પર હુમલો કર્યો હતો. ઈરાન સાથે જોડાયેલા ઈસ્લામિક જેહાદ જૂથે બ્યુનોસ આયર્સમાં ઈઝરાયેલી દૂતાવાસને ઉડાવી દીધો હતો, જેમાં ૨૯ લોકોનાં મોત થયાં હતાં. થોડા સમય પહેલાં હિઝબુલ્લાના નેતા અબ્બાસ અલ-મુસાવીની હત્યા કરવામાં આવી હતી. આ હુમલા માટે ઈઝરાયેલની ગુપ્તચર સંસ્થાને જવાબદાર ગણવામાં આવી હતી.

ઈઝરાયેલનો ધ્યેય ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા અને તેને પરમાણુ શસ્ત્રો વિકસાવવાથી રોકવાનો છે. ઈઝરાયેલ ઈરાનની એ દલીલને નકારી કાઢે છે કે, તેનો પરમાણુ કાર્યક્રમ માત્ર નાગરિક હેતુઓ માટે છે. ઈરાને તેના પરમાણુ કાર્યક્રમના પ્રભારી સહિત કેટલાક અગ્રણી વૈજ્ઞાનિકો પર હુમલા માટે ઈઝરાયેલની ગુપ્તચર એજન્સીને જવાબદાર ગણાવી છે. આમાં સૌથી નોંધપાત્ર ૨૦૨૦ માં મોહસેન ફખરીઝાદેહની હત્યા હતી. જો કે, ઈઝરાયેલ સરકારે ઈરાની વૈજ્ઞાનિકોની હત્યામાં તેની સંડોવણી ક્યારેય સ્વીકારી નથી. ઈઝરાયેલે ઈરાન પર ડ્રોન અને રોકેટ હુમલા તેમજ સાયબર હુમલાનો આરોપ લગાવ્યો છે.

સીરિયામાં ૨૦૧૧થી શરૂ થયેલું ગૃહયુદ્ધ આ સંઘર્ષનું બીજું કારણ હતું. પશ્ચિમી ગુપ્તચર એજન્સીઓએ સંકેત આપ્યો હતો કે ઈરાને સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદને હટાવવાનો પ્રયાસ કરતા બળવાખોરો સામે તેનાં દળોને સમર્થન આપવા માટે નાણાં, શસ્ત્રો અને ટ્રેનરો મોકલ્યાં છે. આનાથી ઈઝરાયેલમાં ખતરાની ઘંટડી વાગી હતી. ઈઝરાયેલ માને છે કે, તેના પાડોશી સીરિયાના માર્ગે ઈરાન લેબનોનમાં હિઝબુલ્લાહને શસ્ત્રો અને સાધનો મોકલે છે. ઈઝરાયેલ અને ઈરાન બંનેએ અલગ-અલગ સમયે સીરિયામાં કાર્યવાહી કરી હતી, જેનો હેતુ બીજાને મોટા પાયે હુમલો કરતાં અટકાવવાનો હતો. આ શેડો વોર વર્ષ ૨૦૨૧માં સમુદ્ર સુધી પહોંચી ગઈ હતી. તે વર્ષે ઈઝરાયેલે ઓમાનના અખાતમાં ઈઝરાયેલી જહાજો પર હુમલા માટે ઈરાનને જવાબદાર ઠેરવ્યું હતું. હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યો તેના જવાબમાં ઈઝરાયેલની સેનાએ ગાઝામાં કાર્યવાહી શરૂ કરી હતી. ગયા શનિવાર સુધી ઈરાન અને ઈઝરાયેલ બંનેએ તેમની દુશ્મનાવટને વધારવા અને મોટા પાયે લડાઈ તરફ દોરી જવાથી બચ્યું હતું. પરંતુ ઈરાન દ્વારા ડ્રોન અને મિસાઈલ છોડવાથી આ સમીકરણ બદલાઈ ગયું છે. દમાસ્કસમાં ઈરાનના કોન્સ્યુલેટ પર થયેલા હુમલામાં ૧૩ લોકો માર્યા ગયાં હતાં. આ હુમલાથી ઈરાનને નુકસાન થયું છે. આ હુમલા બાદ ઈરાનના વિદેશ મંત્રાલયે બદલો લેવાનું વચન આપ્યું હતું. આથી ઈઝરાયલમાં થયેલો હુમલો ઈરાને જ કર્યો હોવાની પ્રબળ સંભાવના છે.

**ગાઝા પટ્ટી ઉપર યુદ્ધ પછી ઇઝરાયેલ અને ઇરાન વચ્ચેની પ્રોક્સી વોર વ્યાપક બન્યું છે. ખુદ ઇરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ સ્વીકાર્યું છે કે, હુમલો ચોક્કસ લક્ષ્યોને નિશાન બનાવવાનો હતો જેને ઓપરેશન ટુ પ્રોમિસ નામ અપાયું છે**

# કેનેડામાં સોનાની સૌથી મોટી ચોરી : 6ની ધરપકડ

## ગુનામાં એર કેનેડાના ભૂતપૂર્વ મેનેજરની પણ સંડોવણી : ઘટના બાદ પોલીસ કાર્ગો સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું

**નવીદિલ્લી**

કેનેડિયન અને યુએસ પોલીસે ગયા વર્ષે એર કેનેડાની કાર્ગો ફેસિલિટીમાંથી સોના અને વિદેશી ચલણની ચોરીના સંબંધમાં લોકોની ધરપકડ કરી છે અને અન્ય ત્રણની શોધ કરી રહી છે.

ધરપકડ કરાયેલા લોકોમાંથી એક યુએસએના પેન્સિલવેનિયામાં પકડાયો છે અને તે યુએસ પોલીસની કસ્ટડીમાં છે. કેનેડામાં ધરપકડ કરાયેલા પાંચ લોકોને હાલમાં જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. તેને કેનેડાના ઈતિહાસમાં સોનાની સૌથી મોટી ચોરી તરીકે વર્ણવવામાં આવી હતી. કેનેડિયન પોલીસ દ્વારા ચાર્જ કરવામાં આવેલા લોકોમાં એર કેનેડાના કર્મચારીનો સમાવેશ થાય છે જેને કાર્ગોની ચોરી કરવા માટે એરવે બિલ બનાવ્યા હતા. એર કેનેડાના ભૂતપૂર્વ મેનેજરનો પણ સમાવેશ થાય છે. આ મેનેજરે ચોરી બાદ પોલીસ કાર્ગો સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. આ કાર્ગો એપ્રિલ ૨૦૨૩માં ઝ્યુરિચથી ટોરોન્ટો પહોંચ્યો હતો. આ કાર્ગોમાં ૪૧૯ કિલો વજનની ૬,૬૦૦ સોનાની લગડીઓ સામેલ હતી. પોલીસે આરોપીઓ સામે ૧૯ થી વધુ આરોપો લગાવ્યા છે. તેમની પાસેથી એક કિલો સોનું અને ૩૪ હજાર કેનેડિયન ડોલર મળી આવ્યા હતા. પોલીસનું કહેવું છે કે ચોરાયેલું સોનું ઓગાળીને અન્ય કોઈ વસ્તુમાં તૈયાર કરવામાં આવ્યું હોઈ શકે છે, તેથી તેને ટ્રેક કરવું મુશ્કેલ બન્યું છે. પોલીસે અમેરિકામાં પકડાયેલા આરોપીઓ પાસેથી ૬૫ હથિયારો જપ્ત કર્યા છે અને આરોપ લગાવ્યો છે કે તે ચોરીના પૈસાથી ખરીદવામાં આવ્યા હતા. કેનેડાના પોલીસ અધિકારી માઈક માવિટીએ જણાવ્યું કે, ૫૪ વર્ષીય એર કેનેડાના કર્મચારી પરમપાલ સિદ્ધુ, બ્રેમ્પટનના રહેવાસી, ૩૭ વર્ષીય જ્વેલરી સ્ટોરના માલિક અલી રાજા, ટોરોન્ટોના રહેવાસી, ૪૦ વર્ષીય અમિત જલોટા, ઓકવિલના રહેવાસી, ૪૩ વર્ષીય. - જ્યોર્જટાઉનના રહેવાસી અમદ ચૌધરી અને બ્રેમ્પટનના રહેવાસી ૩૫ વર્ષીય પ્રસાદની ધરપકડ કરાયેલા લોકોમાં સમાવેશ થાય છે. જ્યારે ફેસિલિટીમાંથી સોનાનો કાર્ગો ઉપાડનાર ટ્રક ડ્રાઈવર, બ્રેમ્પટનનો ૨૫ વર્ષીય ડ્યુરાન્ટે કિંગ-મેકલિન, હાલમાં શસ્ત્રો રાખવા અને દાણચોરીના આરોપસર યુએસ પોલીસની કસ્ટડીમાં છે.

કેનેડિયન પોલીસ હાલમાં બ્રેમ્પટનના રહેવાસી ૩૧ વર્ષીય સિમરન પ્રીત પાનેસર અને એર કેનેડાના ભૂતપૂર્વ મેનેજર, બ્રેમ્પટનના રહેવાસી ૩૬ વર્ષીય અર્ચિત ગ્રોવર અને મિસીસોગાના રહેવાસી ૪૨ વર્ષીય અરસલાન ચૌધરીને શોધી રહી છે.

# 2019થી 21 સુધી 4 મૃતક યુવાન પૈકી એકનું મોત ઓપીઓઈડ સંબંધિત હતું : અભ્યાસ

## ઓવરડોઝથી મૃત્યુની વાર્ષિક સંખ્યા 3,007થી વધીને 6,222 થઈ ગઈ હતી

**ઓન્ટેરિયો**

કેનેડામાં 2019 અને 2021 વચ્ચે ઓપિયોઈડ-સંબંધિત મૃત્યુ બમણા થઈ ગયા છે. જેમાં મેનિટોબા, સાસ્કાચેવાન અને આલ્બર્ટામાં નાટકીય ઉછાળો જોવા મળ્યો હતો. મોટે ભાગે તેમના 20 અને 30ના દાયકાના પુરુષોમાં એક નવો અભ્યાસ કહે છે કે જે લક્ષ્યાંકિત નુકસાન ઘટાડવાની નીતિઓ માટે કહે છે. યુનિવર્સિટી ઓફ ટોરોન્ટોના સંશોધકોએ તે પ્રાંતો તેમજ બ્રિટિશ કોલંબિયા, ઓન્ટેરિયો, ક્યૂબેક, ન્યૂ બ્રુન્સવિક અને નોવા સ્કોસિયા અને ઉત્તરપશ્ચિમ પ્રદેશોમાં જાન્યુઆરી 1, 2019 અને ડિસેમ્બર 31, 2021 વચ્ચે આકસ્મિક ઓપિયોઈડ-સંબંધિત મૃત્યુનું વિશ્લેષણ કર્યું હતુ. જેમાં મેનિટોબામાં 30થી 39 વર્ષની વયના લોકો માટે ઓવરડોઝથી થતા મૃત્યુમાં સૌથી તીવ્ર વધારો જોવા મળ્યો હતો. જે પ્રતિ મિલિયન વસ્તી દીઠ 500 મૃત્યુ સુધી પહોંચે છે, જે અભ્યાસ સમયગાળાની શરૂઆતમાં નોંધાયેલા મિલિયન વસ્તી દીઠ 89 મૃત્યુ કરતાં પાંચ ગણા કરતાં વધુ છે. કેનેડાની જાહેર આરોગ્ય એજન્સી દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીના આધારે સંશોધકોએ તેમનું કાર્ય પૂર્ણ કર્યું ત્યારે તે પ્રાંતની કોરોનર્સ સેવામાંથી 2021 માટેનો તમામ ડેટા હજી સુધી ઉપલબ્ધ ન હતો. રાષ્ટ્રીય સ્તરે, ત્રણ વર્ષના અભ્યાસ દરમિયાન ઓપીઓઈડ ઓવરડોઝથી મૃત્યુની વાર્ષિક સંખ્યા 3,007થી વધીને 6,222 થઈ ગઈ હતી.

# યુપી એક્સપ્રેસ સેવામાં ફેરફાર અંગે ઓન્ટેરિયોએ ફેરવી તોળ્યું

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો સરકારના જણાવ્યા મુજબ યુપી એક્સપ્રેસ સેવામાં આયોજિત ફેરફારો સાથે આગળ વધાશે નહીં. કારણ કે, 5,200થી વધુ લોકોએ ઓનલાઈન પિટિશન પર હસ્તાક્ષર કર્યા બાદ જણાવ્યું હતું કે, ફેરફારો બે ટોરોન્ટો ટ્રાન્ઝિટ સ્ટેશનોની સેવામાં ઘટાડો કરશે. એક્સ પરની એક પોસ્ટમાં અગાઉ ટ્વિટર તરીકે ઓન્ટેરિયોના પરિવહન પ્રધાન પ્રબમીત સરકારિયાએ મંગળવારે તેનો મત વ્યક્ત કરતા લખ્યું હતુ કે, યુનિયન સ્ટેશન અને ટોરોન્ટોના પીયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ વચ્ચે દરેક બીજી યુપી એક્સપ્રેસ ટ્રેનને નોન-સ્ટોપ બનાવવાની યોજના આગળ વધશે નહીં.

સરકારિયાએ પોસ્ટમાં જણાવ્યું હતું કે, જ્યારે યુનિયન અને પિયર્સન વચ્ચે મુસાફરી કરતા લોકો માટે ઝડપી વિકલ્પ પૂરો પાડવાનો ઈરાદો હતો, ત્યારે મેં યુપી એક્સપ્રેસ લાઈન પર વેસ્ટન અને બ્લૂર સ્ટેશનની સર્વિસ કરવા અંગે રાઈડર્સની ચિંતાઓ સાંભળી છે. મેં Metrolinxને આ ફેરફારો સાથે આગળ ન વધવા માટે નિર્દેશ આપ્યો છે. વેબસાઈટ change.org પરની અરજી સરકારિયા અને ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડને સંબોધીને લખાયેલી હતી.

# વિદેશીઓ માટે અમેરિકા, કેનેડા અને યુરોપ જવું વધુ મોંઘુ બનશે

**નવીદિલ્હી**

આગામી દિવસોમાં અમેરિકા, કેનેડા અને યુરોપનો પ્રવાસ મોંઘો થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં તણાવને કારણે એરલાઈન્સ કંપનીઓ ઈરાનની એરસ્પેસ ટાળી રહી છે. આ કારણે ફ્લાઈટ્સ સામાન્ય મુસાફરીના સમય કરતાં ૪૫ મિનિટ વધુ સમય લઈ રહી છે. એર ઈન્ડિયા, વિસ્તારા અને ઈન્ડિગો સહિત અનેક એરલાઈન્સ કંપનીઓના વિમાન ઈરાનની એરસ્પેસ ટાળી રહ્યા છે. તેઓ મધ્ય એશિયા અને અરેબિયન દ્વીપકલ્પ પર ઉડી રહ્યા છે. આ કારણે તેમને વધુ ઈંધણની જરૂર પડી રહી છે. ઈંધણની કિંમતમાં વધારાને કારણે આ કંપનીઓ પર દબાણ વધ્યું છે. જો આ સમસ્યા લાંબા સમય સુધી ચાલુ રહેશે તો આગામી દિવસોમાં અમેરિકા અને યુરોપ જતા મુસાફરોને વધુ ભાડું ચૂકવવું પડી શકે છે.વાસ્તવમાં ઈરાને હુમલો કર્યા બાદ આશંકા છે કે ઈઝરાયેલ બદલો લઈ શકે છે. આ જ કારણ છે કે એવિએશન કંપનીઓ ઈરાનની એરસ્પેસનો ઉપયોગ કરવાનું ટાળી રહી છે. દિલ્હી અને મુંબઈથી લંડન, પેરિસ, ફ્રેન્કફર્ટ અને ન્યૂયોર્ક જેવા શહેરોની ફ્લાઈટમાં ૧૫ થી ૪૫ મિનિટનો વધુ સમય લાગી રહ્યો છે.

# હિંદુ ચેમ્બર ઓફ કોમર્સ બજેટ પ્રક્રિયામાં હિસ્સેદાર થનારી પ્રથમ હિંદુ સંસ્થા બની

## બજેટમાં હિંદુ સમુદાય માટે લક્ષિત જોગવાઈઓની ગેરહાજરી અંગે સંગઠને ચિંતા વ્યક્ત કરી

**ઓટાવા, ઓન્ટેરિયો**

એપ્રિલ 16, 2024 - કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ કેનેડા સરકારની આર્થિક વૃદ્ધિ, હાઉસિંગ એફોર્ડેબિલિટી અને સામાજિક સમાવેશ માટે પ્રતિબદ્ધ રહે છે. જો કે, ઘણી હકારાત્મક પહેલોની પ્રશંસા કરતી વખતે CHCC નોંધપાત્ર બજેટ ખાધ અને હિંદુ સમુદાય માટે વિશિષ્ટ લક્ષિત પગલાંના અભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરે છે.

CHCCને પ્રમુખ કુશાગ્ર દત્ત શર્મા દ્વારા પ્રતિનિધિત્વ કરવાનો વિશેષાધિકાર મળ્યો હતો, જેમને 2જી એપ્રિલ, 2024ના રોજ બજેટના પ્રવેશ-પ્રતિબંધિત પ્રતિબંધિત વાંચન માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. પ્રમુખ કુશાગ્ર દત્ત શર્માએ જણાવ્યું હતું કે, અમને નાણા મંત્રાલયના હિસ્સેદાર તરીકે જોવાથી રોમાંચિત છીએ. આ બાબત હિન્દુ સમુદાય માટે ગૌરવપૂર્ણ છે.

બજેટ 2024માં દર્શાવેલ બાબતોમાં આર્થિક વૃદ્ધિને ઉત્તેજીત કરવા, હાઉસિંગ સપ્લાય વધારવા અને દ્વેષી ભેદભાવ સામે લડવાના પગલાંનો સમાવેશ થાય છે, જે CHCC અને તેના સભ્યોની પ્રાથમિકતાઓ સાથે મજબૂત રીતે પડઘો પાડે છે. જો કે, CHCCએ બજેટ 2024માં હિંદુ સમુદાય માટે લક્ષિત જોગવાઈઓની ગેરહાજરી પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.







# પાર્ટીઝમાં ડેનિમ શોટ્ર્સને અલગ અલગ રીતે કરો સ્ટાઈલ

ડેનિમ શોટ્ર્સ કેઝ્યુઅલ આઉટફિટ છે. યુવતીના વોર્ડરોબમાં ડેનિમ શોટ્ર્સ હોય છે, પરંતુ મોટાભાગની યુવતીઓ ડેનિમ શોટ્ર્સને એક જ રીતે કૅરી કરવાનું પસંદ કરે છે. સામાન્ય રીતે તેને કેઝ્યુઅલ આઉટફિટ માનવામાં આવે છે. યુવતીઓ તેને ડેલી યૂઝમાં પહેરે છે. આજે આપણે ડેનિમ શોટ્ર્સને સ્ટાઇલ કરવાના ડિફરન્ટ આઇડિયાઝ શૅર કરી રહ્યાં છીએ. જેને આઉટિંગથી લઇને ડેટિંગ દરમિયાન પહેરી શકો છો અને દર વખતે યુનિક લુક મેળવી શકો છો.



### ટી શર્ટ સાથે ડેનિમ શોટ્ર્સ

કેઝ્યુઅલમાં ડેનિમ શોટ્ર્સની સાથે પહેરવા ઇચ્છો છો તો સૌથી સરળ રીત છે કે તમે ટી શર્ટ સાથે પહેરી શકો છો. એ તમને કમ્ફર્ટેબલ અને સ્ટાઇલિશ લુક આપશે. એ માટે તમે તમારાં મનગમતા ટી શર્ટની સાથે ડેનિમ શોટ્ર્સને પેર કરો. આ લુક દરમિયાન સ્નીકર્સ કેરી કરો, તો વધુ આકર્ષક લાગશો.



### ક્રોપ ટોપ સાથે શોટ્ર્સ

ડેનિમ શોટ્ર્સને હોલિડે લુક અથવા આઉટિંગ દરમિયાન પહેરવા ઇચ્છો છો તો સાથે ક્રોપ ટોપ પહેરવું એ બેસ્ટ આઇડિયા છે. ડી વી નેક ક્રોપ ટોપથી લઇને અનેક ડિફરન્ટ સ્ટાઇલના ક્રોપ ટોપ સાથે ડેનિમ શોટ્ર્સ પેર કરી શકો છો. તમારા લુકને કમ્પ્લીટ કરવા એની સાથે સુંદર લાઇટ પેન્ડન્ટ, વૉચ અને સ્નીકર્સ કેરી કરો.



### ટેન્ક ટોપ સાથે શોટ્ર્સ

તમને તમારા લુક સાથે વધારે એક્સપેરિમેન્ટ ન કરવાં હોય તો ડેનિમ શોટ્ર્સની સાથે ટેન્ક ટોપ પેર કરી શકો છો. આઉટિંગ દરમિયાન કે પછી મિત્રો સાથે હેંગઆઉટ કરતા આ લુકને કેરી કરશો તો બેસ્ટ રહેશે. સાથે સ્નીકર્સ ઉપરાંત સનગ્લાસીસ પેર કરો. તમે સ્ટ્રીટ લુક ઇચ્છો છો તો સાથે પેન્ડન્ટનું લેયરિંગ કરો.



### ઓફ શોલ્ડર ટોપ સાથે શોટ્ર્સ

ઓફ શોલ્ડર ટોપ જોવામાં એકદમ ક્લાસી લાગે છે. તેની સાથે ડેનિમ શોટ્ર્સ પહેરી શકો છો. તમારા પાર્ટનર સાથે બ્રંચનો પ્લાન કરી રહ્યાં હોવ તો ઓફ શોલ્ડર ટોપની સાથે ડેનિમ શોટ્ર્સ કેરી કરી શકો છો. લુકને ફેમિનિન બનાવવા સેન્ડલ્સ અને એક લાઇટ પેન્ડન્ટને સ્ટાઇલ કરો. ડે ટાઇમમાં ઓફ શોલ્ડર ટોપ ક્લાસી લાગશે.



### શર્ટ સાથે શોટ્ર્સ

ડેનિમ શોટ્ર્સને શર્ટ સાથે પહેરવું એ પણ એક સ્ટાઇલ છે. એની સાથે પ્લેન શર્ટ પહેરી શકો છો. શર્ટને પણ અનેક રીતે કેરી કરી શકાય છે. જેમ કે, તમે પ્લેન વ્હાઇટ શર્ટ સાથે ડેનિમ શોટ્ર્સ પહેરો અને તેના ઉપર મલ્ટિકલર શર્ટનું લેયરિંગ કરો અથવા ફક્ત શર્ટ સાથે પણ પેર કરી શકો છો. બંને લુકમાં તમારી સ્ટાઇલ ખાસ લાગશે.

# વિશ્વ વંદ્ય ૨૪મા તીર્થંકર શ્રી મહાવીર ભગવાનનું જન્મ કલ્યાણક

### શ્રી મહાવીર સ્વામીનો જન્મ

આજથી લગભગ ૨૬૧૫ વર્ષ પૂર્વે ઈ.સ. ૫૯૯ વર્ષ પહેલાં વૈશાલી ગણતંત્રના ક્ષત્રિય કુંડલપુરમાં પિતા રાજા સિદ્ધાર્થ અને માતા દેવી ત્રિશલાની કૂખે ચૈત્ર શુક્લની તેરસે થયો હતો. આ જ વર્ધમાન ત્યાર બાદ મહાવીર સ્વામી બન્યાં. મહાવીરને વીર, અતિવીર તેમજ સન્મતિ પણ કહેવાય છે. બિહારના મુજફ્ફરપુર જીલ્લામાં આજનું જે બસાઢ ગામ છે તે જ તે સમયનું વૈશાલી હતું. મહાવીર સ્વામી અર્થાત્ એ નામ સામાન્ય રીતે જૈન તીર્થંકર “વર્ધમાન”ના સંદર્ભમાં વપરાતો શબ્દ છે, વિહરમાન જૈન સિદ્ધાંતોનો પાયો તેમણે નાખ્યો છે. જૈન પરંપરા પ્રમાણે તેઓ ૨૪મા અને અંતિમ તીર્થંકર હતાં. તમિળ ભાષામાં તેમને અરુકાણ્ અથવા અરુકાદેવન કહે છે.



ભવમાં રોપણ થાય છે અર્થાત્ પુણ્યોદય જાગૃત થાય ત્યારે કોઈ સદભાવ કે આલંબન નિમિત્તથી યા સ્વયં અભૂતપૂર્વ તાત્વિક વિવેકનો દીપક પ્રજ્વલિત થઈ ઊઠે છે, જેને જૈનશાસ્ત્રોની પરિભાષા માં”સમ્યક્ત્વ” અર્થાત આત્માની ઓળખ (સમજણ) કહે છે.

વર્ધમાન મહાવીર કે તીર્થંકર મહાવીર તરીકેનો ૨૭મો જન્મ મહાવીર સ્વામી ભગવાનનો આત્મા દેવનંદા, બ્રાહ્મણ ઋષભદત્તની પત્નીના કુખે જન્મ લે છે. આ ઈતિહાસમાં ૧૦ આશ્ચર્યોમાંનુ એક છે. કારણ કે બધા તીર્થંકર સામાન્ય રીતે ક્ષત્રિય કુટુંબમાં જન્મ લેતા હોય છે. જો કે, અપવાદ તરીકે, તેઓ બ્રાહ્મણ સ્ત્રીના ગર્ભમાં જન્મ લે છે. આની પાછળનું કારણ એ હતું કે, તેમનો પાછલો ભવ, મરિચિ તરીકેમાં, તેઓએ ઉચ્ચ કુળના હોવા તરીકેનો ગર્વ વ્યક્ત કર્યો હતો. ઉપરાંત, ત્રિદંડી તરીકે, તેઓ પોતે જાતે બ્રાહ્મણ હોય તેવું વર્તન કરતા હતા, અને તે જન્મ પછી, તેઓએ ઘણા જન્મ બ્રાહ્મણ તરીકેના લીધા હતા.

### મહાવીરનો જન્મ (જન્મ કલ્યાણક)

હિંદુ મહિનાઓ પ્રમાણે ચૈત્ર મહિનાની સુદ તેરશના રોજ, મહાવીર સ્વામીનો જયારે જન્મ થયો, ત્યારે તેઓ સુવર્ણ વાન ધરાવતા હતા. તે અનહદ સુંદર લાવણ્ય ધરાવતા હતા કે, તેમને જોતા જ કોઈપણ વ્યક્તિ તેમના પ્રત્યે આકર્ષિત થઈ જાય. સૌધર્મેન્દ્ર અને દેવો ભગવાનને શુધ્ધ જળથી અભિષેક કરાવવા નીચે (ધરતી પર) આવે છે.

### દીક્ષા કલ્યાણક

જ્યારે ભગવાન મહાવીર ૨૮ વર્ષના થયા, ત્યારે તેમના માતા પિતા અવસાન પામ્યા. તેના પરિણામે, તેમના મોટા ભાઈ નંદિવર્ધન ભાંગી પડ્યા. નંદિવર્ધને પોતાના નાના ભાઈ (ભગવાનને) વિનંતિ કરી કે, તેઓ રાજગાદી સંભાળી લે. જો કે, વર્ધમાને આ પ્રસ્તાવનો સ્પષ્ટપણે અસ્વીકાર કર્યો અને તેમના માતા-પિતા અવસાન પામ્યા હોવાથી એમણે દીક્ષા ગ્રહણની ઈચ્છા વ્યક્ત કરી. રાજકુમાર નંદિવર્ધન આ બધા માટે જરા પણ તૈયાર ન હતા; માતા પિતાના અવસાનનો શોક અને આવી દુઃખદ પરિસ્થિતિના સમયે તેમના ભાઈનો વિરહ તેમના માટે અસહ્ય હતો. ભગવાન મહાવીર તેમના ભાઈને શોકમય સ્થિતિમાં દુઃખ ન આપવા ઈચ્છતા હોવાથી, તેઓએ દીક્ષા લેવાનું બે વર્ષ સુધી મોકૂફ રાખ્યું. પછી ૩૦ વર્ષની ઉંમરે કારતક વદ ૧૦ના દિવસે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા લીધા પછી, તેઓને મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત થયું.. બધી જ સંપતિનું નિરંતર એક વર્ષ વર્ષીદાન કર્યા પછી નિજ ગૃહે પ્રયાણ કરીને સાધુ તરીકે ઉગ્ર વિહાર આરંભ્યો. પ્રભુએ વૈશાખ સુદ ૧૧ (અગિયારસ) ના દિવસે શાસન (ચતુર્વિધ સંઘ)ની સ્થાપના કરી.

૭૨ વર્ષ અને સાડા ચાર માસની ઊંમરે, તેઓ બિહારના પાવાપુરીમાં જૈન વર્ષના અંતિમ દિવસ દિવાળીના દિવસે નિર્વાણ પામ્યાં. આ દિવસે તેઓને મોક્ષ પ્રાપ્તિ થઈ.

**ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)**

# આંખને આકર્ષક બનાવે કલરફુલ આઈ લાઇનર



### ગોલ્ડન કલર

ગોલ્ડન કલર બધા સ્કિન કલરમાં બેસ્ટ લુક આપે છે. ગોલ્ડન કલર એથનિક આઉટફિટની સાથે રોયલ લુક આપવાનું કામ કરે છે. ફેસ્ટિવલ સિઝન હોય કે વેડિંગ ફંક્શન બ્રાઇડ આ કલરને અપનાવે છે. તમે જ્યારે ગોલ્ડન કલરની આઈલાઈનર ખરીદી રહ્યાં હોવ ત્યારે બ્રાન્ડેડ પ્રોડક્ટ્સ જ સિલેક્ટ કરો. ઘણી વખત લોકલ પ્રોડક્ટનો ઉપયોગ યોગ્ય લુક આપતો નથી. પાર્ટી લુક માટે જો તમે ટ્રાય કરી રહ્યાં હોવ તો બ્લેક આઈલાઈનરની સાથે હાઈલાઈટ કરતાં એને એપ્લાય કરો.

### સિલ્વર કલર

પાર્ટી લુક માટે સિલ્વર કલર આઈલાઈનરનો પણ ઉપયોગ કરી શકાય છે. એનો ઉપયોગ કરતાં પહેલાં આઉટફિટની સાથે તેને જરૂર મેચ કરો. સિલ્વર કલરની આઈલાઈનર દરેક પ્રકારના આઉટફિટ સાથે મેચ થતી નથી. તેથી તેનો ઉપયોગ પાર્ટી લુકમાં સમજીવિચારીને કરો.

### બ્લૂ કલર

પાર્ટીમાં તમે ડિફરન્ટ લુક મેળવવા ઈચ્છો છો તો બ્લૂ આઈલાઈનરનો ઉપયોગ કરી શકો છો. મેટ અને ગ્લિટર બંને કલરનો ઉપયોગ કરી શકાય. ટ્રેડિશનલ લુક માટે તમે સુપરમેટ આઈલાઈનર પસંદ કરી શકો છો. જો તમે વેસ્ટર્ન લુક કેરી કરી રહ્યાં હોવ તો એની સાથે ગ્લિટર બ્લૂ આઈલાઈનર સારી લાગે છે.

### ગ્રીન કલર

પાર્ટીમાં તમને લોકો નોટિસ કરે એવું ઈચ્છો છો તો ગ્રીન કલરની આઈલાઈનર એપ્લાય કરો. કલર આઈલાઈનર વોટરપ્રૂફ હોવી જોઈએ, કારણ કે એ ફેલાયા પછી તમારા લુકને ખરાબ પણ કરી શકે છે. બ્લેક આઉટફિટ અથવા શિમરી ગ્રીન આઉટફિટની સાથે ગ્રીન કલરની આઈલાઈનર ઉત્તમ લાગે છે. આ તમારા લુકને એટ્રેક્ટિવ બનાવવામાં મદદ કરે છે. તમે એને સિમ્પલ રીતે તમારી આંખ પર એપ્લાય કરી શકો છો. જ્યારે જ્યારે કલર આઈલાઈનરનો ઉપયોગ કરો ત્યારે તેને ડબલ કોટ કરવાનું ન ભૂલવું જોઈએ. એનાથી તેનો લુક આકર્ષક લાગશે. બ્લેકની સાથે કલરફુલ આઈલાઈનર લુકને એન્હાન્સ કરવાનું કામ કરે છે.

# ગુજરાતમાં ભીષણ ગરમીથી લોકો ત્રાહિમામ

## મોટાભાગના જિલ્લામાં તાપમાન 40 ડિગ્રીને પાર

**અમદાવાદ**

અસહ્ય ગરમીથી ગુજરાતમાં પરિસ્થિતી એટલી હદે વણસી છે કે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં તાપમાનનો પારો 40 ડિગ્રીથી પણ ઉપર પહોંચી ગયો છે. બપોરના સમયે લૂના કારણે માર્ગો પણ સુમસામ જોવા મળી રહ્યા છે.

બુધવારે અને ગુરૂવારે ગુજરાતના મહુવામાં તાપમાનનો પારો 43 ડિગ્રીએ પહોંચી ગયો હતો. જ્યારે સુરેન્દ્રનગર અને વડોદરામાં પારો 42 ડિગ્રીને પાર વટાવી ગયો છે. આકરી ગરમીને જોતા હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત હવામાન વિભાગે પણ આગામી બે-ત્રણ દિવસ સુધી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં તાપમાન 41 થી 43 ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા વ્યક્ત કરી છે. આ જ સ્થિતી સૌરાષ્ટ્રમાં પણ જોવા મળી રહી છે, અહીં પણ હીટવેવની ચેતવણી આપવામાં આવી છે. ગુજરાતના અન્ય શહેરોના તાપમાનની વાત કરીએ તો મહુવામાં 43 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 42.3 ડિગ્રી, અમરેલીમાં 41.8 ડિગ્રી, રાજકોટમાં 41.5 ડિગ્રી, અમદાવાદમાં 41.3 ડિગ્રી, પોરબંદરમાં 41.3 ડિગ્રી, કેશોદમાં 41.2 ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં 40.8 ડિગ્રી, ભુજમાં 40.1 અને વેરાવળમાં 40 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

### રાજકોટમાં તડકો લાગવાથી 72 લોકો ઢળી પડ્યા

રાજકોટ : રાજકોટમાં ગુરૂવારે રેકોર્ડ બ્રેક ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જેમાં રાજકોટ શહેરમાં જ તડકો લાગવાથી ૭૨ લોકો બુધવારે બેભાન થયા હતા. રાજકોટ શહેરમાં ગઈકાલે રેકોર્ડ બ્રેક ૪૪ ડિગ્રી તાપમાન પહોંચ્યું હતું. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે. રાજકોટમાં છેલ્લા એક અઠવાડિયાથી હીટવેવની સ્થિતિ છે. કાળઝાળ ગરમીનો પારો ૪૩.૮ ડિગ્રીને ઉપર જ રહેતો હોય છે. આવામાં રાજકોટ શહેરમાં જ તડકો લાગવાથી ૭૨ લોકો ગઈકાલે બેભાન થયા હતા.

# હત્યા બાદ 15 વર્ષથી ફરાર થઈ સાધુના વેશમાં રહેતો શખ્સ જયપુરથી ઝડપાયો

**અમદાવાદ**

અમદાવાદ શહેરના અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં બાબુરામ વિદેશીયારામ શર્માની ઓગષ્ટ 2008 માં પાડોશમાં રહેતા ભોલારામ દુર્ગાપ્રસાદ શર્મા સાથે રીક્ષા પાર્કિંગ અંગે તકરાર બાદ તલવારનો જીવલેણ ઘા મારીને ભોલારામની હત્યા કરી હતી. જે બાદ બાબુરામ વિદેશીયારામ શર્માને આજીવન કેદની સજા જાહેર કરવામાં આવી હતી. જો કે, ડિસેમ્બર 2013 ના રોજ તે 14 દિવસની ફર્લો રજા મંજૂર કરાવીને બહાર નીકળ્યાં બાદ ફરાર થઈ ગયો હતો. દરમિયાન પેરોલ ફર્લો સ્કવોર્ડ દ્વારા વિગતો મેળવતા જાણવા મળ્યું હતું કે બાબુરામ ગુજરાત છોડીને જયપુરમાં કોઈ આશ્રમમાં કર્મકાંડી બ્રાહ્મણ બની નવો વ્યવસાય ચલાવી રહ્યો છે જેથી ત્યાં પહોંચી પોલીસની ટીમે વિતેલા 4 દિવસથી દિવસ-રાત એક કરીને અલગ અલગ આશ્રમો-સાધુઓના અખાડામાં આરતી પૂજનમાં ભાગ લેવાનું શરૂ કર્યું હતું. દરમિયાન માહિતી મળી કે, મહંત શંકરા નારાયણ બ્રાહ્મણ ન હોવા છતાં કર્મકાંડી તરીકે સવેતન પૂજા પાઠ કરે છે. જેના આધારે બાબુરામને જામડોલી ગામના મકાનમાં વાસ્તુ પુજનમાંથી દબોચી લેવામાં આવ્યો હતો

## ગુજરાતના 26 ઉમેવાર UPSC ફાઈનલમાં ઝળક્યાં, ટોપ 100માં 4

**અમદાવાદ**

આ વર્ષે ગુજરાતમાંથી સિવિલ સર્વિસીસ માટે સિલેક્ટ થનારા ઉમેદવારોની સંખ્યામાં વધારો થયો છે. ગત વર્ષે 16 ઉમેદવાર સિલેક્ટ થયા હતા. ગુજરાતમાંથી આ વર્ષે સ્પીપા અને અન્ય કોચિંગ ઈન્સ્ટિટ્યુટમાંથી તાલીમ મેળવનારા અંદાજે 26 જેટલા ઉમેદવારોએ યુપીએસસી ફાઈનલ પરીક્ષા પાસ કરીને સિવિલ સર્વિસીઝ માટે સિલેક્ટ થયા છે. આ વર્ષે પણ પ્રથમવાર દેશના ટોપ 100 રેન્કમાં ગુજરાતના ચાર ઉમેદવારો છે. જેમાં 31,43,62 અને 80મો રેન્ક ગુજરાતમાંથી છે.

## ચૂંટણી પ્રક્રિયા વચ્ચે ગુજરાતમાં 35 IPSની બઢતી-બદલીના આદેશ

**અમદાવાદ**

લોકસભા ચૂંટણી 2024ની પ્રક્રિયા વચ્ચે 35 IPSની બઢતી અને બદલીના આદેશ કરવામાં આવ્યા છે. આજે 74 દિવસથી ઈન્ચાર્જથી ચાલી રહેલા સુરતને હવે નવા પોલીસ કમિશનર મળી ગયા છે. હાલ વડોદરાના પોલીસ કમિશનર એવા અનુપમસિંહ ગેહલોતને સુરતના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે વડોદરાના પોલીસ કમિશનર તરીકે નરસિંહમા કોમરને મૂકવામાં આવ્યા છે. કરાઈ ટ્રેનિંગ સેન્ટરના પ્રિન્સિપાલ અભય ચુડાસમાને પ્રમોશન આપી ADGP બનાવવામાં આવ્યા છે.

# અમદાવાદના નરોડામાં યુવક પર ફાયરિંગનું કારણ પૈસાની લેતી-દેતી

**અમદાવાદ**

ગઈ તારીખ ૭મીના અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલ સુમતિનાથ સોસાયટી પાસે રહેતા યુવક હર્ષિલ પ્રવિણભાઈ ત્રાંબડીયાપર બાઈક પર આવેલ બે અજાણ્યા શખ્સોએ બે રાઉન્ડ ફાયરિંગ કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નયન દિલીપભાઈ વ્યાસ, નિરવ મહેશભાઈ વ્યાસ અને અર્જુન સુરપાલ દેહદા બે દેશી તમંચા, કારતુસ સહિત ના મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી.

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે જશોદા નગર ઓવર બ્રિજ પરથી નયન વ્યાસ, નિરવ વ્યાસ અને અર્જુન દેહદા નામના આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓની તપાસમાં સામે આવ્યું કે ખેડાનો આરોપી નયન વ્યાસ અમદાવાદમાં ભાડે મકાન રાખી રહેતા હતો અને તેણે ભોગ બનનાર હર્ષિલ ત્રાંબડીયાને વ્યાજે પૈસા આપ્યા હતા. જે પૈસા પરત માંગતા હર્ષિલે પરત ન આપી વારંવાર ઝઘડો કર્યો હતો. તેમજ 'પૈસા પરત નહીં આપુ જે થાય તે કરી લે' તેમ કહેતા નયન વ્યાસે ઉત્તરપ્રદેશથી બે તમંચા અને પાંચ કારતુસ લાવી અર્જુન દેહદાને 60 હજાર રૂપિયામાં સોપારી આપી મારી નાખવાનો પ્લાન બનાવ્યો હતો.

# પરેશ ધાનાણી રાજકોટ પહોંચતા જ કોંગ્રેસનો વિખવાદ સપાટી પર, વિરોધ ખાળવા કવાયત

### મનામણાં માટે ખુદ પરેશ ધાનાણીએ અસંતુષ્ટો સાથે બંધ બારણે બેઠક યોજી

**અમદાવાદ**

કોંગ્રેસે રાજકોટ બેઠક પરથી પરેશ ધાનાણીને ઉતારતાં હવે શહેરના સંગઠનમાં નવો વિવાદ શરૂ થયો છે. નેતાઓના વિરોધને ખાળવા અને મનામણાં માટે ખુદ પરેશ ધાનાણી બંધ બારણે બેઠક કરી રહ્યા છે. આ સમગ્ર વિરોધનું કારણ ઈન્દ્રનીલ રાજ્યગુરુ હોવાનું સામે આવી રહ્યું છે. શું છે સમગ્ર મામલો અને કેમ કોંગ્રેસમાં થઈ રહ્યો છે વિરોધ?

આ સવાલ એટલા માટે થઈ રહ્યો છે કેમ કે, રાજકોટ જિલ્લા કોંગ્રેસમાં સબ સલામત નથી. જી હાં, રાજકોટ જિલ્લા કોંગ્રેસમાં બે જૂથ પડી ગયા હોવાનું સામે આવ્યું છે.. લોકસભા ચૂંટણીમાં રાજકોટથી કોંગ્રેસે પરેશ ધાનાણીને ટિકિટ આપી છે.. ધાનાણી રાજકોટ પહોંચતાં જ કોંગ્રેસમાં કકળાટ શરૂ થયો છે અને આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે પરેશ ધાનાણી પત્રકાર પરિષદ કરવા માટે પહોંચ્યા.માહિતી એવી મળી રહી છે કે, કોંગ્રેસ કાર્યાલય ઈન્દ્રનીલ રાજ્યગુરુની જગ્યામાં શરૂ થતાં જ વિવાદ થયો છે. એક જૂથની સ્પષ્ટ વાત છે કાર્યાલય ત્યાં ન ચાલુ કરવું જોઈએ. જોકે, વિરોધની ગંધ પરેશ ધાનાણી સુધી પહોંચતા પરેશ ધાનાણીએ પણ નારાજ નેતાઓને મનાવવા માટે બેઠકોનો દૌર શરૂ કર્યો હતો.

## પોલિટિક્સ ન્યૂઝ

### સુરતના અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ AAP સાથે છેડો ફાડ્યો



સુરતમાં પાર્ટીના અગ્રણી યુવા નેતા અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટી સાથે છેડો ફાડી નાખ્યો છે. બન્નેએ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઇસુદાન ગઢવીને પોતાનાં રાજીનામાં મોકલ્યાં છે. તેમના રાજીનામાથી AAPના સંગઠનમાં હડકંપ મચી ગયો છે. અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ ઇસુદાન ગઢવીને રાજીમામાં મોકલ્યાં છે, જેમાં લખ્યું છે કે આમ આદમી પાર્ટીની તમામ જવાબદારીમાંથી મુક્ત થઈએ છીએ. પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી પણ તાત્કાલિક અસરથી રાજીનામું આપીએ છીએ.

### રૂપાલાજી પહેલા જ માફી માંગી ચૂક્યા છે હવે હું પણ માફી માંગુ છું : અમિત શાહ



અમદાવાદ : કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજને લઈને આપેલા નિવેદન પર પહેલીવાર ગૃહમંત્રી અમિત શાહે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે પરષોત્તમ રૂપાલાએ આ મામલે દિલથી માફી માંગી છે. ત્યારે હું પણ આ મામલે માફી માંગુ છું. ગુજરાતની ૨૬ એ ૨૬ સીટો પર કમળ ખીલશે. હકીકતમાં કેન્દ્રીય મંત્રી રૂપાલાએ વાલ્મિકી સમાજના એક કાર્યક્રમમાં નિવેદન આપ્યું હતું જે બાદથી ક્ષત્રિયો રુપાલાની વિરુદ્ધ છે અને વિરોધ નોંધાવી રહ્યા છે. તેમના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં મહિલાઓ આગળ આવી હતી.

### શાહના રોડ શોના બંદોબસ્તમાં હોમગાર્ડ જવાનનું હાર્ટ એટેક આવતા મોત થયુ

અમદાવાદ : ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો છે. ગાંધીનગરથી ભાજપના ઉમેદવાર અમિત શાહે પોતાના મતવિસ્તારમાં વિશાળ રોડ શો યોજ્યો હતો. શાહના રોડ શોમાં સમર્થકોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. પરંતુ વિશાળ જનમેદની વચ્ચે એક માઠા સમાચાર મળ્યા છે. અમિત શાહના રોડ શોના બંદોબસ્તમાં એક હોમગાર્ડ જવાનને હાર્ટ એટેક આવતા તેનું મોત થયું છે. અમિત શાહના રોડ શોના બંદોબસ્તમાં હોમગાર્ડ જવાન તૈનાત હતો. બંદોબસ્તમાં સાંણદ ગઢીયા ચાર રસ્તે પોઈંટ ઉપર હાજર હતા, તે દરમિયાન આ અગમ્ય ઘટના બની હતી. હોમગાર્ડ વિશે મળતી માહિતી પ્રમાણે સાણંદ યુનિટ હોમગાર્ડમાં ૬ વર્ષથી ફરજ બજાવતા હતા.

### ગીર સોમનાથમાં કોંગ્રેસના ધારાસભ્ય ચુડાસમાં અને PSI વચ્ચે રકઝક થઈ

જૂનાગઢ : ગીર સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાં અને PSI વચ્ચે રકઝક થઈ હતી. જૂનાગઢ લોકસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્યનું ફોર્મ ભરવા જતી વખતે PSI રોકતા વિમલ ચુડાસમાં પિત્તો ગુમાવ્યો હતો અને કહી દીધું કે પ્રજાનો પ્રતિનિધિ છું. પોલીસ પણ ન રોકી શકે. કાયદા મુજબ નોકરી કરો, ભાજપનો ખેસ ન પહેરો...પોલીસ કર્મચારીને વિમલ ચુડાસમાંએ પ્રશ્નો પૂછતા PSI જગ્યા પરથી રવાના થઈ ગયા. હીરા ભાઈ જોટવાએ નામાંકન પત્ર ભર્યુંજૂનાગઢ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર હીરા ભાઈ જોટવાએ પોતાનું નામાંકન પત્ર ભર્યું હતું. કલેક્ટર કચેરી ખાતે વિધિવત રીતે પોતાનું નામાંકન પત્ર હીરા ભાઈ જોટવાએ રજુ કર્યું હતું. કોંગ્રેસના ઉમેદવાર હીરા ભાઈ જોટવા પોતાનું નામાંકન પત્ર ભરે તે પૂર્વે શહેરની દોમડીયા વાડી ખાતે કોંગ્રેસ દ્વારા સભા યોજાઈ હતી. સભામાં અનેક કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### માંજલપુરમાં પુરૂષોત્તમ રૂપાલાના વિરોધ દર્શાવતા બેનરો આખરે ઉતારાયા

વડોદરા : વડોદરા માંજલપુર ગામ અને દરબાર ચોકડી પાસે પરષોત્તમ રૂપાલાનો વિરોધ દર્શાવતા બેનરોન કરણી સેના દ્વારા લગાવવામાં આવ્યા હતા. જેથી પોલીસ બંને બેનર ઉતારી લીધા હતા અને કરણી સેનાના ૩૦ જેટલા યુવકોને માંજલપુર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા. તાજેતરમાં જ કરણી સમાજના લોકોનું મહાસંમેલન મળ્યું હતું. ત્યારે આજરોજ ગુરુવારે કરણી સેનાના યુવકો દ્વારા પરશોત્તમ રૂપાલાને આપેલી ટિકિટ પરત ખેંચવામાં નહિ આવે તેની સામે વિરોધ દર્શાવતા બેનરો દરબાર ચોકડી અને માંજલપુર ગામમાં લગાવવામાં આવ્યા હતા. જેની કોઈ દ્વારા ફરિયાદ પોલીસને કરવામાં આવી હતી. જેથી આજરોજ ગુરુવારે પોલીસ ટીમે માંજલપુર ગામ તથા દરબાર ચોકડી ખાતે લગાવવામાં આવેલા બેનરો ઉતારી લેવામાં આવતા હતા. બેનર ઉતારવામાં આવતા હોવાનું જાણી થતા કરણી સેનાના ૩૦ જેટલા યુવકો સ્થળ પહોંચી ગયા હતા અને બેનર ઉતારવા નારાજગી દર્શાવી હતી. પરંતુ પોલીસ બેનરો કબજે કરીને કરણી સેનાના ૩૦ જેટલા યુવકોને માંજલપુર પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા.

# અસ્મિતા મહાસંમેલન: ભાજપને ક્ષત્રિયોનું અલ્ટિમેટમ

**અમદાવાદ**

14 એપ્રિલે રાજકોટના રતનપરમાં ક્ષત્રિયોનું અસ્મિતા મહાસંમેલન યોજાયું હતું. જેમાં ઉમટેલી લાખોની ભીડ વચ્ચે આગેવાનોએ ભાજપના ટોચના નેતૃત્વને અલ્ટીમેટમ આપ્યું છે કે જો રાજકોટ સીટ પર કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાની ટીકીટની કેન્સલ નહીં થાય તો ક્ષત્રિય સમાજ એક થઈને તેમની સામે વોટ આપશે. રાજકોટ સીટ પર કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાની ટીકીટ મુદ્દે ક્ષત્રિય સમાજે ભાજપને ફરી એક વખત ગંભીર ચેતવણી આપી હતી. અસ્મિતા મહાસંમેલનને સંબોધન કરતા ગુજરાત ક્ષત્રિય સભાના પ્રમુખ કરણસિંહ ચાવડાએ કહ્યું કે શરૂઆત આપણે નથી કરી, જે 70 વર્ષના છે અને જેમના માથાના બધા વાળ સફેદ થઈ ગયા છે તેવા પીઢ નેતા, અનુભવી વ્યક્તિએ ભૂલ કરી છે.કરણસિંહ ચાવડાએ રામાયણના પ્રસંગનું ઉદાહરણ આપીને કહ્યું કે સંયમ રાખવાનો છે. અત્યાર સુધી જે ચાલ્યું એ પાર્ટ-1 હતું, હવે પાર્ટ-2 શરૂ થશે. બે જ વાત છે, શરણાગતિ સ્વીકારો અથવા લડાઈ માટે તૈયાર રહો. ક્ષત્રિય સમાજના અશ્વમેઘના આ યજ્ઞનો અશ્વ સમગ્ર ગુજરાતમાં ફરીને આજે રાજકોટ આવ્યો છે, અને હવે ગાંધીનગર જશે, કોઈનામાં તાકાત હોય તો આ અશ્વ રોકી જુઓ.

## દેશહિત માટે સાથ આપો.', રૂપાલાની ક્ષત્રિયોને વિનંતી

પરશોત્તમ રૂપાલાએ પોતાની ઉમેદવારી નોંધાવતા પહેલા રૂપાલાએ રાજકોટમાં સંબોધન કર્યું હતું જેમાં તેમણે જણાવ્યું હતું કે, મેં અગાઉ માફી માંગી છે હવે હું તમામ રાજ્યના ક્ષત્રિયોને પણ નમ્રતા પૂર્વક વિનંતી કરું છું કે તમે પણ દેશના હિત માટે ભાજપ સાથે જોડાઓ.'

## ભાજપના ચાર દિગ્ગજ નેતાઓએ અમને છેતર્યા, ક્ષત્રાણીઓનો ધૂંધવાટ

ક્ષત્રિય સમાજની મહિલાઓએ ગુજરાત ભાજપના ચાર દિગ્ગજ નેતાઓ પર લગાવ્યો છે મોટો આરોપ. ગાંધીનગરમાં ગત મધ્ય રાત્રિએ ક્ષત્રિય આગેવાનો સાથેની બેઠક ધાર્યા મૂજબ નિષ્ફળ રહી હતી. આ બેઠકના પગલે ક્ષત્રિય સમાજમાં ખાસ કરીને મહિલાઓમાં ભારે ધુંધવાટ, રોષ અને નારાજગી જોવા મળ્યા હતા. મુખ્યમંત્રીના નિવાસસ્થાને આ મીટીંગ યોજવાથી ક્ષત્રિયોને તેમની માંગ સ્વીકારવવામાં તો સફળતા ન મળી પરંતુ, આંદોલનાત્મક કાર્યક્રમોને બ્રેક લાગી જતા રાજકોટમાં રૂપાલા નિર્વિઘ્ને ઉમેદવારી નોંધાવી શક્યા છે. હવે લાગે છેકે, એ સમયે અમારી સાથે મોટી રમત થઈ ગઈ. સંકલન સમિતિ ઉપર અમને પુરો ભરોસો રહ્યો નથી. જંગી સભા થઈ ગમે એટલી સંખ્યામાં ભેગા થયા પણ રૂપાલાનો વાળ પણ વાંકો થયો નથી.

## મોરબીમાં રૂપાલાના પોસ્ટરો ફાટ્યાં

**રાજકોટ**

ક્ષત્રિયો રૂપાલાને માફ કરી દે તે માટે સમજાવવામાં ભાજપના ક્ષત્રિય નેતાઓ, રાજવીઓ, સરકાર અને સત્તાધીશો, રાજકીય કૂટનીતિથી માંડીને સંતોને પણ નિષ્ફળતા મળી છે બીજી તરફ મોરબીમાં ઠેરઠેર રૂપાલાના પોસ્ટર પર સ્યાહીનો પીંછડો મારી દેવાયો છે અને તેની બાજુમાં જ રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પોસ્ટર પર સ્યાહીનો ડાઘ ન પડે તેની ખાસ તકેદારી પણ લેવાઈ છે. મોરબી રાજકોટ હાઈવે તથા ભક્તિનગર સર્કલ સહિત અનેક વિસ્તારમાં કેટલાક લોકોએ પોસ્ટરો ફાડયા હતા. દરમિયાન ગઈકાલે ક્ષત્રિયોને પોતાની શુ તાકાત છે તેનો અહેસાસ રતનપરના ઐતહાસિક મહાસંમેલનમાં થયો હતો.

## એ તો ઈરાદાપૂર્વકનું કૃત્ય છે : પરેશ ધાનાણી

**રાજકોટ**

રાજકોટમાં પરેશ ધાનાણીએ ઉમેદવાર જાહેર થયા બાદ પહેલીવાર પત્રકાર પરિષદ કરીને ભાજપ પર ગંભીર આક્ષેપ કર્યા છે. ધાનાણીએ પરશોત્તમ રૂપાલા નામ લીધા વગર જ પ્રચંડ પ્રહાર કર્યા છે. ધાનાણીએ કહ્યું હતું કે ભાજપના નેતા સત્તાના મદમાં ભાન ભૂલ્યા છે અને બંધારણથી મળેલા દેશના લોકોના અધિકારને અંહકારની એડીએ કચડી રહ્યા છે. આથી રાજકોટના લોકો સત્તામાં બેઠેલા લોકોનો અંહકારને ઓગાળશે. ભાજપના ઉમેદવાર અને સંભવિત અને ભાવી પ્રતિસ્પર્ધી, પોતે શિક્ષક તરીકેની જવાબદારી નિભાવી છે, ખૂબ જ્ઞાની છે અને લોકો એવું માને છે કે સારા વાચક પણ હશે. તો હું નથી માનતો કે તેનાથી આવી ભૂલ થાય.

## પદ્મિનીબાને સંકલન સમિતિમાં વિશ્વાસ નથી

**રાજકોટ**

પરસોતમ રૂપાલા વિરુદ્ધની મુહિમ અંતર્ગત અનશન પર ઉતારનાર પદ્મિનીબા વાળાના અન્નત્યાગ બાદ 14 દિવસ પછી અચાનક તેમના ગુરુ દ્વારા પારણાં કરી લીધા હતા.

હાલ તબિયતને કારણે પથારીવસ પદ્મિનીબા વાળાએ મહત્વનું નિવેદન આપ્યું હતું કે આંદોલન જુદા માર્ગે જઈ રહ્યું છે. સંકલન સમિતિએ કહ્યું હતું કે આંદોલનમાં કોઈ રાજકીય પક્ષ આવશે નહીં પરંતુ ગઈકાલે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી મા આશાપુરાના મંદિરે બહેનોને મળ્યા તો આ બીજો પક્ષ શા માટે દાખલ થયો. મને અને બીજા સત્ય માટે લડતા બહેનોને સંકલન સમિતિ સાઈડ ટ્રેક કરે છે. સમાજનો આંદોલન હવે રાજકીય રંગ પકડતું જાય છે.

## ભાજપ માફીને પાત્ર નથી : શક્તિસિંહ ગોહિલ

**રાજકોટ**

કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું, કે 'ભાજપે સમાજમાં ભાગલા પાડવાનું વલણ અપનાવ્યું છે. તો ભાજપ માફીને પાત્ર નથી. મહિલાઓનું અપમાન કરનારની ટિકિટ પણ રદ નથી કરી.'

એક પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભાજપાએ 2014ની સામાન્ય ચૂંટણીમાં દેશના નાગરિકો અચ્છેદિન, બહુત હુઈ મહંગાઈ કી માર જેવા રૂપાળા અને લોભામણા સૂત્રો સાથે રોજગાર , ન્યાય સ્માર્ટ સિટી વચન-વાયદા અપાયા હતા. તેની આજે 2024માં હકીકત શું ? તેનો હિસાબ આપવાને બદલે નવા સૂત્રો અને વાયદાઓ રજૂ કરવામાં આવ્યા છે.'

## હવે વિરોધનો પાર્ટ-2 શરૂ થશે : રૂપાલાએ ફોર્મ ભર્યા બાદ પી.ટી. જાડેજાની જાહેરાત

**રાજકોટ**

મંગળવારે રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ વિરોધના વંટોળ વચ્ચે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. આ દરમિયાન ક્ષત્રિય સમાજના આગેવાન પી.ટી. જાડેજાએ રૂપાલા સામે વિરોધનો પાર્ટ-2 શરૂ કરવા અંગે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું.જેમાં ક્ષત્રિય સમાજના આગેવાન પી.ટી. જાડેજાએ જણાવ્યું હતું કે, 'અમારે ભાજપ સાથે કોઈ વાંધો નથી, અમે તેમના સમર્થનમાં છીએ. અમારી એક જ માગ છે કે, રૂપાલાને બદલવામાં આવે જે રૂપાલા પોતાની ઉમેદવારી પાછી નહીં ખેંચે તો ક્ષત્રિય સમાજના વિરોધના પાર્ટ-2 માટે આગળની વ્યૂહનીતિ ઘડીશું'



ઉલ્લેખનીય છે કે, રૂપાલાએ બે વખત માફી માગી હતી તેમ છતાં પણ હજુ સુધી ક્ષત્રિય સમાજમાં નારાજગી જોવા મળી રહી છે અને રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ પર અડગ છે.

## રૂપાલાનો વિરોધ હવે MP પહોંચ્યો

**અમદાવાદ**

રૂપાલાનો વિરોધ માત્ર ગુજરાતમાં જ નહીં પણ અન્ય રાજ્યોમાં પણ જોરશોરથી થઈ રહ્યો છે, જેમ કે રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં પણ ક્ષત્રિય સમાજના લોકો મેદાને આવ્યા છે. મધ્ય પ્રદેશમાં તો અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભાએ મોરચો ખોલી દીધો છે.

મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભાના મહાસચિવ અનિલ સિંહ ચંદેલે કહ્યું કે ભારતીય ક્ષત્રિય મહાસભાની યુથ વિંગ રૂપાલાના વિરોધમાં જોરદાર આંદોલન કરશે. નિયમો અનુસાર પ્રદર્શનો કરવામાં આવશે.

## ભાવનગર : નિમુબેન બાંભણીયાની સભામાં ક્ષત્રિય યુવાનો દ્વારા નારા લગાવી હોબાળો

**ભાવનગર**

સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં ભાજપનો ખુલ્લો વિરોધ થયો હતો. ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણીયાની ચૂંટણી પ્રચાર સભામાં ક્ષત્રિય સમાજના યુવાનોએ જોરદાર હોબાળો મચાવ્યો હતો.

ભાવનગરમાં ક્ષત્રિય સમાજના લોકોએ મનસુખ માંડવિયા અને અન્ય નેતાઓનો કાળા ઝંડા બતાવીને વિરોધ કર્યો હતો. જ્યારે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયા ભાષણ આપી રહ્યા હતા. તે વખતે જ તળાજા ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ રવિરાજસિંહ ગોહિલે સ્ટેજ પર ચઢી ચાલુ સભામાં જ પોતાનું રાજીનામું આપ્યું હતુ. તેમણે કાળા કપડાં પહેરી 200 કાર્યકર્તાઓ સાથે રાજીનામું આપ્યું હતુ. ક્ષત્રિય સમાજના યુવકે સ્ટેજ પર ચઢી નારા જય રાજપૂતાનાના નારા લગાવ્યા હતા.

મનસુખ માંડવિયા ભાજપના ઉમેદવાર નીમુબેન બાંભણીયાના નોમિનેશન રેલી માટે ભાવનગર પહોંચ્યા હતા, તેઓ સભાને સંબોધી રહ્યા હતા તે દરમિયાન રોષે ભરાયેલા ક્ષત્રિય સમાજના યુવાનોનું ટોળું ત્યાં પહોંચી ગયું હતું અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા.

## વડોદરામાં 450 પોલીસકર્મીઓને એસી હેલ્મેટ મળ્યાં

**વડોદરા**

ટ્રાફિક મેનેજમેન્ટ કરતી શહેરોની ટ્રાફિક પોલીસની હાલત સૌથી કફોડી બની છે. વડોદરામાં ટ્રાફિક પોલીસની આ સમસ્યાને ધ્યાનમાં રાખીને, IIM વડોદરાના વિદ્યાર્થીઓએ એક અનોખું ઉપકરણ વિકસાવ્યું છે.હેલ્મેટને બેટરીથી સંચાલિત કરવા માટે ખાસ ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે, વડોદરા ટ્રાફિક પોલીસ વિભાગે તેના કર્મચારીઓને આ એસી હેલ્મેટનું વિતરણ કરવાનું શરૂ કરી દીધું છે. દિવસના સૌથી ગરમ કલાકો દરમિયાન તૈનાત લગભગ 450 ટ્રાફિક પોલીસ અધિકારીઓને આ નવીન હેલ્મેટ અપાય છે.

## સુરતના ડિંડોલીમાં ભાઈની હત્યા બાદ લાશને ખેતરમાં ફેંકી નાનો ભાઈ ઘરે આવી ઊંઘી ગયો

**સુરત**

ડિંડોલી મધુરમ સર્કલથી ચલથાણ તરફ જતા કેનાલ રોડ પરના ખેતર કિનારે એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. જે બાદ પોલીસે ઉધના અને પાંડેસરામાં બૌદ્ધ સમાજના લોકોનો સંપર્ક સાધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન એવી વિગત બહાર આવી હતી કે, મૃત યુવક વેસુના સુડા આવાસમાં રહેતો હતો. પોલીસે વેસુ સુડા આવાસમાં બચ્છાવ પરિવારનો સંપર્ક કર્યો હતો. મૃતકની ઓળખ ગોવિંદા ઉર્ફે ગોવિંદ (ઉ.વ. ૩૦) તરીકે થઈ હતી. મૃતકની માતાએ કહ્યું કે, તેનો દીકરો છેલ્લે નાના દીકરા સાથે ગયો હતો. ત્યારપછીથી તે ગાયબ હતો. એટલે પોલીસે મૃત યુવક ગોવિંદના સગીર વયના નાના ભાઈની પૂછપરછ કરી હતી. પોલીસે થોડી કડકાઈ દાખવતા તે ભાંગી પડ્યો હતો અને ગોવિંદાની હત્યા પોતે પિતરાઈ ભાઈ સાથે મળી કરી હોવાની કબૂલાત કરી હતી. હત્યારા નાના ભાઈએ પોલીસને કહ્યું કે, મોટો ભાઈ ગોવિંદ ઝઘડાળુ સ્વભાવનો હતો. આવા સ્વભાવના લીધે તેની પત્ની તેને છોડીને જતી રહી હતી. તે માતાને પણ સતત મારતો હતો. બનાવના આગલા દિવસે મોટા ભાઈએ માતાને મારી હતી. માતાએ ફોન કરી રડતા રડતાં ફરિયાદ કરી હતી. એટલે આવેશમાં આવી સગીર નાના ભાઈએ મોટા ભાઈની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં ડિંડોલી પાસે બાઈક ઉભી રાખી માતાને કેમ મારે છે? એમ કહી તિક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા મોટા ભાઈને મારી તેની હત્યા કરી હતી. અને લાશને ખેતરમાં ફેંકી ઘરે આવીને તે ઊંઘી ગયો હતો.

## કેનાલમાં ટ્રેક્ટર સાથે ગરકાવ દંપતિની લાશ મળી

વઢવાણ : વઢવાણ તાલુકાના ખેરાળી ગામના 37 વર્ષીય રમેશભાઈ ભોપાભાઈ કમેઝળીયા અને તેમના પત્ની 35 વર્ષીય અનસોયાબેન રમેશભાઈ કમેઝળીયા ટ્રેક્ટર લઈને માળોદના મારગે આવેલા પોતાના ખેતરે જતા હતા. ત્યારે ખેરાળીથી થોડે આગળ પાળી વગરની બોટાદ બ્રાંચ નર્મદા કેનાલમાં તેઓ ટ્રેક્ટર સહિત ખાબકયા હતા. જે બાદ સૌપ્રથમ તો ધોળીધજા ડેમમાંથી કેનાલમાં છોડવામાં આવતુ પાણી ઓછુ કરાયુ હતુ અને શોધખોળ કરાઈ હતી. દરમિયાન બુધવારે દંપતિની લાશ મળી આવી હતી.

# 102 લોકસભા બેઠકો પર પ્રચારના પડઘમ શાંત : આજે મતદાન

## આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા લોકસભા મતવિસ્તારોમાં ઘણા રસ્તાઓ પણ સીલ, ડ્રોન દ્વારા સર્વેલન્સ કરવામાં આવશે

**નવી દિલ્હી**

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનો પ્રચાર બુધવારે થંભી ગયો હતો. પ્રથમ તબક્કાનું મતદાન આવતીકાલે એટલેકે શુક્રવાર 19 એપ્રિલે થશે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં 21 રાજ્યોની કુલ 102 બેઠકો પર મતદાન થવા જઈ રહ્યું છે. આ તબક્કામાં મતદારો ચૂંટણી લડી રહેલા 1625 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે.

૧૯ એપ્રિલે પ્રથમ તબક્કા હેઠળ તમિલનાડુની તમામ ૩૯ બેઠકો, રાજસ્થાનની ૧૨ બેઠકો, ઉત્તર પ્રદેશની ૮, મધ્ય પ્રદેશની ૬, આસામની ૫, મહારાષ્ટ્રની ૫, ઉત્તરાખંડની ૫, બિહારની ૪, પશ્ચિમ બંગાળની ૩, મણિપુરની બે, અરુણાચલ પ્રદેશની બે, મેઘાલયની બે, આંદામાન અને નિકોબારની ૧, મિઝોરમની ૧, નાગાલેન્ડની ૧, પુડુચેરીની ૧, સિક્કિમની ૧, લક્ષદ્વીપની ૧, ત્રિપુરાની ૧, જમ્મુ-કાશ્મીરની ૧ અને છત્તીસગઢની ૧ બેઠક પર મતદાન થવાનું છે. 19 એપ્રિલે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. જે બેઠકો પર મતદાન થશે તેની આસપાસના જિલ્લાઓની સીમાઓ સીલ રહેશે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલા લોકસભા મતવિસ્તારોમાં ઘણા રસ્તાઓ પણ સીલ કરવામાં આવ્યા છે. સંવેદનશીલ મતદાન મથકોની આસપાસ ડ્રોન દ્વારા સર્વેલન્સ કરવામાં આવશે.

## અમેઠી કોંગ્રેસને ફટકો, ચૂંટણી પ્રચાર સંભાળનારા નેતાએ સાથ છોડ્યો

અમેઠીમાં કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. ભારતીય જનતા પાર્ટીના નેતા, કેન્દ્રીય મંત્રી અને ઉમેદવાર સ્મૃતિ ઈરાનીની હાજરીમાં કોંગ્રેસના પ્રદેશ સહ-સંયોજક વિકાસ અગ્રહરી ભાજપમાં જોડાયા હતા. ભાજપના



જિલ્લા અધ્યક્ષ રામ પ્રસાદ મિશ્રાએ વિકાસ અગ્રહરીનો પક્ષમાં સમાવેશ કર્યો છે. મહત્વનું છે કે કોંગ્રેસના પ્રદેશ મહાસચિવ રહી ચૂકેલા રાજેશ્વર પ્રતાપ સિંહ ઉર્ફે નાનકે સિંહ પણ સ્મૃતિ સામે કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીની સાથે ભાજપ સંગઠન પણ અમેઠીના ચૂંટણી જંગમાં પુરી તાકાતથી લાગેલું છે. જો કે કોંગ્રેસ-એસપી ગઠબંધને અમેઠીમાં હજુ સુધી પોતાના ઉમેદવારની જાહેરાત કરી નથી.

## ભગવાન રામનું અસ્તિત્વ નથી એવું રાહુલ ગાંધી પરિવારે એફિડેવિટ કર્યું

સ્મૃતિ ઈરાનીએ કેરળની વાયનાડ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા રાહુલ ગાંધીના વિસ્તારની મુલાકાત લીધી હતી અને સ્મૃતિ ઈરાનીએ એક પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધીએ પોતાનો રંગ બદલ્યો છે. 26 એપ્રિલ પછી રાહુલ ગાંધી અમેઠી આવશે અને ધર્મ અને જાતિના નામે ભાગલા પાડવાનો પ્રયાસ કરશે. સ્મૃતિ ઈરાનીએ કહ્યું, રાહુલ એ વ્યક્તિ છે જેના પરિવારે કોર્ટમાં સોગંદનામું આપ્યું હતું કે ભગવાન રામનું અસ્તિત્વ નથી. લીલા જુઓ, રામ નવમી પર ભગવાન રામને અભિનંદન આપવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા.

# ભાજપના મહારાજા પાસે અબજોની સંપત્તિ છતાં 47 લાખથી વધુનું દેવું

**નવી દિલ્હી**

વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશમાં બે દિવસ બાદ પ્રથમ તબક્કાનું મતદાન થવાનું છે. આ માટે ઉમેદવારો પોતાની બેઠક પરથી નામાંકન ભરી રહ્યા છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવાર જ્યોતિરાદિત્ય સિંધિયાએ દુર્ગા અષ્ટમીના અવસર પર મધ્યપ્રદેશની ગુના લોકસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. આ નોમિનેશનની સાથે તેણે સોગંદનામું પણ આપ્યું છે જેમાં તેમણે ચૂંટણી પંચ સમક્ષ પોતાની સંપત્તિ અને અન્ય માહિતી રજૂ કરી છે.

કેન્દ્રીય મંત્રીએ આપેલા સોગંદનામાં મુજબ તેમની પાસે 4 કરોડ 64 લાખ 50 હજાર જ્યારે તેમની પત્ની પાસે 14 લાખ 18 હજાર રૂપિયાની જંગમ સંપત્તિ છે. આ સિવાય જ્યોતિરાદિત્ય સિંધિયા પાસે માત્ર 25,000 રૂપિયા રોકડા છે જ્યારે તેમની પત્ની પાસે માત્ર 20,000 રૂપિયા છે. આ સિવાય તેમની પુત્રી અનન્યા રાજેના માત્ર 5 હજાર જ રોકડ છે. જ્યોતિરાદિત્ય સિંધિયાએ આપેલા સોગંદનામાં મુંજબ સિંધિયાના સ્વર્ગસ્થ દાદા જીવાજીરાવ સિંધિયાના નામે જ 382 કરોડ રૂપિયાની જંગમ અને સ્થાવર સંપત્તિ છે. ઉપરાંત દાદાના નામે બેંક ખાતામાં રોકાણના રૂપમાં રૂ. 56.29 કરોડની જંગમ સંપત્તિ છે.

# 6 રાજ્યોમાં ભાજપ કરશે ક્લિનસ્વીપ! યુપીમાં કોંગ્રેસનું ખાતું ખૂલવું મુશ્કેલ : સરવેમાં તારણ

**નવી દિલ્હી**

લોકસભા 2024ની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનને હવે બે દિવસ બાકી છે તે પહેલા પ્રચારનો ધમધમાટ બુધવારે બંધ થઈ ગયો હતો. ત્યારે ઈન્ડિયા ટીવી-સીએનએક્સ દ્વારા એક સરવે બહાર પાડવામાં આવ્યો હતો. આ સરવે અનુસાર, ભાજપની આગેવાની હેઠળની એનડીએ અંદાજે 393 લોકસભા બેઠક જીતી શકે છે. જ્યારે I.N.D.I.A. ગઠબંધનને 100થી ઓછી બેઠક મળી શકે છે. ખાસ કરીને કોંગ્રેસને ઝટકો લાગી શકે છે.

આ સરવે અનુસાર, ભાજપ ફરી એકવાર ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, હિમાચલ, ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં ક્લિનસ્વીપ કરશે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશ અને બિહારમાં પણ તેને શાનદાર પરિણામ મળશે.

એનડીએ ઉત્તર પ્રદેશમાં અંદાજે 76 બેઠકો જીતી શકે છે. જ્યારે સમાજવાદી પાર્ટી માત્ર 4 બેઠક પર જ કબજો કરી શકે છે. આ વખતે કોંગ્રેસ ઉત્તર પ્રદેશમાંથી જીતશે નહીં. એટલે કે, અમેઠી બાદ કોંગ્રેસ રાયબરેલી બેઠક પણ ગુમાવી શકે છે. ઉત્તર પ્રદેશના રૂહેલખંડ, અવધ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશના વિસ્તારોમાં ભાજપને મોટી લીડ મળશે. આરએલડી અને ભાજપનું ગઠબંધન પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં આઠ બેઠકો જીતશે, જ્યાં 19મી એપ્રિલે મતદાન થવાનું છે. રૂહેલખંડમાં 12માંથી 11 બેઠકો મળી શકે છે. આ સર્વે દર્શાવે છે કે પૂર્વાંચલમાં ભાજપને 29માંથી 25 બેઠકો મળી શકે છે. જ્યારે સપાને 2 અને અપના દળને 2 બેઠકો મળી શકે છે. જ્યારે કોંગ્રેસ કુલ 14 બેઠકો પર ખાતું પણ નહીં ખોલી શકે. ભાજપ તમામ બેઠકો જીતે તેવી શક્યતા છે.

# સત્તામાં આવીશું તો CAA રદ કરીશું, યુસીસી પણ લાગુ નહીં કરીએ: તૃણમૂલનો ચૂંટણી ઢંઢેરો

**નવી દિલ્હી**

લોકસભા 2024ની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનને હવે બે દિવસ જેટલો જ સમય બાકી છે ત્યારે રાજકીય પક્ષો આજે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. અગાઉ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઢંઢેરો બહાર પાડવામાં આવ્યો હતો ત્યારે હવે મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલે કોલકાતામાં ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે.

બંગાળની સત્તાધારી પાર્ટી તૃણમૂલે લોકસભા ચૂંટણી માટે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીના નેતા ડેરેક ઓ'બ્રાયન સહિત ઘણાં વરિષ્ઠ નેતાઓએ ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો છે. તૃણમૂલ (TMC)ના આ ચૂંટણી ઢંઢેરાને દીદીનું શપથપત્ર નામ આપવામાં આવ્યું છે. તૃણમૂલના ચૂંટણી ઢંઢેરામાં સીએએ અને એનઆરસી નાબૂદ કરવાનું વચન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત રાશન સહિત કલ્યાણકારી યોજનાઓનું વચન આપવામાં આવ્યું છે. બીપીએલ પરિવારોને એક વર્ષમાં 10 સિલિન્ડર આપવાનો પણ વાયદો કરવામાં આવ્યો છે. પાર્ટીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં લખ્યું છે, 'અમે લોકસભા ચૂંટણી 2024 માટે અમારો ચૂંટણી ઢંઢેરો જાહેર કરીને ખુશ છીએ. દીદીના શપથ સાથે અમે દરેક ભારતીયને રોજગાર, બધાને ઘર, મફત એલપીજી સિલિન્ડર, ખેડૂતોને MSP, SC-ST અને OBC વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ખાતરી આપવાના શપથ લઈએ છીએ.

# બેલેટ પેપરથી મતદાનમાં પણ અનેક ખામી રહે છે : સુપ્રીમ કોર્ટની સ્પષ્ટતા

**નવી દિલ્હી**

લોકસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કાના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે વિપક્ષ સતત ઈવીએમ સાથે સરકારના ચેડાં અંગે આક્ષેપો કરી રહ્યો છે ત્યારે સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈવીએમ અને વીવીપેટના સંદર્ભમાં વિપક્ષને અનેક આકરાં સવાલ પૂછ્યા હતા અને બેલેટ પેપરના ઉપયોગ અંગે થતી ગેરરીતિઓની પણ યાદ અપાવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે માનવીય દખલ થાય ત્યારે સમસ્યાઓ પેદા થાય છે. અન્યથા મશીન તમને એકદમ સચોટ પરિણામ આપે છે.

ઈવીએમથી મતદાન દરમિયાન દરેક મતદારને વેરિફિકેશન માટે વીવીપેટ સ્લિપ મળવી જોઈએ તેવી માગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે મંગળવારે સુનાવણી કરી હતી. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે છે ત્યારે ન્યાયાધીશો સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે આ કેસમાં આગામી સુનાવણી ૧૮ એપ્રિલ પર મુલતવી રાખી છે.

# મમતાએ રામનવીની ઊજવણી રોકવાનો ભરપૂર પ્રયાસ કર્યો : મોદીનો આક્ષેપ

**નવી દિલ્હી**

પહેલા તબક્કાના મતદાનને હવે બે દિવસનો સમય બાકી છે ત્યારે રામનવમીની પૂર્વ સંધ્યાએ પશ્ચિમ બંગાળમાં રાજકારણ અને ધર્મનો વિવાદ વકર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મમતા બેનરજી અને તૃણમૂલ કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસે બંગાળમાં રામનવમી સમારંભ રોકવા માટે અથાગ પ્રયત્નો કર્યા પરંતુ સત્યનો વિજય થયો. પશ્ચિમ બંગાળના બાલુરઘાટમાં એક ચૂંટણી રેલીને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આ પહેલી રામનવમી છે જ્યારે અયોધ્યામાં ભવ્ય રામ મંદિરમાં રામલલા વિરાજમાન થઈ ગયા છે. તેમણે ઉમેર્યું કે, તૃણમૂલ સરકાર રામનવમીની રેલીઓને મંજૂરી નથી આપતી પરંતુ રામનવમીની રેલીઓ પર પથ્થરમારાને મંજૂરી આપે છે.

# રણદીપ સુરજેવાલાને હેમા માલિની પર ટિપ્પણી કરવી ભારે પડી, પ્રચાર પર પ્રતિબંધ મૂકાયો

નવી દિલ્હી: યુપીની મથુરા લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર હેમા માલિની પર ટિપ્પણી કરવી કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાને મોંઘી પડી છે. ચૂંટણી પંચે આના પર કડક કાર્યવાહી કરી છે અને કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાને 48 કલાક માટે પ્રચાર કરવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ચૂંટણી પંચે કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાને હેમા માલિની પર કરેલી ટિપ્પણીને લઈને 48 કલાક માટે પ્રચાર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ સમયગાળા દરમિયાન તેઓ કોઈપણ ઈન્ટરવ્યુ, રોડ શો, જાહેર સભા કે મીડિયામાં કોઈ નિવેદન આપી શકશે નહીં. તમને જણાવી દઈએ કે છત્તીસગઢમાં એક સભાને સંબોધિત કરતી વખતે કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ મથુરાના સાંસદ હેમા માલિની પર વાંધાજનક ટિપ્પણી કરી હતી. કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ હરિયાણાના કૈથલમાં એક જનસભાને સંબોધિત કરતી વખતે ભાજપ નેતા અને મથુરાના સાંસદ હેમા માલિની પર અભદ્ર ટિપ્પણી કરી હતી. જ્યારે તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો ત્યારે સુરજેવાલાએ સ્પષ્ટતા આપી હતી અને કહ્યું હતું કે મારો ઈરાદો તેમનું અપમાન કરવાનો ન હતો.

# ગુલામ નબી આઝાદ નહીં લડે ચૂંટણી, જમ્મુ કાશ્મીરમાં બેઠક પરથી નામ પરત લીધું

**જમ્મુ કાશ્મીર**

ગુલામ નબી આઝાદે ચોંકાવનારી જાહેરાત કરી છે કે, 'હવે હું લોકસભા ચૂંટણી નહીં લડે.' આ પહેલા તેમણે તેમની જ પાર્ટી DPAPએ અનંતનાગ બારામુલા બેઠકથી ઉમેદવાર બનાવ્યા હતા, જ્યાંથી તેમણે નામ પરત લઈ લીધું છે. ગુલામ નબી આઝાદે અનંતનાગમાં પાર્ટી બેઠકમાં લોકસભા ચૂંટણી ન લડવાની જાહેરાત કરી. હવે આ બેઠક પર સીધો મુકાબલો નેશનલ કોન્ફરન્સ અને પીડીપી વચ્ચે થશે. ભાજપે અત્યાર સુધી અહીં પોતાના પત્તા નથી ખોલ્યા. ગૃહમંત્રી અમિત શાહે જમ્મુમાં કહ્યું કે, કાશ્મીરમાં ભાજપ કોઈ ઉતાવળમાં નથી. ભાજપ તરફથી ઉમેદવાર ન ઉતારવા પર જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાએ કહ્યું છે કે, 'ભાજપને કાશ્મીરમાં પોતાની હારનો અહેસાસ છે, એટલા માટે તે નથી લડી રહી.'

# છત્તીસગઢમાં BSFએ 29 નક્સલીઓને ઠાર માર્યાઃ 3 જવાન ઘાયલ, હથિયારો જપ્ત કરાયા

## હથિયારોમાં એકે-47, એસએલઆર, ઇન્સાસ રાઇફલો, 3 એલએમજીનો સમાવેશ

**બસ્તર**

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન ૧૯મી તારીખે યોજાઈ તે પહેલાં છત્તીસગઢમાં બસ્તર પ્રાંતમાં સુરક્ષાદળો અને નક્સલીઓ વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. સુરક્ષાદળોના એન્કાઉન્ટરમાં ૨૯ નક્સલીઓ માર્યા ગયા હતા. જ્યારે ત્રણ જવાનો પણ ઘાયલ થયા હતા. નક્સલીઓ પાસેથી હથિયારોનો મોટો જથ્થો પણ જપ્ત કરવામાં આવ્યો હતો. જંગલોમાં નક્સલીઓ છુપાયા હોવાની બાતમીના આધારે બીએસએફ અને



ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડના જવાનોની ટૂકડી નક્સલ વિરોધી ઓપરેશન માટે નિકળી હતી જે દરમિયાન સામસામે ભારે ગોળીબાર થયો હતો.

છત્તીસગઢના નક્સલ પ્રભાવિત બસ્તર રેન્જના આઈજી સુંદરરાજ પીએ જણાવ્યું હતું કે સામસામે કલાકો સુધી ગોળીબાર ચાલ્યો હતો, જે દરમિયાન ૨૫ લાખના ઇનામી એક નક્સલી કમાન્ડર સહિત ૨૯ નક્સલીઓ માર્યા ગયા હતા અને તેમના મૃતદેહો પણ મળી આવ્યા હતા. સાથે જ નક્સલીઓ પાસેથી એકે-૪૭, એસએલઆર, ઇન્સાસ અને ૩૦૩ રાઇફલો, ૩ એલએમજી પણ જપ્ત કરાઇ હતી. ૧૯મી એપ્રિલના રોજ બસ્તર વિસ્તારમાં લોકસભાની ચૂંટણીનું મતદાન યોજાવાનું છે.

# મુર્શિદાબાદમાં ધાર્મિક શોભાયાત્રા પર પથ્થરમારો થતાં પ્રશાસન સામે સવાલો

**મુર્શીદાબાદ**

પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદમાં બુધવારે રામનવમીની શોભાયાત્રામાં બબાલ થઈ. ઘર્ષણમાં અનેક લોકો ઘાયલ થયા છે. આ ઘટના બુધવારે સાંજે શક્તિપુર વિસ્તારમાં ઘટી હતી. એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે જેમાં જોવા મળે છે કે રામનવમી પર નિકળેલી શોભાયાત્રા પર કેટલાક લોકો પોતાના ધાબેથી પથ્થરો ફેંકી રહ્યા છે. હિંસક ઘટનાને પગલે તણાવ સર્જાતા ભીડને વેર વિખર કરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડયો અને ટીયર ગેસના સેલ પણ છોડયા હતા. પોલીસે કહ્યું કે સ્થિતિ હાલ કાબૂમાં છે અને વિસ્તારમાં વધારાની ફોર્સ મોકલવામાં આવી છે. ઘાયલોને બહરામપુરના મુર્શીદાબાદ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ લઈ જવાયા હતા. પ્રદેશ ભાજપે આરોપ લગાવ્યો કે રેલી પર પથ્થરમારો થયો અને દુકાનોમાં તોડફોડ કરવામાં આવી હતી. પશ્ચિમ બંગાળમાં વિપક્ષના નેતા સુવેન્દુ ચૌધરીએ કહ્યું કે રામનવમી પર શોભાયાત્રા કાઢવા માટે પ્રશાસન પાસેથી મંજૂરી લેવામાં આવી હતી પણ શક્તિપુલ બેલડાંગા-૨ બ્લોક, મુર્શીદાબાદમાં ઉપદ્રવીઓએ શોભાયાત્રા પર હુમલો કર્યો. વિચિત્ર વાત છે કે આ વખતે મમતા પોલીસ આ ભયાનક હુમલામાં ઉપદ્રવીઓની સાથે સામેલ થઈ ગઈ હતી.

# જલગાંવની કેમિકલ ફેક્ટરીમાં આગ લાગતાં 1નું મોત, 17 શ્રમિક દાઝ્યા

**જલગાંવ**

મહારાષ્ટ્રના જલગાંવમાં આવેલી એક કેમિકલ ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હોવાના સમાચાર સામે આવી રહ્યા હતી. આગની ઘટનામાં 17થી વધુ શ્રમિકો દાઝ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્રના જલગાંવમાં આવેલી કેમિકલ ફેક્ટરીમાં આગ લાગતાં 17થી વધુ કામદારો ઘાયલ થયા હતા. ત્યાં એકનું મોત થયું હતું. મળતી માહિતી મુજબ હજુ પણ ઘણા શ્રમિકો ફેક્ટરીમાં ફસાયેલા હતા મળતી માહિતી મુજબ આગ પહેલા એક મોટો વિસ્ફોટ થયો હતો. આ પછી સમગ્ર ફેક્ટરીમાંથી આગની જ્વાળાઓ ઉભરાવા લાગી હતી. જેની ઝપેટમાં અનેક શ્રમિકો આવી ગયા હતા. ફેક્ટરીમાં કરોડોનું નુકસાન થયું હતું. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

કેમિકલ ફેક્ટરીમાં આગને પગલે ફાયર વિભાગ અને પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. અને સમગ્ર ઘટનાને પગલે ફેક્ટરીમાં આગ બૂઝાવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યો હતો.

# ઉત્તર ભારતમાં મધ્ય પ્રદેશ- ઉત્તર પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં તાપમાન 41 ડિગ્રીએ પહોંચ્યું

## ઓરિસ્સામાં ત્રણ દિવસ શાળાઓમાં રજા : દેશના અનેક શહેરોમાં પારો 40ને પાર

**નવી દિલ્હી**

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ગરમીનો પારો સતત વધતા લોકોની મુશ્કેલીઓ વધી રહી છે. ગુજરાતના સૌરાષ્ટ્રમાં બે દિવસ પહેલાં કમોસમી વરસાદ બાદ બુધવારે તાપમાનનો પારો ઉંચે ચડી જતા ચારેબાજુ જાણે આકાશમાંથી અગન વર્ષા થઈ રહી હોય તેવી અનુભૂતિ લોકોને થઈ હતી. આ ઉપરાંત દેશના અનેક રાજ્યોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને આંબી ગયો છે. જેને કારણે નાગરિકો



મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ઓરિસ્સા, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તેલંગણા, પશ્ચિમ બંગાળમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર થઈ ગયું હતું. હવામાન વિભાગે ઓરિસ્સામાં ૨૦ એપ્રિલ સુધી ભીષણ ગરમી પડવાની ચેતવણી આપી છે. ચેતવણીને ધ્યાનમાં રાખીને ઓરિસ્સા સરકારે રાજ્યની શાળાઓ ત્રણ દિવસ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ઓરિસ્સાના મયુરભાંજ જિલ્લાના બારિપાડા શહેરમાં મહત્તમ તાપમાન ૪૩.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

# રામનવમીએ લલ્લાના ભાલે સૂર્ય તિલક કરાયો

**અયોધ્યા**

રામનવમીના દિવસે ભગવાન શ્રીરામનો દેશભરમાં જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. અયોધ્યામાં રામલલાના લલાટ પર વિશેષ યંત્ર દ્વારા સૂર્ય તિલક કરવામાં આવ્યું હતું. સૂર્યના કિરણો જેમ જ રામલલાનું લલાટ પણ જળહળી ઉઠયું હતું. લોકોએ ઈન્ટરનેટ અને ટીવીના માધ્યમથી રામના સૂર્યાભિષેકને નિહાળ્યો હતો. જ્યારે ભગવાન રામનું સૂર્ય તિલક કરવામાં આવી રહ્યું હતું તે સમયે વડાપ્રધાન મોદી આસામમાં ચૂંટણી સભા હતા. અને ઓનલાઈન તેમણે સમગ્ર વીધીને નિહાળી હતી.



બપોરના સમયે રામ લલાની મૂર્તિના લલાટ પર સૂર્યાભિષેક કરવામાં આવ્યો હતો. આ માટે મંદિર મેનેજમેન્ટે વિજ્ઞાનનો ઉપયોગ કરીને ૫.૮ સેંટીમીટર પ્રકાશની કિરણ સાથે રામલલાને સૂર્ય તિલક કર્યું હતું. આ અવસરે ૧૦ ભારતીય વૈજ્ઞાનિકોની એક ટીમ રામ મંદિરમાં તૈનાત હતી. એક દર્પણ અને લેંસનો ઉપયોગ કરીને સૂર્યની રોશનીને રામલલાના લલાટ પર સટીક રીતે સ્થાપિત કરી હતી. વૈજ્ઞાનિકોની ટીમે આ માટે અથાક પ્રયાસો પણ કર્યા હતા. જ્યારે બીજી તરફ દેશભરમાં રામનવમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ ઉજવણીમાં જોડાયા હતા. તેઓ આસામમાં રેલીને સંબોધી રહ્યા હતા જે બાદ તેઓએ આ સમગ્ર વીધીને ઓનલાઈન નિહાળી હતી.

# માતાએ ફોન આપવાની ના પાડતા ૧૨ વર્ષની પુત્રીએ આત્મહત્યા કરી

**હરદોઇ**

મોબાઈલનું વળગણ નાની ઉમરના બાળકોને વધતું જાય છે એનું શું પરીણામ આવે છે તેનો ચોંકાવનારો કિસ્સો યુપીના હરદોઈ જિલ્લામાં બન્યો હતો. ૧૨ વર્ષની પુત્રી પોતાની માતા પાસે કાર્ટુન જોવા માટે મોબાઈલ માંગતી હતી. માતાએ મોબાઈલ ફોન આપવાનો ઈન્કાર કરતા નારાજ થઈને પુત્રીએ ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર હરદોઈના અતરોલી થાના ક્ષેત્રમાં હનુમાનગઢી મજરા કુકરામાં બનાવ બન્યો હતો. આત્મહત્યા કરનારી ૧૨ વર્ષની પુત્રીનું નામ અંશિકાસિંહ હતું. ઘરમાં હવન-પૂજા અને આરતીનો માહોલ હોવાથી સૌ ખૂશ હતા. જમવાનો સમય થયો હોવાથી માતાએ મોબાઈલ માટે તંગ કરતી પુત્રી અંશિકાને મોબાઈલ આપવાની ના પાડી દીધી હતી આથી ખોટું લાગતા આત્મહત્યાનું પગલું ભર્યું હતું. પાંચમા ધોરણમાં ભણતી અંશિકાની શોધખોળ કરતા છેવટે રુમમાં ફાંસો લટકાવેલી હાલતમાં મળી આવી હતી. પોલીસ પોસ્ટ મોર્ટમ કરીને ઘટનાની તપાસ કરી છે.

# સલમાને જાનથી મારવાની વાતો કરનારા નરાધમો વિશે વાત નથી કરવી : સલીમ ખાન

**નવી દિલ્હી**

સલમાન ખાનને મળેલી જાનથી મારી નાખવાની અને ઘર બહાર થયેલા ગોળીબારને મુદ્દે હવે તેમના પિતા સલીમ ખાને વાત કરી છે. સલીમ ખાને કહ્યું કે ધમકીઓ આપનારા નરાધમો છે, આવા નરાધમો વિશે વાત કરવાનો શો ફાયદો? તેમણે કહ્યું રાજ્યના મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ પૂરા ખાન પરિવારને વધારાની સુરક્ષા પૂરી પાડશે તેમ કહ્યું છે. અમારી પાસે વધારાનું પોલીસ રક્ષણ છે. પોલીસ આ કેસમાં બે લોકોની ધરપકડ કરી હતી અને તેઓ લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંબંધ ધરાવતા હોવાનું ખૂલ્યું છે. 14 એપ્રિલે બે અજાણ્યા લોકોએ સલમાન ખાનના મુંબઈમાં આવેલા ઘર બહાર ગોળીબાર કર્યો હતો. જેકે 16 એપ્રિલે ગુજરાતના ભૂજ ખાતેથી ગોળીબાર કરનારા બંનેની ધરપકડ કરાઈ હતી.

# જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં ટાર્ગેટ કિલિંગ આંતકીઓએ પરપ્રાંતીય મજૂરની હત્યા કરી

## પોલીસે સમગ્ર વિસ્તારનો ઘેરાવ કરી સર્ચ ઓપરેશન હાથ ધર્યું

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના બિજભેરામાં બુધવારે સાંજે આતંકીઓએ બિન કાશ્મીરીઓ પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૃતકની ઓળખ શંકર શાહ તરીકે થઈ છે જે બિહારનો રહેવાસી હતો.

અનંતનાગ જિલ્લાના બિજભેરામાં આતંકીઓએ ગોળીબાર કરીને આતંકીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતી. આ હુમલાથી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસે સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને આતંકીઓની શોધખોળ શરૂ કરી છે. નોંધનીય છે કે, આ ઘટના અનંતનાગ લોકસભા મતવિસ્તારમાં બની હતી, જ્યાં સાતમી મેના રોજ ત્રીજા તબક્કાનું મતદાન થવાનું છે. ચૂંટણીને કારણે સુરક્ષા ઘણી સઘન કરવામાં આવી છે. તેમ છતાં આતંકીઓ દ્વારા હુમલા કરવામાં આવી રહ્યા છે.

# તમે દેખાવ છો એટલા નિર્દોષ નથી : સુપ્રીમ કોર્ટે રામદેવને ફરી એક વખત ઝાટક્યા

**બેંગ્લોર**

બોગસ દવાઓની જાહેરખબરો છાપવાના વિવાદમાં સુપ્રીમ કોર્ટે રામદેવને ફરી એક વખત ઝાટક્યા છે અને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે "તમે દેખાવ છો એટલા નિર્દોષ નથી". રામદેવે ભ્રામક જાહેરખબરોના કેસમાં વધુ એક વખત માફી માગી છે. રામદેવની કંપની સામે તપાસ કરવાની જરૂર હતી છતાં ઉત્તરાખંડ સરકારે કંઈ ન કર્યું તેના કારણે સુપ્રીમે રાજ્ય સરકારની ટીકા કરી હતી. રામદેવે ભ્રામક જાહેરખબરોને બંધ કરવાનું વચન આપ્યું હતું છતાં જાહેરખબરો ચાલુ રાખી હતી, તેના કારણે સુપ્રીમ કોર્ટ નારાજ છે અને આકરા એક્શન લેવાની તૈયારી કરી છે. અગાઉની સુનાવણીમાં પણ સુપ્રીમ કોર્ટે પતંજલિના સ્થાપકોની આકરા શબ્દોમાં ટીકા કરી હતી.

# ભારે રસાકસી બાદ મુંબઈએ છેલ્લી ઓવરમાં પંજાબને નવ રનથી હરાવ્યું

## મુંબઇ ૭/૧૯૨, સૂર્યકુમાર ૭૮, પંજાબ ૧૮૩, આશુતોષ ૬૧, બુમરાહ ૩/૨૧

**મુલ્લાનપુર**

સૂર્યકુમાર યાદવની અડધી સદી બાદ બુમરાહે ઝડપેલી ત્રણ વિકેટની મદદથી મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલની લીગ મેચમાં ભારે રસાકસી બાદ પંજાબને છેલ્લી ઓવરમાં નવ રનથી પરાજય આપ્યો હતો. મુંબઈના સાત વિકેટે ૧૯૨ રનના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર પંજાબની ટીમ ૧૮૩ રન બનાવી શકી હતી. પંજાબ માટે આશુતોષે ૬૧ રન બનાવ્યા હતા. બુમરાહે ૨૧ રનમાં ત્રણ વિકેટ હાંસલ કરી હતી. ઓપનર ઈશાન કિશન (૮) રબાડાનો શિકાર બન્યા બાદ રોહિત અને સૂર્યકુમારે બીજી વિકેટ માટે ૫૭ બોલમાં ૮૧ રનની ભાગીદારી નોંધાવી હતી. રોહિતે ૨૫ બોલમાં બે બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૩૬ રન બનાવ્યા હતા. તેના આઉટ થયા બાદ સૂર્યકુમાર અને તિલક વર્માએ ૨૮ બોલમાં ૪૯ રન ઉમેર્યા હતા. સૂર્યકુમાર ૫૩ બોલમાં સાત બાઉન્ડ્રી તથા ત્રણ સિક્સર વડે ૭૮ રન ફટકાર્યા હતાં.



### રોહિતે ૨૫૦ મેચ પૂરી કરી, ૬૫૦૦ રન પણ પૂરા કર્યા

હિટમેન તરીકે જાણીતા બનેલા રોહિત શર્માએ પંજાબ સામેની મેચ માટે મેદાનમાં ઉતરતાની સાથે આઈપીએલ કારકિર્દીમાં ૨૫૦મી મેચ રમવાની સિદ્ધિ મેળવી હતી. આ મેચમાં તેણે આઈપીએલમાં પોતાના ૬૫૦૦ રન પણ પૂરા કર્યા હતા. રોહિત ચેન્નઈના ધોની બાદ આઈપીએલમાં ૨૫૦ મેચ રમનાર બીજા ખેલાડી બનવાની સિદ્ધિ મેળવી હતી. તેણે દિનેશ કાર્તિકને (૨૪૯) પાછળ રાખી દીધો હતો. રોહિતે મુંબઈ માટે ૨૨૪ સિક્સર ફટકારી છે અને તેણે કિરોન પોલાર્ડને (૨૨૩ સિક્સર) પાછળ રાખી દીધો હતો.

### ગુજરાતની ઘરઆંગણે કારમી હાર, દિલ્હી છ વિકેટે જીત્યું

અમદાવાદ । આઈપીએલની ૩૨મી લીગ મેચમાં ગુજરાત ટાઈટન્સનો તેના ઘરઆંગણે કારમો પરાજય થયો છે. દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઈટન્સને જીત માટેના ટાર્ગેટને માત્ર ૮.૫ ઓવરમાં જ ચાર વિકેટના ભોગે પ્રાપ્ત કરી લઈને જીત મેળવી હતી. ગુજરાતે આપેલા ૯૦ રનના વિજયી લક્ષ્યાંકને દિલ્હી કેપિટલ્સે ૧૧.૧ ઓવર બાકી રહેતા જ પૂર્ણ કરીને જીત મેળવી હતી. ગુજરાત વતી જેક ફ્રેઝર મેકગર્કએ ૨૦ રન કર્યા હતા જ્યારે અભિષેક પોરેલ ૧૫ અને સાઈ હોપે ૧૯ રન કર્યા હતા. સુકાની પંત ૧૬ રને અણનમ રહ્યો હતો. ગુજરાત ટાઈટન્સ વતી સંદિપ વારિયરને બે જ્યારે જોનસન અને રાશિદ ખાનને એક-એક વિકેટ મળી હતી. દિલ્હી કેપિટલ્સના બોલર્સે કરેલી ઘાતક બોલિંગના કારણે ગુજરાત ટાઈટન્સની ટીમ આઈપીએલની ૩૨મી લીગ મેચમાં ૧૭.૩ ઓવરમાં માત્ર ૮૯ રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી.

### બટલરે કોલકાતાનો વિજય છીનવ્યો

કોલકાતા । ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમનાર ઓપનર જોસ બટલરે અણનમ ૬૦ બોલમાં અણનમ ૧૦૭ રનની ઈનિંગ રમતા રાજસ્થાન રોયલ્સે આઈપીએલની લીગ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને બે વિકેટે પરાજય આપ્યો હતો. કોલકાતાના છ વિકેટે ૨૨૩ રનના સ્કોર સામે રાજસ્થાન આઠ વિકેટે ૨૨૪ રન નોંધાવી શકી હતી. રોવમેન પોવેલે ૧૩ બોલમાં ૨૬ રન બનાવવાની સાથે બટલર સાથે ૫૭ રનની પાર્ટનરશિપ કરી હતી. કોલકાતાની ઈનિંગમાં નરૈને ૫૬ બોલમાં ૧૩ બાઉન્ડ્રી અને છ સિક્સર વડે ૧૦૯, રઘુવંશીએ ૩૦ રન બનાવ્યા હતા.

### KKRના સુકાની શ્રેયસ ઐયરને BCCIએ ૧૨ લાખનો દંડ કર્યો



મુંબઈ । કોલકાતા નાઈટ રાઈડર્સને બેવડો આંચકો લાગ્યો છે. મેચમાં સ્લો ઓવર રેટ બદલ ટીમ સુકાની શ્રેયસ ઐયરને બીસીસીઆઈ દ્વારા ૧૨ લાખનો દંડ ફટકારાયો હતો. આઈપીએલના આયોજકોએ એક નિવેદનમાં લખ્યું હતું કે કોલકાતા નાઈટ રાઈડર્સના સુકાની શ્રેયસ ઐયર પર ૧૭ એપ્રિલે ઈડન ગાર્ડન્સમાં રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં સ્લો ઓવર રેટ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. લઘુતમ ઓવર રેટ ગુના સંબંધિત આઈપીએલની આચારસંહિતા હેઠળ આ કેકેઆર ટીમનો પહેલો ગુનો હોવાનો કારણે ટીમના સુકાનીને ૧૨ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

### મેન્ટલ હેલ્થ ઇશ્યૂના કારણે મેક્સવેલે આઇપીએલમાંથી ટૂંકો બ્રેક લીધો



બેંગ્લોર : રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂના ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે આઈપીએલની વર્તમાન સિઝનમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે. મેક્સવેલે બ્રેક લેવાનો નિર્ણય કર્યો છે જે સોમવારે હૈદરાબાદ સામેની મેચમાં રમ્યો નહોતો. મેક્સવેલે જણાવ્યું હતું કે મેં જાતે જ સુકાની ડુ પ્લેસિસ તથા કોચિંગ સ્ટાફને મારો પ્લેઈંગ ઈલેવનમાં સમાવેશ નહીં કરવાનો આગ્રહ કર્યો હતો. મારે શારીરિક તથા માનસિક બ્રેકની જરૂર છે. હું અગાઉ પણ મેન્ટલ હેલ્થ ઈશ્યૂના સામનો કરી ચૂક્યો છું. હું રમવાનું ચાલુ રાખી શક્યો હોત પરંતુ હું વધારે કંગાળ ફોર્મ તરફ ધકેલાયો હોત.

### ભારતના લોંગ જમ્પર શ્રીશંકરને ઘૂંટણમાં ઈજા, ઓલિમ્પિકમાંથી બહાર થયો

**નવી દિલ્હી**

લોંગ જમ્પર ભારતીય એથ્લેટ મુરલી શ્રીશંકરને ટ્રેનિંગ દરમિયાન ઘૂંટણમાં ઈજા થઈ હતી જેના કારણે તે ચાલુ વર્ષે યોજાનારી પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાંથી બહાર થઈ ગયો છે. તેને સર્જરી કરાવવાની ફરજ પડી છે અને તે ૨૦૨૪ની બાકીની પૂરી સિઝન ગુમાવશે. કોમનવેલ્થ ગેમ્સના સિલ્વર મેડાલિસ્ટ શ્રીશંકરે ૨૫ વર્ષીય એથ્લેટે શાંઘાઈ તથા સુઝોયુ બાદ દોહા ખાતે અનુક્રમે ૨૭મી એપ્રિલ અને ૧૦મી મેએ સતત બે ડાયમંડ લીગમાં ભાગ લઈને સિઝનની શરૂઆત કરવાની હતી પરંતુ મંગળવારે તેને ગંભીર ઈજા થઈ હતી અને ઓલિમ્પિકમાં ભાગ લેવાનું તેનું સ્વપ્ન રોળાઈ ગયું હતું.

## ઓસ્ટ્રેલિયન એક્વિટિકમાં મોલી-મેકિઓને ગોલ્ડ

**। ગોલ્ડકોસ્ટ । (ક્વિન્સલેન્ડ)**

બે વખતની વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાની મોલી ઓકાલાહાને પેરિસ ઓલિમ્પિક પહેલાં વિશ્વના અન્ય સ્ટાર સ્વિમર્સને ચેતવણી આપીને ઓસ્ટ્રેલિયન સ્વિમિંગ ચેમ્પિયનશિપની વિમેન્સ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલનો ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો હતો. ઓકાલાહાને ૫૨.૨૭ સેકન્ડના સમય સાથે રેસ પૂરી કરી હતી. અન્ય ઓસ્ટ્રેલિયન સ્વિમર કેલી મેકિઓને ૨૦૦ મીટર મિડલે રેસને બે મિનિટ ૦૬.૯૯ સેકન્ડમાં પૂરી કરીને ૨૦૦૯થી અતૂટ રહેલા ઓસ્ટ્રેલિયન રેકોર્ડને તોડી નાખ્યો હતો. ૨૦૦ મીટર મિડલેમાં આ તેનો સાતમો ફાસ્ટેસ્ટ ટાઈમ રહ્યો હતો. મેકિઓન ૨.૭ મિનિટમાં રેસ પૂરી કરનાર પાંચમી મહિલા સ્વિમર પણ બની છે. મેન્સની ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ઈલિજાહ વિનિંગ્ટોને ત્રણ



મિનિટ ૪૧.૪૧ સેકન્ડના સમય સાથે વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હતો. તેનો આ ટાઈમ ત્રીજા ક્રમાંકનો બેસ્ટ રહ્યો છે. વિમેન્સ ૮૦૦ મીટરી ફ્ર સ્ટાઈલમાં એરિયન ટિટમસે આઠ મિનિટ ૧૭.૮૦ સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ જીતવા ઉપરાંત લાલી પેલિસ્ટર કરતાં બે સેકન્ડનો ઓછો સમય લીધો હતો.

### બાજી ડ્રો કરી ગુકેશ સંયુક્ત રીતે બીજા સ્થાને, પ્રજ્ઞાનાનંદા અને વિદિત હાર્યા

**। ટોરન્ટો ।**

ભારતનો ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશ કેન્ડિડેટ્સ ચેસ ટૂર્નામેન્ટના ૧૧મા રાઉન્ડમાં ટોચના ક્રમાંકિત ફેબિયાનો કારુઆના સામેનો મુકાબલો ડ્રો કરીને સંયુક્ત રીતે બીજા ક્રમે સરકી ગયો છે. ભારતના અન્ય ખેલાડી પ્રજ્ઞાનાનંદા અને વિદિત ગુજરાતીને પરાજયનો સામનો કરવો પડયો હતો. પ્રજ્ઞાનાનંદાને અમેરિકાના હિકારુ નાકામૂરાએ તથા વિદિતને રશિયાના ઈયાને હરાવ્યો હતો. અન્ય મુકાબલામાં ફ્રાન્સના ફિરોઝા અલીરઝાએ અઝરબૈજાનના નિજાત અબાસોવને હરાવ્યો હતો. ટૂર્નામેન્ટમાં હવે ત્રણ રાઉન્ડના મુકાબલા બાકી છે અને રશિયન ખેલાડી ઈયાન સતત ત્રીજી વખત ટાઈટલ માટેનો પ્રબળ દાવેદાર બની ગયો છે.

## સાઉથ આફ્રિકા સામે ૩૦૦ પ્લસનો ટાર્ગેટ ચેઝ કરી શ્રીલંકન વિમેન્સ ટીમનો રેકોર્ડ

**પોચેફસ્ટ્રુમ**

શ્રીલંકા અને સાઉથ આફ્રિકાની વિમેન્સ ટીમો વચ્ચે રમાયેલી ત્રીજી અને અંતિમ વન-ડે મેચમાં અનેક રેકોર્ડ સર્જાયા હતા. આ મેચમાં શ્રીલંકન ટીમ વિમેન્સ ક્રિકેટમાં ૩૦૦ પ્લસનો ટાર્ગેટ સફળ રીતે ચેઝ કરનાર પ્રથમ ટીમ બની ગઈ છે. આ પહેલાંનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના નામે હતો જેણે ૨૦૧૨માં ન્યૂઝીલેન્ડ સામે ૨૮૯ રન ચેઝ કર્યા હતા. સાઉથ આફ્રિકાના પાંચ વિકેટે ૩૦૧ રનના સ્કોરને શ્રીલંકાએ ચાર વિકેટે ૩૦૫ રન બનાવીને હાંસલ કરી લીધો હતો. વિમેન્સ વન-ડેમાં રનચેઝ દરમિયાન બંને ટીમોનો આ સંયુક્ત સર્વાધિક સ્કોર છે. આ પહેલાં ૨૦૧૭ના વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડના ૩૭૪ રનના જવાબમાં સાઉથ આફ્રિકાએ નવ વિકેટે ૩૦૫ રન બનાવ્યા હતા. શ્રીલંકાની



ચમારી અટાપટ્ટુ અને સાઉથ આફ્રિકાની લૌરા વુલવાર્ડ મેન્સ તથા વિમેન્સ બંનેના વન-ડે ઈતિહાસમાં એક જ મેચમાં ૧૮૦ પ્લસ રન નોંધાવનાર પ્રથમ ખેલાડીઓ બની ગઈ છે. બંનેએ કુલ ૩૯૦ રન બનાવ્યા હતા અને બંનેએ વન-ડેમાં બે સુકાની દ્વારા બનાવવામાં આવેલા સર્વાધિક રનના મામલે વિરાટ કોહલી અને એન્જેલો મેથ્યૂઝને પાછળ રાખી દીધા હતા.




# અમેરિકામાં વધુ એક ભારતીયનું મોત, ગેરકાયદે ઘૂસણખોરી મામલે પકડાતાં ડિપોર્ટ થવાના હતા

**ન્યૂયોર્ક**

અમેરિકાથી ફરી એકવાર હચમચાવી મૂકે તેવા સમાચાર સામે આવ્યા છે. અહીં ગેરકાયદે ઘૂસણખોરી મામલે પકડાયેલા એક 57 વર્ષીય ભારતીયનું મોત નીપજતાં ખળભળાટ મચી ગયો છે. એટલાન્ટાની હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

અત્યાર સુધીની માહિતી અનુસાર તેમને ફરી વતન ડિપોર્ટ કરવાની તૈયારી ચાલી રહી હતી. ફેડરલ ઓથોરિટીએ આ માહિતી આપી હતી. મૃતકની ઓળખ 57 વર્ષીય જસપાલ સિંહ તરીકે થઈ છે. જેના વિશે ન્યુયોર્કમાં આવેલા ભારતીય વાણિજ્ય દૂતાવાસે માહિતી આપી હતી. અમેરિકાના ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ વિભાગે જણાવ્યું કે પીડિતના પરિજનોને જાણ કરી દેવામાં આવી છે.



જસપાલ સિંહનું મૃત્યુ 15 એપ્રિલના રોજ થયું હતું. જોકે તેમના મૃત્યુનું કારણ જાણવા માટે ઓટોપ્સી રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે જેનો રિપોર્ટ હજુ આવવાનો બાકી છે. સિંહ એક ભારતીય નાગરિક હતા અને તેઓ 25 ઓક્ટોબર 1992માં અમેરિકા ગેરકાયદે રીતે આવ્યા હતા.

# દક્ષિણ-પશ્ચિમ કોંગોમાં 15, મકાલેમાં 18 લોકોના માટી નીચે દબાતાં મોત

**કોંગો**

પાકિસ્તાન, અફઘાનિસ્તાનથી લઈને કઝાકિસ્તાન અને રશિયા સુધી વરસાદ અને પૂરના કારણે લાખો લોકોએ સુરક્ષિત સ્થળોએ શરણ લેવું પડયું છે, તો ઘણી જગ્યાએ ભૂસ્ખલનના બનાવો બન્યા છે, જેમાં કુલ 33 લોકોનાં મૃત્યુ થયા હોવાના અહેવાલ છે. દક્ષિણ-પશ્ચિમ કોંગોમાં 15 લોકોનાં મૃત્યુ થયાં છે જ્યારે 60થી વધારે લોકો લાપતા થયા હોવાનું કહેવાય છે. ઈન્ડોનેશિયાના સુલાવેલી ટાપુ પર ભૂસ્ખલન થયું હતું, ત્યાં બચાવદળે 18 મૃતદેહો બહાર કાઢયા હતા. વરસાદને પરિણામે પહાડ પરની માટી ધસી પડતાં તેમાં ઘણાં ઘર દટાયાં છે. દટાયેલાં ઘરોમાં લોકો હોવાની આશંકા છે. કોંગોના ઈડિયોફા શહેરની નજીક બંદરથી થોડેક દૂર થયેલા ભૂસ્ખલન બાદ ત્યાંથી સાત લોકોને જીવિત બહાર કાઢવામાં આવ્યા હતા. પહાડ પરથી માટી ધસી પડતાં કેટલાક લોકો ગુમ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. બચાવકર્મીઓએ મકાલે ગામમાંથી પણ 14 જેટલા મૃતદેહો બહાર કાઢયા હતા, જ્યારે દક્ષિણ મકાલેમાં ચાર મૃતદેહ ભેખડ નીચેથી બહાર કાઢવામાં આવ્યા હતા.

# ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહના ત્રણ કમાન્ડરોનો ડ્રોન હુમલામાં ખાત્મો

**તહેરાન**

ઈરાને કરેલા મિસાઈલ અને ડ્રોન હુમલા બાદ ઈઝરાયેલે વળતો પ્રહાર કરીને લેબેનોનમાં ઈરાન સમર્થિત સંગઠન હિઝબુલ્લાહ પર એર સ્ટ્રાઈક કરી છે. જેમાં આ સંગઠનના ટોચના બે કમાન્ડરો સહિત ત્રણના મોત થયા છે.

ઈઝરાયેલની ડિફેન્સ ફોર્સે કહ્યુ છે કે, ‘હુમલામાં હિઝબુલ્લાના પશ્ચિમી વિસ્તારના રોકેટ-મિસાઈલ યુનિટના કમાન્ડર મોહમ્મદ હુસેન શાહોરીનુ મોત થયુ છે. શાહોરીએ લેબનોનના મધ્ય તેમજ પશ્ચિમના વિસ્તારોમાંથી ઈઝરાયેલ પર રોકેટ અને મિસાઈલ એટેક કરવાની યોજના બનાવી હતી અને તેને અંજામ પણ આપ્યો હતો. એર સ્ટ્રાઈકમાં હિઝબુલ્લાહના રોકેટ તેમજ મિસાઈલ યુનિટનો અન્ય એક કમાન્ડર મહેમૂદ ઈબ્રાહિમ ફદલ્લાહ પણ માર્યો ગયો છે. આ પહેલા ઈઝરાયેલના હવાઈ હુમલા અંગે અમેરિકન ન્યૂઝ ચેનલે જાણકારી આપતા કહ્યુ હતુ કે, ‘લેબનોનના એન એબલ વિસ્તારમાં હિઝબુલ્લાહના કમાન્ડર ઈસ્માઈલ યૂસુફ બાઝનુ મોત થયુ છે. ‘ બીજી તરફ હિઝબુલ્લાહે પણ પોતાના ત્રણ લડવૈયાઓ માર્યા ગયા હોવાની વાતને સમર્થન આપ્યુ છે. સંગઠને હુમલા અંગે અને માર્યા ગયેલા વ્યક્તિઓ અંગે વધારે કોઈ જાણકારી પૂરી પાડી નથી.

# યુએઈ સહિતના મધ્યપૂર્વના દેશોમાં આકાશથી આફત વરસી, ઓમાનમાં પૂરથી 18નાં મોત

## ભારે વરસાદને પગલે ભારત અને યુએઈ વચ્ચે 30થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી

**દુબઈ**

યુનાઈટેડ આરબ અમીરાત અને તેની આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ પડતા દેશના ટોચના આઈવી સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને તેના લીધે સમગ્ર દુબઈમાં કેટલાય લોકોએ રસ્તા પર વાહનો છોડી દીધા હતા. જ્યારે ઓમાનમાં ભારે વરસાદના લીધે આવેલા પૂરનો મૃત્યુઆંક ૧૮નો થયો છે. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ પાણી ભરાયા છે. પ્લેનોએ રીતસરનું પાણીમાં લેન્ડિંગ કરવું પડી રહ્યું છે. ભારત અને દુબઈ વચ્ચે ચાલતી ૩૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. દુબઈની ગલીઓ પાણીથી ભરાયેલી છે. દુબઈના આકાશમા વીજળીના ચમકારા જોવા મળે છે અને વિશ્વના સૌથી ઊંચા બિલ્ડિંગ



બુર્જ ખલીફા પર વારંવાર વીજળી ત્રાટકતી હોય તેવું જોવા મળે છે. ભારે વરસાદના લીધે સમગ્ર યુએઈની બધી સ્કૂલો બંધ રાખવાનીફરજ પડી છે. સરકારી કર્મચારી અને ખાનગી કર્મચારીઓએ પણ રિમોટ વર્કિંગ કરવુ પડયુ છે.

# ઈઝરાયેલ સરકાર સાથે કામનો ગુગલના કર્મચારીઓ દ્વારા વિરોધ સાથે ધરણા શરૂ

**જેરુસલેમ**

વિશ્વના બે દેશો વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યાં છે. સીરિયામાં ઈરાનના દૂતાવાસ પર હુમલા બાદ ઈરાન અને ઈઝરાયલ વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે ગૂગલના કર્મચારીઓએ ઈઝરાયલ સરકાર સાથે કંપનીના કામ સામે વિરોધ કર્યો છે. ગૂગલની કેલિફોર્નિયા અને ન્યૂયોર્ક ઓફિસમાં અનેક કર્મચારીઓએ આઠ કલાક સુધી ધરણાં કર્યા. આ ઘટનામાં કંપનીએ પોલીસની પણ મદદ લેવી પડી, જેમાં અનેક કર્મચારીઓની ધરપકડ થયાના અહેવાલ છે.

કર્મચારીઓ માગ શું છે?

અહેવાલો અનુસાર, ગૂગલના કર્મચારીઓના વિરોધનું મુખ્ય કારણ પ્રોજેક્ટ નિંબસ છે, જે વર્ષ 2021માં ગૂગલ અને ઈઝરાયલ સરકાર વચ્ચે કરાર થયો હતો. એઆઈ કોન્ટ્રાક્ટ પ્રોજેક્ટની કિંમત એક અબજ ડોલર છે. મંગળવાર કેટલાક




કર્મચારીઓએ ગૂગલ ક્લાઉડના સીઈઓ થોમસ કુરિયનની ઓફિસને ઘેરીને આઠ કલાક સુધી ધરણાં કર્યા હતા. તેમની માગ છે કે, ગૂગલે ઈઝરાયલની ક્લાઉડ કમ્પ્યુટિંગ સર્વિસ તાત્કાલિક બંધ કરવી જોઈએ કારણ કે, તેઓ ગાઝામાં ભારે હિંસા કરી રહ્યા છે.

# ટાઈમ મેગેઝિને 100 પ્રભાવશાળી લોકોની યાદી જાહેર કરી : અનેક ભારતીય સામેલ

**લંડન**

જાણિતા ‘ટાઈમ’ મેગેઝિનની બુધવારે જાહેર દુનિયાના 100 સૌથી પ્રભાવશાળી લોકોની યાદી જાહેર કરાઈ છે. જેમાં ઓલમ્પિક મેડલ વિજેતા ભારતીય પહેલવાન સાક્ષી મલિકને પણ ટાઈમ મેગેઝિને 2024ના 100 સૌથી પ્રભાવશાળી લોકોમાં સામેલ કર્યા છે. આ સિવાય ભારતીયોમાં વર્લ્ડ બેંકના અધ્યક્ષ અજય બંગા, બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ, માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નડેલા, એક્ટર દેવ પટેલ, પ્રિયંવદા નટરાજન, ભારતીય મૂળના રેસ્ટોરાં માલિક અસ્મા ખાન સામેલ છે. આ યાદીમાં રશિયન વિપક્ષ નેતા એલેક્સ નવલનીની વિધવા યૂલિયા નવલનાયા પણ સામેલ છે.

ગુજરાતમાં જન્મેલા અને અમેરિકન ઉર્જા વિભાગના ડિરેક્ટર જિગર શાહ પણ આ યાદીમાં સામેલ છે. તેમનો જન્મ ગુજરાતના મોડાસામાં થયો હતો. તેઓ એક વર્ષના હતા ત્યારે તેઓ પોતાના પરિવાર સાથે અમેરિકા ચાલ્યા ગયા હતા. કુશ્તીમાં ભારતની એકમાત્ર મહિલા ઓલમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિકને ભારતીય કુશ્તી મહાસંઘના પૂર્વ અધ્યક્ષ બૃજભૂષણ શરણ સિંહ દ્વારા મહિલા પહેલવાનોના કથિત યૌન શોષણ વિરૂદ્ધ તેમની લડાઈ માટે આ યાદીમાં જગ્યા આપવામાં આવી છે.

# મ્યાનમારનાં મહાન ક્રાંતિકારી સાન સુકીની તબિયત લથડી, જેલથી હાઉસ એરેસ્ટમાં રખાયા

**બેંગ્કોક**

મ્યાનમારના લશ્કરી જુન્ટાએ જણાવ્યું હતું કે સત્તા ભ્રષ્ટ કરાયેલ નેતા ઔંગ સાન સુ કીની તંદુરસ્તી લથડતા તેઓને જેલમાંથી તેઓના નિવાસસ્થાને લઈ જવાયા છે પરંતુ તેઓને હાઉસ એરેસ્ટમાં રાખવા પડશે. અત્યંત ગરમીને લીધે તેઓની તબિયત બગડી હતી તેમ પણ જુંટાએ કહ્યું હતું. ૨૦૨૧માં મ્યાનમારમાં ચૂંટાયેલી સરકારને પદભ્રષ્ટ કરી લશ્કરે તે સમયની સરકારના અગ્રણીઓને જેલ ભેગા કર્યા હતા. સુ કી અને તેમના પતિ સહિત સમગ્ર કુટુંબને સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા હતા. તે પછી આ ચીન તરફી લશ્કરી જુંટા સામે દેશવ્યાપી રમખાણો શરૂ થયાં હતાં. પરંતુ ચીને જેમ તિયાન ચીન સ્કવેરમાં લોકશાહી તરફી દેખાવકારોને કચડી નાખ્યા હતા.

# ટોરોન્ટોમાં ટ્રિબ્યુનલમાં સુનાવણી વેળા પોલીસ અધિકારીએ ભૂલ સ્વીકારી લીધી

**ટોરોન્ટો**

ટોરોન્ટોના એક પોલીસ અધિકારીએ 2017ના વસંત અને ઉનાળા દરમિયાન શ્રેણીબદ્ધ ઘટનાઓના સંબંધમાં બદનક્ષીભર્યા વર્તનની માટે મંગળવારે દોષ કબૂલ્યો હતો. કોન્સ્ટ. રિચાર્ડ વ્હાઈટને સાત આરોપોનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ ટોરોન્ટો પોલીસ ટ્રિબ્યુનલની સુનાવણીની સુધારેલી નોટિસ અનુસાર છ આરોપો કે જેમાં ચોરીનો સમાવેશ થાય છે તેમાં તેને છોડી દેવામાં આવ્યો હતો. ટ્રિબ્યુનલની નોટિસ અને વિગતોના નિવેદન અનુસાર 2017માં ત્રણ મહિનાના સમયગાળા દરમિયાન વ્હાઈટ તેની મેમો બુકમાં યોગ્ય નોંધ રાખવામાં નિષ્ફળ ગયો હતો. અધિકારીએ પાછળથી ફેબ્રુઆરી 2018માં તે જ વ્યક્તિ માટેની પ્રાથમિક સુનાવણીમાં ખોટી રીતે જુબાની આપી હતી. તે પછીના વર્ષે વ્હાઈટ અને સાથી અધિકારી સામે વ્યાવસાયિક ધોરણોની તપાસ શરૂ કરવામાં આવી હતી, જેમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે બંને 2017ની ધરપકડ દરમિયાન જપ્ત કરાયેલા નાણાંના હિસ્સાનો હિસાબ આપવામાં નિષ્ફળ ગયા હતા. પરિણામે, વ્હાઈટ અને તેના સહ-આરોપીને 2019 માં પગાર સાથે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# પાકિસ્તાની સૈનાના કોર કમાન્ડર અયમાન બિલાલ સફદરે રાજીનામું આપી દીધું

**ઈસ્લામાબાદ**

નજીકના ભવિષ્યમાં આર્મી ચીફ બનવાના દાવેદારોમાં સામેલ લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલ સફદરે સેનામાંથી આપેલા રાજીનામાથી ખળભળાટ વ્યાપી ગયો છે. લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલે તાજેતરમાં ચૂંટણીમાં થયેલી ગરબડમાં પાકિસ્તાની સેનાનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. પાકિસ્તાની યૂટ્યૂબ ચેનલ્સે જણાવ્યુ છે કે, ‘પાંચ માર્ચ, 2024ના રોજ મળેલી પાકિસ્તાની સેનાના કોર કમાન્ડરોની બેઠકમાં તેમણે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. ‘ તેમની કોમેન્ટસથી વર્તમાન આર્મી ચીફ જનરલ અસીમ મુનીર નારાજ થયા હતા અને તેમણે લેફ્ટનન્ટ જનરલ અયમાન બિલાલને રાજીનામુ આપવુ પડે તેવા સંજોગોનુ નિર્માણ કર્યુ હતુ.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CANADA IMMIGRATION

- Canada PR
- Canada LMIA Job Offer
- Canada Work Visa
- Canada Business/ Investor Visa
- Canada Visitor visa
- Canada Spousal visa
- Family Sponsorship
- Super Visa

AUSTRALIA IMMIGRATION

- Australia Skilled Regional Visa
- Skilled Nominated Visa
- Skilled Independent Visa
- Temporary Skilled Work visa
- Employer Nomination Scheme
- Business Investor Visa

AUSTRALIA VISA FOR CANADIAN CITIZENS



AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

STUDY ABROAD SERVICES:

- Study in Canada/ Australia/ UK USA/ Newzealand
- Study in Singapore/ Malta/ Latvia Finland/ Malta/ Poland
- Europe Work Visa

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST

CONTACT US

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
Unit 94, 499 Main St. S ; Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911


EARLY BIRD DISCOUNT
GLOBALHOLIDAYS
GROUP TOURS I MICE I EVENT
www.globalholidays.tours
TOLL FREE : +1844-900-8099
ಹೋಗೋಣ...
ਚਲਾਂ ਚਲਦੇ ਹਾਂ...
Let's go...
चलो घूमने..
ચાલો ફરવા ...
14 Days $3399* Grand Europe 19 24 28 24 19
10 Days $2799* Amazing Europe 23 18 02 28 23
12 Days $2799* Best Of Portugal & Spain 07 02 12 07 02 13
12 Days $2699* Eastern Europe 07 02 27
09 Days $2799* Canadian Rockies 19 17 11 08
11 Days $3499* South Korea & Japan 21 11
09 Days $3599* Scenic Iceland 12 21 30 09
15 Days $4799* Grand South America 22 06 22 06
16 Days $4499* Grand Australia & New Zealand 22 07 22 07
12 Days $3399* Splendid Kenya & South Africa Any Date
Scan For Website
www.globalholidays.tours
12 Days $3499* Jordan & Egypt 01 02 11 08
08 Days $3399* Amazing Costa Rica Any Date
12 Days $2699* Spectacular China Any Date
ज़िन्दगी एक सफ़र है सुहाना !
*T&C Apply + Airfare
* Prices are in US dollars
For Price in CAD Pls Call +1-416-912-6534
Delicious Food
Summer & Winter Family Tours
Group Tours
WHY GLOBAL HOLIDAYS?
• Bonded: 100% money protected
• Handpicked executive hotel
• Luxurious transportation
• Finest Tour Managers
• 23 years plus professional experience
Accredited by IATAN
ATLANTA : 2470 Windy Hill rd, Ste 160 Marietta (Atlanta) GA 30067
NEW JERSEY : 66 Middlesex Ave, Suite #103 Iselin. NJ 08830
globalholidays.us globalholidaysusa info@globalholidays.us
BOOK NOW
+1 770 599 7099